# સુરત મહાનગરપાલિકા

## સલામતીના પગલાંની માર્ગદર્શિકા

### આપણે રાખીએ સલામતી.....



### કિલ્લોલ થાય આપણું કુટુંબ.....



**Have a Safe day........**

**everyday........**

# અનુક્રમણિકા


સુરક્ષા પાલન - એક જવાબદારી ૧

સુરક્ષા સંલગ્ન સુપરવાઈઝરી જવાબદારીઓ ૫

| ક્રમ | સેફટીનું નામ | પાના નંબર |
|---|---|---|
| ૧ | ઈલેકટ્રીકલ અને સ્ટ્રીટલાઈટ | ૮ |
| ૨ | મીકેનીકલ, વેલ્ડીંગ, ભારે માલસામાન ઊંચકવા ટ્રાન્સપોર્ટ અને અર્થ મુવીંગ ઈકવીપમેન્ટ | ૨૩ |
| ૩ | કલોરીનેશન | ૩૪ |
| ૪ | ડ્રેનેજ | ૩૯ |
| ૫ | તરણકુંડ અને બાગ બાગીચા | ૪૩ |
| ૬ | કન્સ્ટ્રકશન, ડીમોલીશન અને ખોદકામ | ૪૫ |
| ૭ | ઊંચાઈ ઉપર કાર્ય કરતી વખતે | ૬૦ |
| ૮ | રોડ | ૬૩ |
| ૯ | ફાયર, હોનારત-અકસ્માત અને ટેમ્પરરી સ્ટ્રકચર વિગેરે | ૬૫ |
| ૧૦ | હેલ્થ, સોલીડ વેસ્ટ, બાયો મેડીકલ વેસ્ટ અને રાત્રે સ્ક્રેપીંગ, બ્રશીંગ | ૭૫ |
| ૧૧ | વ્યકિતગત | ૮૧ |
| ૧૨ | પ્રાથમિક સારવાર | ૮૨ |

# સુરક્ષા પાલન – એક જવાબદારી

## સંક્ષિપ્ત પાંચ માર્ગદર્શિકા

- ☛ તમામ કર્મચારી, કોન્ટ્રાકટરે દરેક કાર્યમાં સલામતીના નિયમોનું અવશ્ય પાલન કરવું.
- ☛ જે કામગીરી સોંપવામાં આવેલ છે તે ચોકકસાઈ પૂર્વક કરો.
- ☛ ભયજનક કે બિન સલામત પરિસ્થિતી જણાય ત્યારે તાકીદે સુપરવાઈઝર, ઉપરી અધિકારીને જાણ કરો.
- ☛ નાનામાં નાની ઈજાની જાણ સુપરવાઈઝરને કરો કારણકે તેજ મોટા અકસ્માતમાં પરિણમે છે.
- ☛ કોઈપણ પ્રકારની ખામીવાળા સાધનોનો ઉપયોગ ન કરો.


YOUR SAFETY
MEANS
THE
SAFETY
OF
YOUR FAMILY


याद रखिये !
ये सब आपकी घर में
प्रतीक्षा कर रहे हैं ।...

# સુરક્ષા પાલન – એક જવાબદારી

૧) સલામતીના કામમાં દરેક કર્મચારીએ સક્રિય ભાગ લઈ સલામતીના નિયમોના પાલનને તેની ફરજના ભાગરૂપ ગણવું જોઈએ.

૨) દરેક કર્મચારીએ તેના સાથી કર્મચારીઓ પણ સલામતીના નિયમો કડકપણે અનુસરે તેવો આગ્રહ રાખવો જોઈએ.

૩) કોઈપણ કાર્ય શરૂ કરતાં પહેલાં જરૂરી પરવાનગી કે પ્રમાણપત્ર મેળવી લેવાયું છે તેની ખાતરી કરવી.

૪) ભયજનક કે બિનસલામત પરિસ્થિતી જણાય તો તુરંત જ તમારા સુપરવાઈઝરને તેની જાણ કરો.

૫) કાર્ય પુરું થાય કે તુરંત જ કાર્યક્ષેત્રને સાફ કરવાની આદત પાડો. સ્વચ્છ કાર્યસ્થળ અકસ્માતો માટે જવાબદાર જોખમો નિવારે છે.

૬) જયાં પગથિયાઓની સગવડ હોય ત્યાં ટૂંકા રસ્તાઓને બદલે તેમનો ઉપયોગ કરવો. માર્ગની જમણી બાજુએ ચાલો જેથી આવતાં વાહનો સરળતાથી જોઈ શકાય.

૭) દાદર અને પગથિયાઓ હંમેશા સ્વચ્છ રાખો.

૮) કામના સ્થળે હલન-ચલન સમયે પૂરતી કાળજી રાખો. લપસી ના પડાય, ગોથું ખાઈના જવાય કે પડી ન જવાય તેની ચીવટ રાખો. લાઈન કે ફિટીંગ્સ પર ઉભા રહી કામ કરવા પ્રયત્ન ના કરો. સામાન્ય સંચાલન સમયે બિનજરૂરી દોડા-દોડી ટાળો.

૯) કોઈપણ વસ્તુઓ તેના નિયત સ્થળેથી ખસેડો નહી.

૧૦) પાઈપલાઈન પર ચાલવાનું ટાળો.

૧૧) કોઈપણ મશીન કે સાધન જે તમને સોંપવામાં આવ્યું નથી તેને ચાલુ કરવાનો પ્રયત્ન ન કરો.

૧૨) વધુ સલામતી માટે હાલની સાવચેતીઓમાં સુધારા માટેનું કોઈપણ સૂચન કરતા ખંચકાવ નહિ.

૧૩) વસ્ત્રો પર પડેલી ધૂળ ઉડાડવા માટે કોમ્પ્રેસ્ડ એરનો ઉપયોગ ન કરો.

૧૪) વેલ્ડીંગ કરતી વખતે આંખ આંજી નાંખે તેવા પ્રકાશ સામે યોગ્ય નેત્રરક્ષા સાધનો વિના ન જુઓ.

૧૫) ઉપરથી પડતી સામગ્રી ઘણી ઈજાઓનું કારણ બને છે. જેથી સામગ્રી ખસેડતી વખતે પૂરતી કાળજી રાખો.

૧૬) બિનજરૂરી સામગ્રીને હંમેશા બાજુ પર રાખો.

૧૭) કામ કરતી વેળા ઠઠ્ઠા-મશ્કરી ન કરો. તમારી કાર્યકુશળતા અને સલામતીને લગતાં વિચારોનું પાલન કરો.

૧૮) કોઈપણ પ્રકારની ખામીવાળાં સાધનોનો ઉપયોગ ન કરો.

૧૯) અગ્નિશમન સલામતીના સાધનો કટોકટી સમયે તુરંત ઉપયોગમાં લઈ શકાય તે રીતે અવરોધો થી મુકત રાખો.

૨૦) નાનામાં નાની ઈજાની તમારા સુપરવાઈઝરને તુરંત જ જાણ કરો તથા યોગ્ય સારવાર લો. નાનો અકસ્માત પણ કાયમી ખોડનું કારણ બની શકે છે.

૨૧) તમારા કપડાં તેલથી ભીના થઈ જાય તો તુરંત તે બદલી નાંખો તથા શરીરના જે ભાગમાં તેલ લાગ્યું હોય તે ભાગ પણ પાણી વડે ધોઈ નાંખો.

૨૨) એસીડ કે કોસ્ટીક સોડા પડયો હોય તો તેને ખૂબ પાણીથી ધુઓ તથા વધુ સારવાર / સલાહ માટે તાત્કાલિક હોસ્પિટલનો સંપર્ક સાંધો.

૨૩) કપડાં કે અન્ય જવલનશીલ પદાર્થો, સ્ટીમ લાઈન્સ કે અન્ય ઉષ્ણ સાધનો પર ન સૂકવો.

૨૪) કોઈપણ પ્રકારના ગેસ લીકેજ (ગળતર)ની સુપરવાઈઝર અને અગ્નિશમન કેન્દ્રને જાણ કરો તેમજ સ્વયંચાલિત સાધનોને અસરગ્રસ્ત વિસ્તારોથી દૂર રાખો.

૨૫) નમૂનો લેતી વખતે, લાઈન જોતાં સમયે કે ઉપકરણ લગાવતાં સમયે હવાની દિશાથી વિરુદ્ધ દિશામાં ઉભા રહેવું.

૨૬) સારસંભાળ કે અન્ય કોઈપણ કામગીરી, સંચાલનકર્તા વિભાગની પૂર્વ મંજુરી મેળવ્યા સિવાય શરૂ કરવી નહીં.

૨૭) જયારે કોઈ કર્મચારી વેસલ પર કામ કરતો હોય ત્યારે અન્ય કર્મચારીએ તેની દેખરેખ માટે ઉભા રહેવું. બંધિયાર જગ્યામાં કામ કરતા કર્મચારીઓએ લાઈફ લાઈન સહિત સેફટીબેલ્ટ્સનો ઉપયોગ કરવો જોઈએ. લાઈનનો બીજો છેડો વેસલની બહાર ઉભેલા કર્મચારીએ તેના હાથમાં રાખવો. જરૂર જણાય તો શ્વાસ લેવાના સાધનોનો ઉપયોગ કરવો.

૨૮) બહાર ઉપસેલા ખીલા કાઢી નાંખવા કે વાળી દેવા.

૨૯) કોઈપણ યાંત્રિક કે રોલર કન્વેયર પર ન ચાલો.

૩૦) એમરી વ્હીલ પર કાર્ય કરતી વખતે, કોઈ વસ્તુને તોડતાં સમયે અથવા આંખને નુકશાન થવાની શકયતાવાળા સ્થળે કામ કરતાં સમયે ચશ્મા કે શીલ્ડ ઉપયોગ કરો.

૩૧) રેલ્વેના પાટા પર કદી ચાલશો નહી.

૩૨) ગતિશીલ યંત્રો પર કે તેની આજુબાજુ કામ કરતાં સમયે ધોતિયું, લુંગી જેવા ઢીલાં વસ્ત્રો ન પહેરો.

૩૩) સેમ્પલ લેવા માટેની શીશીઓનો અન્ય કામ માટે ઉપયોગ ન કરો.

૩૪) પગથી તૂટેલી હોય તેવી કે અન્ય કોઈ પ્રકારની ખામીવાળી સીડીનો ઉપયોગ ન કરો.

૩૫) ખસેડી શકાય તેવી સીડીનો ઉપયોગ કરતાં સમયે તે પાછળ નમી ન જાય અથવા ખસી ન જાય તે રીતે ટેકવો.

૩૬) સીડી પર ચડતાં કે ઉતરતાં સમયે બન્ને હાથ વડે તેને મજબૂત રીતે પકડી રાખવી.

૩૭) સીડી મૂકતાં સમયે તેને ટોચ સાથે મજબૂત રીતે ટેકવી દેવી અથવા તો તેના નીચેના ભાગને મજબૂત રીતે સપોર્ટ આપવો.

૩૮) સીડી ઉતરવાના સ્થળથી ૪-૬ ફૂટ ઉપર સુધી રાખો.

૩૯) સીડી કાળજીપૂર્વક ઉતારો તેમજ તેને જમીન પર કે અન્ય પદાર્થો/માળખા પર ફેંકો નહિ.

૪૦) સીડી કે અન્ય માળખાં પર ચઢતાં સમયે ઓજારો તથા અન્ય સામગ્રી એવી રીતે સાથે રાખો કે જેથી હાથનો વિના અવરોધ ઉપયોગ કરી શકાય.

૪૧) બનાવટી છત તમારા વજનથી ગમે ત્યારે તૂટી શકે છે જેથી તેના પર કદી ન ચડો. એસ્બેટોસથી છવાયેલી છત પર કામ કરતાં સમયે, તમારા વજનને ઝીલવા માટે ક્રાઉલીંગ બોર્ડસ કે લેડર્સ વાપરો.

૪૨) પગ ઉતરી ન જાય તે રીતે વજન ઊંચકતા શીખો. ઘુંટણ વાળો, શરીરને સીધુ રાખો તથા પગને સામાનની પાસે રાખો, પગ અને હાથનો ઉપયોગ કરો.

૪૩) વીજળીથી ચાલતાં પંમ્પ, કોમ્પ્રેસર વગેરેનું સમારકામ કરતાં પહેલાં

વીજળીનો પુરવઠો બંધ કરી દો.

૪૪) કોઈપણ ગેસ મુકત વેસલ કે ટાંકીની અંદર સમારકામ સમયે ઓછા વોલ્ટેજવાળા ટ્રાન્સફોર્મરનો ઉપયોગ કરો. તેના વોલ્ટેજ ૨૪ વોલ્ટથી વધુ ન હોવો જોઈએ.

૪૫) વીજળી વિભાગના કર્મચારીઓએ જ વીજળી ગોળા બદલવા.

૪૬) ક્ષયકારક રસાયણ ભર્યું હોય તેવી ટાંકી કે ડ્રમ ઉપર તેમાં શું છે તેની જાણકારી આપતી નિશાની અને લખાણ લખવું.

૪૭) ચેઈનને ટુંકી કરવા માટે બોલ્ટ કે ખીલા ન વાપરો. તે ગમે ત્યારે તૂટી કે છુટી જવાને કારણે અકસ્માત થઈ શકે છે.

૪૮) ઉપકરણ સાથે ચેડાં કે તેના સમારકામનો પ્રયાસ ન કરો. ફકત ઉપકરણ વિભાગના કર્મચારી જ તેનું સમારકામ કરશે.

૪૯) ઓજારો કે સામગ્રી, કામ કરતી વ્યકિતઓ પર ન પડે તેવા સ્થળે રાખો.

૫૦) બધા જ વાહનો, એરકોમ્પ્રેસર, ક્રેન, બુલડોઝર વગેરેમાં પેટ્રોલ કે અન્ય બળતણ ભરતાં સમયે તેમના એન્જીન બંધ રાખો.

૫૧) એસીટિલીન, ઓકિસજન અને એલપીજી સીલીન્ડર્સ કે જનરેટર્સ સાથે સંકળાયેલી કોઈપણ એસીટિલીન ટોર્ચ વેસલની અંદર ન છોડવી. કોઈપણ સંજોગામાં સળગાવવા માટે ટોર્ચ હંમેશા વેસલની બહાર લઈ જવી.

૫૨) પોલીયેસ્ટર (ટેરિન/ટેરીલીન) અથવા નાઈલોન કે અન્ય કોઈ કૃત્રિમ રેષાના વસ્ત્રો ફરજના સમયે ન પહેરો. આવાં કપડાં ખૂબ જ ઝડપથી સળગી ઉઠવાનો ભય છે, તેથી આવાં વસ્ત્રો ન પહેરવા તે દરેક કામદારના હિતમાં છે.

૫૩) કારખાનામાં બુટ પહેરો, પ્લાન્ટમાં ચપ્પલ કે સ્લીપર ન પહેરો.

૫૪) વર્ક પરમીટ અને કલીયરન્સ પ્રમાણપત્ર હોવાં છતાં કામ કરતાં સમયે જોખમી પરિસ્થિતિ જણાય તો તુરંત જ સુપરવાઈઝરને જાણ કરો.


૫૫) કારખાનામાં કામ કરતો દરેક કર્મચારી સેફ્ટી હેલ્મેટ પહેરે તે ઈચ્છનીય છે. તેમ છતાં શટડાઉન સમયે હાર્ડ હીટ એરિયામાં તો હેલ્મેટ અવશ્ય પહેરવી જ જોઈએ.


૫૬) જે જગ્યાએ ખુલ્લા બોરીંગ, ટાંકી, રીચાર્જીંગ બોર વિગેરેના ઢાંકણો ખુલ્લા હોય તે બંધ કરવા.

# સુરક્ષા સંલગ્ન સુપરવાઈઝરી જવાબદારીઓ

## સંક્ષિપ્ત પાંચ માર્ગદર્શિકા

- ☛ સલામતીને અમલીકરણ કરાવવા માટે સુપરવાઈઝર ચાવીરૂપ સ્થાન ધરાવતા હોય, તે પ્રભાવશાળી અને સુમાહિતગાર હોવાં જોઈએ.
- ☛ પ્રતિબધ્ધ સુપરવાઈઝર હંમેશા કર્મચારીઓને નુકશાન અને ઈજાથી બચાવતા રહીને પોતાના કર્તવ્ય પ્રત્યે જાગૃત રહે છે.
- ☛ સલામતીને લગતા તમામ સાધનો, ઉપકરણો વિગેરે હંમેશા ચાલુ રાખવા જોઈએ તથા સમયાંતરે ચકાસવા જોઈએ.
- ☛ કાર્યમાં સામેલ તમામ કર્મચારી, કામદાર ને દરરોજ સલામતી અંગે તાલીમ આપવી જોઈએ.
- ☛ સુરક્ષિતતા માટેના જરૂરો સુચનો મેનેજમેન્ટ સમક્ષ રજુ કરવાની પહેલ કરે.


SAFETY...
WHOSE RESPONSIBILITY?
COLLECTIVE RESPONSIBILITY!


FOLLOW
SAFETY
RULES

# સુરક્ષા સંલગ્ન સુપરવાઈઝરી જવાબદારીઓ

## સુરક્ષાને લગતી સુપરવાઈઝરોની જવાબદારીઓ :

સુપરવાઈઝર, સંસ્થાકીય માળખામાં મેનેજમેન્ટની સુરક્ષા માર્ગદર્શિકા અમલીકરણ તેમજ કામદારોને થઈ શકે તેવી ઈજાઓની નિવારક (અટકાવતી) તકેદારીઓની બાબતમાં ચાવીરૂપ સ્થાન ધરાવે છે. જો કે તેની કાર્ય જવાબદારીનો આ ભાગ મેનેજમેન્ટ તેને કેટલું મહત્વ આપે છે તેના પર નિર્ભર છે, તેમ છતાં એક પ્રતિબધ્ધ સુપરવાઈઝર, હંમેશા કર્મચારીઓને નુકશાન અને ઈજાથી બચાવતા રહીને પોતાના દિશાનિર્દેશો હેઠળ રાખવાના કર્તવ્ય પ્રત્યે જાગૃત રહે છે.

સલામત પરિસ્થિતિને જાળવી રાખવામાં અને સુરક્ષિત કાર્ય પદ્ધતિઓને પ્રોત્સાહન આપવામાં સુપરવાઈઝર સૌથી વધુ પ્રભાવશાળી બની રહે તે માટે, સેફટી કાર્યક્રમની ઘણી બધી વિગતોથી તે સુમાહિતગાર હોય તે જરૂરી છે.

## સુપરવાઈઝરે જાણવા યોગ્ય બાબતો :

૧. સંસ્થાની સુરક્ષા માર્ગદર્શિકા કેવી છે, અને તેમાં તેને કેવા પ્રકારની જવાબદારીઓ સોંપવામાં આવી છે અને કયા સત્તાધિકારો આપવામાં આવ્યા છે.

૨. તેની સર્વાંગી જવાબદારીઓ કઈ છે અને તેમની સાથે સુરક્ષાનું સંકલન તે કેવી રીતે સાધવા માંગે છે, કયા ક્ષેત્રો, કામગીરીઓ, યંત્રો અને શ્રમિકોનું તેણે નિર્દેશન કરવાનું છે, સારસંભાળ અને દુરસ્તી, કાર્ય પરિસ્થિતિ, ચોકીદારો અને સુરક્ષાત્મક ઉપકરણોની જોગવાઈઓની બાબતમાં શું કરવાનુ ંછે.....!

## કામની સુરક્ષિતતા માટે સારો સુપરવાઈઝર જેની કાળજી રાખે છે તેવાં બાર પગલાં :–

૧. ઉપકરણો, સાધનો અને પ્રક્રિયાઓની સુરક્ષિતતા માટેના સૂચનો મેનેજમેન્ટ સમક્ષ રજુ કરવાની પહેલ કરે છે.

૨. ઈકવીપમેંટ (ઉપકરણ) ની કાળજી લેવાની અને તેને સલામત રાખવાની બાબતમાં તે પ્રોફેશનલ (વ્યવસાયિક) છે. તેમજ યંત્ર સુરક્ષાઓ (મશીન ગાર્ડસ) નું મહત્વ તે સમજે છે અને ઉચિત સુરક્ષા વ્યવસ્થાઓની જોગવાઈ થાય અને તેનો ઉપયોગ થાય તે સુનિશ્ચિત કરે છે.

૩. તેનું ઈકવીપમેંટ સુરક્ષિત રીતે કેમ વાપરવું તેની જાણકારી ધરાવવાનું ગૌરવ રાખે છે.

૪. રોજીંદી ન હોય તેવી કામગીરીઓ બાબતમાં સુરક્ષાની તકેદારીઓ નક્કી થાય અને તેનું પાલન કરવામાં આવે તે માટે પોતાના હસ્તક લે છે.

૫. સમુચિત જરૂરી સંગ્રહનો તેમજ સુવ્યવસ્થા (ગુડ હાઉસ કીપીંગ)નો પ્રબંધ કરે છે. કઈ સાધન સામગ્રી જોખમી છે અને તેની સાથે કેવી રીતે કામ લેવું તેની જાણકારી ધરાવે છે. સારી વ્યવસ્થા તેમજ આગ સામે પ્રતિરોધક માટે કચરાના નિકાલના બાબતમાં નિપુણતા કેળવે છે.

૬. કર્મચારી અન્ય કયા કામમાં સલામત કામદાર પુરવાર થશે તેનું ચોકસાઈ પૂર્વક નિરીક્ષણ કરતો રહે છે. તેના તાબાના કર્મચારી/કામદાર સાથે સુરક્ષાની ચર્ચા કરે છે અને તેની મહત્તા અંગે સભાનતા પ્રેરે છે. તેમજ પ્રત્યેક માણસ સાથે તરફદારી વગર કામ કરે છે અને તેમને સાથે કામ કરવામાં સહાયક બને છે કામદાર સંઘોના પદાધિકારીઓ અને સુરક્ષા સમિતિ સાથે સારા સંબંધો કેળવે છે. સુરક્ષાની બાબતમાં ઉદાહરણરૂપ બની રહે છે, દાખલો બેસાડે છે.

૭. ટીકા કે વખાણ કરતાં સમયે નિર્ણયશકિત-વિવેકબુધ્ધિ વાપરે છે અને જાહેરમાં વખાણનું મૂલ્ય સમજે છે.

૮. ફકત કેવી રીતે કામ કરવું તે જ સમજાવતા નથી પણ તેનું નિદર્શન કરી બતાવે છે અને આ કામ સુરક્ષિત રીતે થતું રહે તેની ખાત્રી માટે ધ્યાન રાખે છે.

૯. સાવ મામુલી જણાતા અકસ્માતોનો પણ અભ્યાસ કરે છે અને સુધારણા તકેદારીના પગલાં લે છે. સુરક્ષા માર્ગદર્શિકાની બાબતમાં સહુને

માહિતગાર રાખે છે. પ્રત્યેક કામ માટે કયા અંગત સુરક્ષા ઉપકરણો જરૂરી છે તે જાણે છે અને આવા ઉપકરણોનો ઉપયોગ થાય તેવી કાળજી લે છે.

૧૦. દરેક કાર્ય જુદા જુદા જોખમોથી ભરેલ હોય છે. માટે કાર્ય અને કાર્ય સ્થળ પ્રમાણે પદ્ધતિ વિકસાવવી ખૂબ જ જરૂરી છે. કાર્યના દરેક પગથિયાં, નું પૃથ્થકરણ કરી, તેમાં રહેલ જોખમો ઓળખી તેને દૂર કરવા અથવા કંટ્રોલ કરવાનું આયોજન કરે છે.

૧૧. કાર્યમાં સામેલ દરેક કર્મચારી અને કામદારને તાલીમ આપો. રોજ કાર્ય શરૂ કરતાં પહેલા તાલીમ આપવી જરૂરી છે. રોજ પાંચથી પંદર મિનીટની તાલીમથી વર્તણૂંક અને સલામતી અંગે જાગૃતા કેળવાશે. જોખમો અગાઉથી વાતચીતના આધારે જાણી શકાશે.

૧૨. સેફ્ટી સાધનો માટે જેતે ઉત્પાદક ધ્વારા Standard Operating Procedure (SOP) આપેલી હોય જ છે અને તે મુજબ જ કામગીરી કરવી. આમ ન કરવાથી અકસ્માતનો ભય રહે છે. તેમજ સેફ્ટીના તમામ સાધનો કાયમ કાર્યરત રહે એ મુજબ જ રાખવા. સેફ્ટીને લગતા તમામ સાધનો ખ્યાતનામ કંપનીના જ ખરીદવાનો આગ્રહ રાખવો.

# (૧) ઈલેકટ્રીકલ અને સ્ટ્રીટ લાઈટ સેફ્ટી

(I) **ઈલેકટ્રીકલ કામગીરી દરમ્યાન લેવા જોગ સાવચેતીના પગલાં :**

(૧) વિજળી પૂરવઠો પૂરો પાડતી મેઈન સ્વીચ/મેઈન ફીડર/આઈસોલેટર, બેટરી ઓફ કરવી અને તેની ચકાસણી કરવી. (જુઓ આકૃતિ નં.-૧)

(અ) જો ૨૩૦/૪૪૦ વોલ્ટ ઈલેકટ્રીક સપ્લાય હોય તો સીંગલ કે ડબલ સીરીઝ ટેસ્ટ લેમ્પ/ટેસ્ટીંગ ઈકવીપમેન્ટથી વીજ પૂરવઠાની ચકાસણી કરવી.

(બ) જો હાઈ-ટેન્શન ઈલે.સપ્લાય હોય તો ફીડર બંધ કરી ટ્રાન્સફોર્મરના અવાજના હર્મીંગની ચકાસણી કરી લૉ-વૉલ્ટેજ છેડે યોગ્ય ટેસ્ટ લેમ્પથી ચકાસણી કરવી તેમજ બ્રેકરની ઑફ પોઝીશન પણ ચેક કરવી.

(ક) જો પેરેલલ સપ્લાય હોય તો બસ-કપ્લર પણ ઑફ કરી વીજ પૂરવઠો બંધ છે તેની ચકાસણી કરવી.

(૨) જો હાઈ-ટેન્શન સાઈડની કામગીરી કરવાની હોય તો ઉપર મુજબ વીજ પુરવઠો બંધ કરી હાઈ-ટેન્શન બસબાર ‘‘અર્થ’’ કરવા અને કામગીરી દરમ્યાન અર્થ સાથે જોડેલા રહેવા દેવા. કામગીરી પૂરી થયે વીજ પૂરવઠો ચાલુ કરતાં પહેલાં આ અર્થ-કનેકશન આવશ્યક પણે દૂર કરવું.

(૩) આવી કામગીરી દરમ્યાન ઈન્સ્યુલેટેડ રબર મેટીંગ/શૉક-પ્રૂફ બૂટ/હેન્ડ ગ્લવ્ઝડનો ઉપયોગ કરવો. (જુઓ આકૃતિ નં.-૨) વીજળીના તમામ સાધનો યોગ્ય રીતે અર્થ-કનેકશનથી જોડાયેલા છે કે કેમ તેની ચકાસણી કરવી. વાયરીંગ માટે પણ હંમેશા થ્રી-પીન પ્લગનો જ ઉપયોગ કરવો અને અર્થીંગ બરાબર હોવાની ચકાસણી કરી લેવી.


(૪) ઈલે. સબસ્ટેશનમાં આગ કે ધડાકા જેવા પ્રસંગે ત્યાં રાખવામાં આવતા અગ્નિશામક સાધનો તેમજ રેતી ભરેલી ડોલ (બકેટ) નો ઉપયોગ કરવો. આ સાધનોનો ઉપયોગ કરવાની જાણકારી કામ કરનાર તમામ કર્મચારીને હોવી જરૂરી છે. (જુઓ આકૃતિ નં. - ૩)


(૫) અગ્નિશામક સાધનોની ચકાસણી તેના નિર્ધારીત સમયે કરાવવી અને આ સાધનો આકસ્મિક સંજોગોમાં ઉપયોગમાં લઈ શકાય તેવી સ્થિતિમાં રાખવા.

# ઈલેકટ્રીકલ સેફટી


## સંક્ષિપ્ત પાંચ માર્ગદર્શિકા

- ☛ કોઈપણ કામ અધિકૃત વ્યકિત પાસે જ કરાવો.
- ☛ ઈન્સ્યુલેટેડ રબર મેટીંગ, શોકપ્રુફ બુટ, હેન્ડ ગ્લોવ્ઝ તથા ઈન્સ્યુલેટેડ સાધનોનો અવશ્ય ઉપયોગ કરો.
- ☛ સ્વીચ, ફીડર, આઈસોલેટર બંધ કરી તે પર યોગ્ય ચીન્હો / ચેતવણીના બોર્ડ અવશ્ય લગાવવા.
- ☛ ઉપકરણોનાં અર્થીંગ કનેકશન અવશ્ય ચેક કરવા.
- ☛ ઈલેકટ્રીક સાધનોનું ઓપરેશન મરામત - નિભાવ કરતી વખતે હાથ કે ગળામાં વિજવાહક વસ્તુઓ પહેરવી નહીં.



AVOID
LOOSE ELECTRICAL
CONNECTIONS
PREVENT
FIRE!


NEVER
OPERATE
ANY EQUIPMENT...
...UNLESS
AUTHORISED!

વિજળી પુરવઠો પૂરો પાડતી મેઈન સ્વીચ / મેઈન ફીડર / આઈસોલેટર ઓફ કરવા - તેની ચકાસણી કરવી.



આકૃતિ નં. - ૧



કામગીરી દરમ્યાન ઈન્સ્યુલેટેડ રબર મેટીંગ / શોક પ્રુફ બૂટ / હેન્ડ ગ્લોવ્ઝ જેવા સાધનોનો ઉપયોગ કરવો.

આકૃતિ નં. - ૨

(૬) ઈલે. સાધનોના અર્થીંગની ચકાસણી નિયમિત રીતે થવી જોઈએ અને નિયમ અનુસાર અર્થ રેઝીસ્ટન્સ રહે તેને ચકાસવું..

(૭) ઈલે. સપ્લાય માટે રાખવામાં આવેલા ફયુઝ તેના વીજભાર (લોડ)ની કેપેસીટીના જ બાંધવા. જરૂરિયાત કરતાં વધુ ક્ષમતાનાં ફયુઝનો ઉપયોગ કરવો નહિ. યોગ્ય ક્ષમતાનો ફયુઝ જો ઊડી (બર્ન્ટ આઉટ) જતાં હોય તો તેના સાધનો, વાયર, કેબલ, સ્ટાર્ટર્સ વગેરે ચેક કરી ફોલ્ટ દૂરસ્ત કરવો પરંતુ વધુ ક્ષમતાના ફયુઝ બાંધવા નહિ. જયાં એચ.આર.સી. ફયુઝનો ઉપયોગ થતો હોય ત્યાં એચ.આર.સી. ફયુઝ જ વાપરવા, તેને બદલે ફયુઝ વાયર કે અન્ય કન્ડકટર વાયર બાંધવા નહિ. ઊડી ગયેલો એચ.આર.સી. ફયુઝનો તાર બાંધી કે એવી કોઈ રીતે ઉપયોગ ન કરતાં તેનો નાશ કરવો. ફયુઝ કાઢવા માટે ફયુઝ પુલરનો જ ઉપયોગ કરવો.


(૮) ભૂગર્ભ કેબલ નાંખતી વખતે માટી પૂરાણ કરતાં પહેલાં કેબલને આર.સી.સી. હાફ રાઉન્ડ પાઈપ કે સારી કક્ષાની ઈંટોથી ઢાંકવા કે ફરીથી ખોદકામ કરતી વખતે કેબલને નુકસાન / અકસ્માત ન થાય. એકથી વધુ કેબલ હોય તો બે કેબલો વચ્ચે જરૂરી જગ્યા રાખવી. તેમજ રેતી પુરાણ કરી ઉપર મુજબ કેબલનું કવરીંગ કરવું. કેબલ માર્કરથી કેબલના રૂટની નિશાની/માહિતી રાખવી. સામાન્ય રીતે ભૂગર્ભ કેબલ ૭૫૦ એમ.એમ. થી ૯૫૦ એમ.એમ.ની ઊંડાઈએ નાંખવો તથા કેબલ લેઈંગ ઈન્ડીયન ઈલે. રૂલ્સ મુજબ કરવું. (જુઓ આકૃતિ નં. - ૪)

(૯) ઈલે. ઈન્સ્ટૉલેશનમાં વપરાશનાં સાધનો જેવા કે સ્ટાર્ટર, ફયુઝ/સ્વીચો, વાયર/ કેબલ, પી.વીસી, પાઈપો વગેરે ઉચ્ચ ગુણવત્તા ધરાવતા હોવાં જોઈએ અને તેવા જ સાધનોના ઉપયોગનો આગ્રહ રાખવો.

(૧૦) સ્વીચ બોર્ડના પ્લગનો તેમજ મેઈન સ્વીચમાંથી વીજ પૂરવઠો મેળવવા માટે છૂટા વાયર/કેબલ ન નાંખતા થ્રી-પીન ટોપ/શૉકેટનો ઉપયોગ કરી જરૂરી અર્થીંગ કરવું.

(૧૧) કામચલાઉ વીજ પૂરવઠા માટે ટવ્ીન ફલેકસીબલ વાયરનો ઉપયોગ ન કરતાં યોગ્ય સાઈઝના થ્રી કોર ફલેકસીબલ કેબલનો ઉપયોગ કરવો અને અર્થીંગ કનેકશન અવશ્ય કરવું. આ પ્રકારના કામ માટે શકય હોય તો સળંગ કેબલ/વાયરનો ઉપયોગ કરવો, ન છૂટકે જોઈન્ટ કરવો પડે તો કનેકટર/કેબલ જોઈન્ટ કીટનો ઉપયોગ કરવો અને ઈન્સ્યુલેટેડ ટેપથી જોઈન્ટ સુરક્ષિત કરવો.







કામના તમામ સ્થળો ખાતે
ફર્સ્ટ-એઈડ બોક્ષ રાખવા.

ઈલેકટ્રીક સબસ્ટેશનોમાં આગ(ફાયર) કે
ઘડાકા જેવા પ્રસંગે ત્યાં રાખવામાં આવતા
અગ્નીશામક સાધનો તેમજ સુકી રેતી
ભરેલી ડોલોનો ઉપયોગ કરવો.

આકૃતિ નં. - ૩


ભૂગર્ભ કેબલ નાંખતી વખતે માટીપૂરાણ કરતા પહેલાં કેબલ પર
રેતીનું કુશનીંગ કરી તેના પર આર.સી.સી. હાફ રાઉન્ડ -
કે સારી કક્ષાની ઈંટોથી ઢાંકવા કે જેથી, ફરીથી ખોદકામ
કરતી વખતે કેબલને નુકશાન કે અકસ્માત ન થાય.




આકૃતિ નં. - ૪

(૧૨) વીજ પૂરવઠાના મરામત/નિભાવની કામગીરી કરતી વખતે નીચે મુજબની કાળજી રાખવી.

- એલ.ટી.પેનલ બોર્ડના બસબાર પર મરામત/નિભાવની કામગીરી કરવાની હોય તેવા સમયે બસબારનો વીજ પૂરવઠો બંધ કરી તેની ચકાસણી કરી, ડિસ્ચાર્જ કરવા માટે નક્કર ધાતુઓ સળિયો/સ્ક્રુ ડ્રાઈવર વગેરેનો ઉપયોગ ન કરતાં યોગ્ય ટેસ્ટ લેમ્પથી ડિસ્ચાર્જની કામગીરી કરવી.
- મરામત/નિભાવના કામો માટે વપરાતા સાધનો જેવા કે સીડી(લેડર)-દોરડું-ટેસ્ટર, ઈન્સ્યુલેટેડ પકડ જેવા સાધનોની નિયમિત રીતે ચકાસણી કરતાં રહેવું. વધુમાં જુદા જુદા ઈલે. સાધનો સાથે તેના ઉત્પાદકો/કંપનીઓ તરફથી આપવામાં આવતી સુરક્ષા અંગેની સૂચનાઓનો અવશ્ય અમલ કરવો.
- વીજ સ્થાપનમાં બીન જરૂરી કે નકામા સાધનો, વાયરીંગ વગેરે દૂર કરવા અને કામચલાઉ વાયરીંગનો કાયમી રીતે ઉપયોગ કરવો નહીં.
- મેઈનસ્વીચ / ફીડર / સ્ટાર્ટર / જંકશનબોક્ષ / ફીડર પીલર, પી.સી.સી., એમ.સી.સી. વગેરેમાં કેબલ/વાયર એન્ટ્રી માટેના વધારાના હોલને બંધ કરી દેવા.
- વીજ દુરસ્તીનું કે વીજળી અંગેની કોઈપણ કામગીરી વખતે બીનજરૂરી ઉતાવળ કરવી નહીં. તમામ સાવચેતીના પગલાં ધ્યાને લીધા બાદ જ આ પ્રકારની કામગીરી હાથ ધરવી.
- વીજળી બાબતનું કોઈપણ પ્રકારનું કામ અધિકૃત વ્યકિત પાસે જ કરાવવું.
- ઈલે. સાધનોનું ઓપરેશન, મરામત નિભાવ કરતી વખતે ઈલેકટ્રીશીયનએ હાથ કે ગળામાં વિજ વાહક વસ્તુઓ પહેરવી નહી.
- મેઈન્ટેનન્સ કર્યા બાદ મેગરથી ઈન્સ્યુલેશન લેવલ અવશ્ય ચેક કરી, ડીસ્ચાર્જ કરી વિજપૂરવઠો ચાલુ કરવો.




તમને જયાં સમજ ના પડે, ત્યાં છેડ છાડ નહીં કરવી.




વિજળીને લગતુ કામ નિષ્ણાંત પર છોડો....

**વીજળીના તારો તપાસો, આગથી બચો :–** મોટે ભાગે, વીજળીથી લાગતી આગનું કારણ ખરાબ વાયરીંગ હોય છે. આ પ્રકારના અકસ્માત ખાસ કરીને જે ઈમારતનાં વાયરીંગ ઘણાં જુનાં થઈ ગયા હોય અને ઈસ્યુલેશન બરડ થઈ ચોંટી - તૂટી ગયું હોય તેવી ઈમારતોમાં થતાં હોય છે. ઘણીવાર જુનાં પુરાણા વાયરોમાં શોર્ટસર્કીટ (તારો એકબીજા સાથે અડી જવા) તથા તણખાંથી આગ લાગી જાય છે. વીજળીથી લાગતા ઝટકાઓની સંભાવના, તૂટેલા પ્લગ, સ્વીચ અને ઘસાઈ ગયેલા તારોને લીધે વધી જાય છે. વીજળીનું બીલ પણ વધારે આવે છે. આવી તમામ ત્રુટીગ્રસ્ત વસ્તુઓ જેમ બને તેમ જલ્દી, જાણકાર જેનાથી અનુભવી કારીગર પાસે બદલાવી દેવી જોઈએ.

તૂટેલા વાયરોને જોડી ફરી કયારેય ન લગાડો. વાયર ભીની અથવા ગરમ જગ્યા પર ન રહેવા જોઈએ. વાયરો ચટાઈ, સાદડી કે પાયા નીચે દબાયેલા ન રાખો, જે કપાઈ શકે છે અને તેના પર રહેલ ઈન્સ્યુલેશન નીકળી શકે છે જેનાથી અકસ્માત થઈ શકે છે.

**ત્રણ પીન પ્લગવાળા ઉપકરણોનો ઉપયોગ કરો અને તે ત્રણ પીનવાળા સોકેટમાંજ લગાવો :–** દર અસલ ત્રીજી પીન "અર્થ-પીન" છે. તમારા વીજળીના ઉપકરણોમાં ૩ પીનવાળા પ્લગ લાગેલ હોય તો પણ જરૂરી નથી કે અર્થિંગ પર્યાપ્ત હોઈ શકે. ઉપકરણનો ઉપયોગ કરતી વખતે સામાન્ય ઝટકો પણ લાગે તો તુરંત અર્થિંગની તપાસ કરાવો.

**સોકેટ, પ્લગ કે બીજા જોડાણોની પીનો ઢીલી નથી થઈ ગઈ તેની તપાસ કરી લો :–** ખરાબ અને ઢીલાં જોડાણોથી, વીજળી વધુ ખર્ચાય છે. આનાથી વધુ પડતી ગરમી ઉત્પન્ન થાય છે, જે ખતરનાક છે. એટલા માટે હંમેશા આઈ.એસ.આઈ. માર્કો ધરાવતા ઉમદા પ્લગ અને સોકેટનો જ ઉપયોગ કરો, જે સુરક્ષિત ઉપરાંત કીફાયતી પણ છે.

**ઉપકરણના ઉપયોગ પછી સ્વીચ બંધ કરો અને સોકેટથી પ્લગ કાઢી લો :–** વીજળીના ઉપકરણોમાં વધારે સમય વીજ પ્રવાહ ચાલુ રહેવાથી તેના બળવાનો / સળગવાનો ખતરો રહેલ છે. એટલે કે વધુ પડતી ગરમી ઉત્પન્ન થવાથી આગ લાગવાના જોખમ વધી શકે છે.

**ગરમી ઉત્પન્ન કરતા ઉપકરણો જેવા કે વીજળીથી ચાલતા ચૂલ્હા, હીટર, ઈસ્ત્રી અને ગીઝર :–** આવા ઉપકરણોમાં વીજળીનો વપરાશ વધુ થાય છે. જેનાથી ઈન્સુલેશન ખરાબ થવાની અને તેને ક્ષતિ થવાની શકયતા વધી જાય

છે. જેનાં ''હીટીંગ એલીમેન્ટ'' સંપૂર્ણ રીતે સુરક્ષીત હોય તેવા હીટરનો જ ઉપયોગ કરો. ચૂલ્હા અને હીટરથી જલ્દી સળગી જાય તેવી વસ્તુઓ, કપડાં વગેરે દૂર રાખો.

**નિમ્નસ્તરના અને ખરાબ સાધનસામગ્રી (વીજળીના ઉપકરણો) નો ઉપયોગ કદાપી ન કરો :-** આનાથી ઉત્પન્ન થતો કરંટ એટલો પ્રબળ હોય છે કે જેથી ઈન્સ્યુલેશન બળી જાય અને શોર્ટ સરકીટ થાય. વાયરીંગ અથવા કોઈપણ ઉપકરણની મરામત જાતે કરવાને બદલે લાયસન્સ ધરાવતા ઈલેકટ્રીશન દ્વારા જ કરાવો. એક ઘરગથ્થું ઉપકરણમાં જોઈતી વીજળીનો ૧૦૦ મો ભાગ એટલે કે એક ટકો વીજળી પણ જો શરીરમાંથી પસાર થાય તો વ્યકિતનું મૃત્યુ થઈ શકે છે. ફયુઝનો તાર બદલવો હોય તો સારા પ્રકારનો તેમજ તેને અનુરૂપ સાચા તારનો ઉપયોગ કરો.

**વીજળીના સાધનો સાથે બીનકાળજીથી ન વર્તો :-** વીજળીની સાધન સામગ્રીનો ખોટી રીતે ઉપયોગ તે આગ લાગવાનું સર્વ સામાન્ય કારણ છે.

**એક શોકેટમાં એકથી વધારે પ્લગ કે વીજળીના ઉપકરણો ન જોડો :-** તારમાં વીજળીના વહનથી ગરમી ઉત્પન્ન થાય છે. કોઈ એક જગ્યાએ વીજળીના વધુ પડતા દબાણ એટલે કે ઓવર લોડીંગ થઈ જવાથી વાયર ખુબ જ ગરમ થઈ શકે છે. જેનાંથી શોર્ટસર્કીટ અને આગ લાગવાનો ભય રહે છે. ઈલેકટ્રીશીયનને બોલાવી જેટલા શોકેટ જોઈએ તેટલા લગાવી દો. જેમ બને તેમ આઈ.એસ.આઈ. દ્વારા પ્રમાણિત થયેલ વીજળીના સાધન સામગ્રી કે ઉપકરણોનો ઉપયોગ કરો કારણકે તેઓની ચકાસણી થયેલ હોય છે. વીજળીના સાધનો કે જેનો ઉપયોગ ગરમી ઉત્પન્ન કરવા થતો હોય તેવા સંજોગોમાં આવું અવશ્ય બનતું હોય છે. કપડાંને ઈસ્ત્રી કરતી વખતે જો કોઈ બીજુ કામ આવી પડે તો ઈસ્ત્રીની સ્વીચ ચાલુ રાખીને ન જાવ. એવું સંભવિત છે કે કપડાં પર ઈસ્ત્રી રહી જાય અને આગ તેનું કામ કરી જાય.

**ઈમારત / ઓફીસની બહાર જાવ ત્યારે મેઈન સ્વીચ બંધ કરીને જાવ :-** સરકીટમાં જરૂર કરતાં વધુ વીજ પ્રવાહ પસાર થવાથી ફયુઝ જાતે ક્ષતિગ્રસ્ત થઈ, વાયરીંગ અને ઉપકરણોની સુરક્ષા કરે છે. યોગ્ય ક્ષમતાનો ફયુઝ અથવા સારી જાતની એમ.સી.બી.નો ઉપયોગ કરવો તે વધુ હિતાવહ છે.

***વીજળી આપની સુવિધા માટે છે. તેનો ઉપયોગ કાળજી પૂર્વક કરો, તેની સાથે છેડછાડ ન કરો .....***

**વીજ સુરક્ષા અંગે કરવા યોગ્ય બાબતો (DO'S):-**

- વીજ પ્રસ્થાપન (વાયરીંગ) અને દુરસ્તીના તમામ કામો જેમાં, પ્રવર્તમાન પ્રસ્થાપનોમાં વધારો, ફેરફારો અને સમારકામોનો પણ સમાવેશ થાય છે, તે ભારતીય વીજ નિયમો પ્રમાણે સક્ષમ પરવાનેદારની સીધી દેખરેખ હેઠળ પરવાનો ધરાવતા ઈજારદારો / કર્મચારીઓ પાસે જ કરાવવા જોઈએ.
- વધુ ઊંચાઈ ધરાવતી ઈમારતોનું વિદ્યુત વાયરીંગ વીજ પુરવઠો ચાલુ કરતાં પહેલા ઈલેકટ્રીકલ ઈન્સ્પેકટરશ્રી ધ્વારા પ્રમાણિત કરાવી લેવું જોઈએ. ભારતીય વીજ નિયમો પ્રમાણે આ ફરજીયાત છે. તમારા વિદ્યુત પ્રસ્થાપનના કામો માટે વીજ પુરવઠો પૂરો પાડતી કંપની ધ્વારા પ્રમાણિત ઠેકેદાર (કોન્ટ્રાકટર) ધ્વારા ટેસ્ટ સર્ટીફીકેટ અનિવાર્યપણે જારી થવું જોઈએ.
- લાઈટીંગ તેમજ પાવર ડિસ્ટ્રીબ્યુશન બોર્ડસને ટેગ્સ (કાપલી) ધ્વારા જુદી ઓળખ આપવી જોઈએ.
- આઈ એસ કોડ પ્રમાણે સ્વીચ બોર્ડસ/પેનલ પર 'ખતરો' સૂચવતા બોર્ડ મૂકવાં જોઈએ.
- કામ શરૂ કરતાં પૂર્વે મેઈન સ્વીચ પર **'માણસો કામ કરી રહ્યાં છે'** તેવું કે અન્ય કોઈ પ્રકારનું ચેતવણી સૂચક બોર્ડ મૂકવું જોઈએ.
- મીટર અને મુખ્ય સ્વીચ ગીયર્સ માટે મોકળાશ ભર્યા અને હવા ઉજાશવાળા ખંડનો ઉપયોગ કરવો જોઈએ. આ ખંડોને સાફસૂથરાં રાખવા જોઈએ.
- કોઈપણ સર્કીટ કે એપરેટસ પર કામ શરૂ કરતાં પહેલા, નિયંત્રક સ્વીચો ખુલ્લી કરીને બંધ કરવામાં આવ્યાની અને ફયુઝ હોલ્ડર્સ/સર્કીટ બ્રેકર બંધ કર્યાની ખાત્રી અવશ્ય કરી લેવી જોઈએ.
- જયાં સુધી સર્કીટ મૃત હોવાની જાતે ખાત્રી કરી લેવામાં ન આવે ત્યાં સુધી હંમેશા સર્કિટને જીવંત ગણો, કારણ કે કંડકટર્સના ઈન્સ્યુલેશન્સ ખામીવાળા હોવાની શકયતા રહે છે.
- જયારે જયારે કોઈપણ પ્રકારનો તણખો ઝરે ત્યારે તમારો ચહેરો બીજી બાજુ ફેરવી લેવાની આદત કેળવો.
- આર્કસ (ચાપદીવો) તેમજ હાઈવોલ્ટેજીસ (ઉચ્ચદબાણ) સામે સુરક્ષિત રહો, યાદ રાખો આર્કસની દાહકતા ઘણી ગંભીર હોય છે.
- તમામ સાંધાઓ અને જોડાણો સુરક્ષિત રીતે કરવામાં આવે તેની દરકાર કરો.

- ઈન્ડકટીવ સર્કિટને તોડતાં સમયે ભારે કાળજી રાખો કારણકે તેને લીધે ભયજનક રીતે હાઈવોલ્ટેજ (ઉચ્ચદબાણ) સર્જાવાની શકયતા રહે છે. કોરસ પર કામ કરતાં પૂર્વે તમામ કેબલ્સનું જમીન સાથે સઘનપણે અર્થીંગ કરો.
- જયારે ખૂબ અંધારુ હોય અને કશું જ દેખાતું ન હોય, કંટ્રોલ અને સ્વીચીસ કયાં આવેલા છે તે સૂઝતું ન હોય ત્યારે તેમને લગતી કામગીરી શરૂ કરતાં પહેલા ફલેશ લાઈટનો ઉપયોગ કરો.
- સમયાંતરે અને ખાસ તો કામ શરૂ કરતાં પહેલાં રબરમોજા (ગ્લોવ્સ)ની ચકાસણી કરો.
- ઈલેકટ્રીકલ પેનલ્સની આગળના ભાગે રબર મેટસ (સાદડીઓ) બિછાઓ.
- આઈએસઆઈ માર્કાના ઉચિત ક્ષમતા તેમજ ઈન્સ્યુલેશન (પ્રતિરોધક આવરણ) ધરાવતા વિદ્યુત વાયર્સ, કેબલ્સ અને સામગ્રીનો જ ઉપયોગ કરો.
- ઓવરલોડ કે શોર્ટ સર્કિટનો ભય ટાળવા ઉચિત કેપેસીટી (ક્ષમતા) નો ફયુઝવાયર અથવા એમસીબી (મીનીએચર સર્કિટ બ્રેકર) વાપરો.
- હંમેશા આઈએસઆઈ માર્કના અથવા ગુણવત્તા નિયંત્રણ માટે પ્રમાણિત વિદ્યુત સાધન સામગ્રી અને ઉપકરણોનો ઉપયોગ કરો. કોઈપણ વીજ અકસ્માતની સર્વ પ્રથમ સંબંધિત વિદ્યુત નિરીક્ષકશ્રીને જાણ કરો.
- વખતોવખત પરવાનેદાર વીજ ઠેકેદાર પાસે વાયરીંગ અને અર્થીંગની ચકાસણી કરાવો. ફોલ્ટલોકેશન (ખામીનું સ્થળ) શોધવાની સરળતા માટે ઈમારતોનાં અદ્યતન વાયરીંગ ડાયાગ્રામ (વીજસ્થાપન નકશો) સાચવી રાખવો.
- વીજ વાયરીંગ અને પ્રસ્થાપનમાં અર્થીંગ માટે તાંબાની પ્લેટ કે રોડની વ્યવસ્થા રાખો.
- ઉપકરણના જોડાણ માટે અર્થીંગ પીન સહિત થ્રી પીન પ્લગ ટોપનો ઉપયોગ કરો.
- વીજળી ધ્વારા આગની ઘટના બને ત્યારે સર્વપ્રથમ તો મેઈન્સનો વીજ પુરવઠો બંધ કરી દો. વિદ્યુત આગ હોલવવા માટે ડ્રાય ટાઈપ (સૂકા પ્રકારના) અથવા $CO_2$ અથવા અન્ય ભલામણ કરેલા માધ્યમોનો જ ઉપયોગ કરો.

- ☛ તમામ સંબંધિતોને અગ્નિશમન અને વિજ શોકની પ્રાથમિક સારવારની તાલીમ આપો તથા સ્વીચ રૂમ્સ અને કંટ્રોલ રૂમ્સ (નિયંત્રણ કક્ષો) માં આગ બુઝાવવાના ઉપકરણો અને પ્રાથમિક સારવારના સાધનો રાખો.
- ☛ વીજપ્રવાહના ગળતરથી આંચકો ન લાગે તે માટે અર્થીલીકેજ સર્કિટબ્રેકર્સ (ઈએલસીબી) લગાવો. ૫૧ વોટ સુધીના લો વોલ્ટેજ ઈન્સ્ટોલેશન્સ સિવાય ભારતીય વીજ નિયમોના નિયમ ૬૧ એ પ્રમાણે આ જરૂરીયાતનો ફરજીયાત અમલ કરવાનો છે. ફકત પ્લાયર્સ જેવા ઈન્શ્યુલેટેડે ટુલ્સનો જ ઉપયોગ કરો.
- ☛ પીવીસીનું આવરણ ધરાવતા હોય અને ફકત વપરાશનો છેડોજ ખુલ્લો હોય તેવા સ્ક્રુડ્રાઈવર્સનો જ ઉપયોગ કરો.
- ☛ વાપરતા પૂર્વે પોર્ટેબલ ટુલ્સ, ફલેકસીબલ કેબલ્સ અને પ્લગના અર્થીંગની ચકાસણી કરી લો.
- ☛ શકય હોય ત્યાં સુધી ડબલ (બેવડું) ઈન્શ્યુલેટેડ ટુલ્સ (સાધનો) નો ઉપયોગ કરો તેઓ વધુ સલામત છે.
- ☛ અસ્થિર પ્રકાશ આપતા ટયુબ ફીટીંગ્સને તુરંત જ બદલી કાઢો કારણ કે તેનાથી સ્પાર્ક ઉત્પન્ન થતાં આગ લાગવાનું જોખમ રહે છે.

**વીજ સુરક્ષા અંગે ન કરવા યોગ્ય બાબતો (Don'ts):–**

- ☛ બલ્બ, પંખો, ફયુઝ અને સ્વીચીસ બદલવા જેવા સાદા કામો માટે અને તે પણ મુખ્ય વીજ પ્રવાહ બંધ કર્યા બાદ જ, તે સિવાય વીજળીને લગતાં કોઈપણ કામો માટે પરવાનો ન ધરાવતો હોય તેવા કારીગરની સેવાઓ ન લો.
- ☛ ઓવરહેડ લાઈન્સની નીચેના ભાગમાં કોઈ મકાન, માળખું કે ઈમારત ન બાંધો અને આવી પસાર થતી ઓવરહેડ લાઈન્સથી ઠરાવ્યા પ્રમાણેનું સલામત આડુ અંતર (ક્ષિતિજ સમાંતર) પણ જાળવો. કામ કર્યા પછી ડિસ્ટ્રીબ્યુશન બોકસીસ અને સ્વીચ પેનલ્સના દરવાજા ખુલ્લાં ન છોડો.
- ☛ જો તેના ધ્વારા નિયંત્રીત થતી સર્કિટથી તમે માહિતગાર ન હો અને તે શા માટે ખોલવામાં આવી છે કે જાણતા ન હો તો કોઈપણ સ્વીચને ઓપરેટ ન કરો.
- ☛ કોઈપણ સ્વીચગીયર કે એપરેટસની સમીપના વિસ્તારમાં બીન જરૂરી ચીજવસ્તુઓ અને ખાસ કરીને સળગી ઉઠે તેવા પદાર્થો એકઠાં ન કરો.

- તમે પૂર્ણપણે ખાતરી કરી લીધી હોય કે તે મૃત અને અર્થેડ છે, તે સિવાય કોઈપણ વિદ્યુત ગીયર કે કંડકટરને અડકવું નહીં કે તેની સાથે ચેડાં ન કરવાં. હાઈ વોલ્ટેજ એપરેટસ અડકયા વગર પણ વીજ ગળતર ને લીધે આંચકા આપી શકે છે અથવા જવાળાથી દઝાડી શકે છે.
- નિયંત્રક (કાર્યકારી) વ્યકિતના વ્યકત-ચોખ્ખાં હુકમ સિવાય જીવંત સર્કિટ પર કામ ન કરો. તેની સાથે જ તમામ સુરક્ષા તકેદારીઓ લેવામાં આવી છે તેની ખાત્રી કરી લો અને પ્રાથમિક સારવાર તેમજ કૃત્રિમ શ્વાસોશ્વાસ આપવાની જાણકારી ધરાવતી બીજી વ્યકિતની મદદ લઈને જ કામ કરો.
- મેઈન્સ તેમજ એપરેટસ સાથે જોડેલા અર્થિંગ કનેકશન છોડી ન નાંખો અથવા તેની સાથે પ્રસ્થાપિત સેફટી સાધનો ને બિન અસરકારક ન બનાવો.
- અધિકૃત વ્યકિત સિવાય મીટર બોર્ડસ અને કટઆઉટસ સાથે છેડછાડ ન કરો.
- વીજળીના ચાંપદીવા (આર્ક) સામે આંખને ખુલ્લી ન રાખો. થોડીક વાર માટે આવું કરો તો પણ વેદનાજનક ઈજા થવાની શકયતા રહે છે. સ્વીચ અથવા ફયુઝને ધીમે  ધીમે કે અચકાઈ અચકાઈને ન ખોલો કે ન બંધ કરો; આ કામ ઝડપથી, એક જ ઝાટકે અને વિશ્વાસ સાથે કરો.
- મ્હોં બીજી બાજુ ફેરવીને સ્વીચ કે ફયુઝ શોધવા ફાંફા ન મારો.
- ઈન્ડકશન એનર્જાઈઝડ (ઉર્જિત) હોય તેવા એપરેટસની આજુબાજુ મેટલકેસ (ધાતુનું આવરણ) ધરાવતી ફલેશ લાઈટસનો ઉપયોગ ન કરો.
- ઈલેકટ્રીક જોડાણ કરતાં સમયે કે ચલાવતા સમયે તમારા શરીરનો કોઈપણ ભાગ જમીન પર કે એક્રોસ ધી ટર્મીનલ સર્કિટમાં ન રાખો.
- નબળું ઈન્સ્યુલેશન (વીજ પ્રતિરોધકતા) ધરાવતા વાયર્સ ન વાપરો. જયારે તમારા હાથ ભીનાં હોય અથવા ઘા કે ઉઝરડાંને લીધે લોહીવાળા હોય ત્યારે વિદ્યુત સર્કિટ, એપરેટસ અથવા એપ્લાયન્સને ન અડકો. રબર મોજાંનો ઉપયોગ અને ટુલ્સ પર લાકડાના કે ઈન્શ્યુલેટેડ હેન્ડલ્સ જેવી વધારાની તકેદારીઓ લીધાં સિવાય એનર્જાઈઝડ(ઉર્જિત) સર્કિટ પર કામ ન કરો.
- કોઈપણ વિદ્યુત સર્કિટને ઓવરલોડ ન થવા દો.
- કામચલાઉ વાયર્સનો ઉપયોગ ન કરો. સાંધા ધરાવતા વાયર્સ અને કેબલ્સ પણ ન વાપરો.
- કપડાં સૂકવવા માટે જીવંત વિદ્યુત વાયર્સનો ઉપયોગ ન કરો. જયારે

વધારાનાં પોઈન્ટસની જરૂર હોય ત્યારે કામ ચલાઉ વાયરીંગની મદદ ન લો. ક્ષમતા કરતાં વધુ પ્રમાણમાં મલ્ટી-આઉટલેટ પ્લગ્સને લોડ ન કરો. અર્થિંગ માટે પ્લમ્બીંગ લાઈન્સ, ગેસ લાઈન્સ અથવા અન્ય ઉપલબ્ધ ધાતુની ચીજવસ્તુઓનો ઉપયોગ ન કરો.

- ઉપકરણો કે સાધનો ચલાવવા માટે સોકેટ આઉટલેટસમાં ખુલ્લા (બેર) વાયર્સ ન નાંખો. વિજપ્રવાહ ચાલુ હોય ત્યારે વીજળીની આગ બુઝાવવા પાણીનો ઉપયોગ ન કરો.
- ઉપયોગિતાનો સમય પૂરો થઈ ગયો હોય તેવા અગ્નિશામકો ન રાખો. પ્રાથમિક સારવાર પેટીમાં ઉપયોગિતા મુદત વીતી ગઈ હોય તેવી દવાઓ ન રાખો.
- ઈએલસીબી લગાવીને આત્મસંતોષી ન બનો. વખતો વખત તે ચાલે છે કે નહીં તેની ચકાસણી પણ કરતાં રહો.
- ખરાબ સાધનો ન વાપરો. ખરાબ જણાય તે પોર્ટેબલ ટુલ્સ ન વાપરો.
- મકાનમાં કે કાર્યાલયમાં જુના નકામાં ટયુબ ફિટીંગ્સનો સંગ્રહ ન કરો. તેમનો તાત્કાલિક નિકાલ કરો.



# સ્ટ્રીટલાઈટ સેફટી

## સંક્ષિપ્ત પાંચ માર્ગદર્શિકા

- ☛ આ કામગીરી અધિકૃત વ્યકિત/ઈજારદાર પાસે જ કરાવવી.
- ☛ ટાવર લેડર, સેફટી બેલ્ટ, મંકીલેડર, શોક પ્રુફ બુટ, ઈન્સ્યુલેટેડ સાધનોથી જ કામ કરાવવું.
- ☛ જે તે સ્વીચ, ફીડર, આઈસોલેટર પર મરામત કામગીરી સમયે લોક કરી યોગ્ય ચિહ્નો / ચેતવણીના બોર્ડ અવશ્ય લગાવવા.
- ☛ ટેમ્પરરી કે ઓવરહેડ વાયરીંગ ટાળવું.
- ☛ સ્ટ્રીટલાઈટ પોલના જંકશન બોક્ષ હંમેશા બંધ રાખવા.





## (II) <u>સ્ટ્રીટલાઈટ સેફટી</u>

**કામગીરી દરમ્યાન લેવા જોગ સાવચેતીના પગલાં :–**

૧. કેબલ ટ્રેન્ચના ખોદાકામવાળી જગ્યાએ ભયસુચક-બોર્ડ તેમજ લાલ ઝંડીની ગોઠવણી કરવી. તે ઉપરાંત રાત્રે બેટરી સંચાલિત લાઈટની ગોઠવણ કરવી. ખાસ કરીને જયારે રોડની મધ્યરેખામાં કેબલ ટ્રેન્ચનું ખોદકામ થતું હોય તેવી જગ્યાએ વધુમાં વધુ ૧૫૦ મીટર કે ૨૦૦ મીટરની લંબાઈમાં ટ્રેન્ચ ખોદી તેમાં સ્પેસીફીકેશન મુજબ કેબલ કવરીંગ કરી ટ્રેન્ચ પૂરી દેવી.

૨. ભૂગર્ભ કેબલ નાંખતી વખતે માટી પૂરાણ કરતા પહેલા કેબલને આર.સી.સી. હાફ રાઉન્ડ પાઈપ કે સારી કક્ષાની ઈંટોથી ઢાંકવા જેથી કેબલો વચ્ચે ફરીથી ખોદકામ કરતી વખતે કેબલને નુકસાન / અકસ્માત ન થાય. એકથી વધુ કેબલ હોય તો કેબલો વચ્ચે જરૂરી જગ્યા રાખવી તેમજ રેતી પુરાણ કરી ઉપર મુજબ કેબલનું કવરીંગ કરવું. કેબલ માર્કરથી કેબલના રૂટની નિશાની/માહિતી રાખવી. સામાન્ય રીતે ભૂગર્ભ કેબલ નક્કી કરવામાં આવેલ ઓછામાં ઓછા ઊંડાઈ કે તેથી વધુ ઊંડાઈ એ નાંખવા.

૩. રોડની મધ્યરેખામાં કેબલ ટ્રેન્ચનું ખોદકામ ચાલતું હોય તે સમયે રોડની સાઈડ પર શાકભાજી, ફ્રુટ વિ. લારીઓનું દબાણ દૂર કરી તેને કોઈ ગલીમાં કે ફુટપાથનો ઉપયોગ કરવા જણાવવું કે જેથી ટ્રાફિકની ગતિને અવરોધ ન થાય.

૪. કેબલ ટ્રેન્ચના ખોદકામ વખતે રોડ-ક્રોસીંગનું ધ્યાન રાખી, આ જગ્યાનું ખોદકામ ટ્રાફીક ડેન્સીટીને ધ્યાને લઈને બપોરે કે રાત્રી દરમ્યાન કરી જરૂરી કેબલ ગાર્ડ પાઈપનો ઉપયોગ કરી તાકીદે પૂરાણ કરવું. કેબલ ટ્રેન્ચના ખોદકામ વખતે ગેસલાઈન, કેબલો, અન્ય પાઈપ લાઈન વિ. ને નુકશાન ન થાય તે મુજબ ઈજારદારે મજુરો પાસે ખોદકામ કરાવવું. ખોદકામમાં વપરાતાં ત્રિકમ વગેરેના હાથા લાકડાના જ વાપરવા જરૂરી છે.

૫. સ્ટ્રીટલાઈટ પોલ ઈરેકશન માટે આ પ્રકારના કામના અનુભવી/કુશળ કામદારનો ઉપયોગ કરવો તેમજ ટ્રાફિક ડેન્સીટી ધ્યાને લઈને પોલ ઈરેકશનનું કામ હાથ ધરવું. પોલ ઈરેકશન વખતે ટોરેન્ટ કું./ડી.જી.વી.સી.એલ. (જી.ઈ.બી)ના એચ.ટી./એલ.ટી. વીજ લાઈન (વાયરો, કેબલ વિ.) નળીકા / ગેસલાઈન નું અવશ્ય ધ્યાન રાખવું. પોલ ઈરેકશન વખતે ઈજારદારે કે જવાબદાર પ્રતિનિધિએ સ્થળ પર અવશ્ય

હાજર રહેવું. પોલ ઉભો કર્યા બાદ તેને વ્યવસ્થિત રીતે ગોઠવી સ્પેસીફીકેશન મુજબ ફાઉન્ડેશન કરવું કે જેથી પવન, વાવાઝોડા કે અન્ય કોઈ કારણસર પોલ પડી ન જાય.

૬. સ્ટ્રીટલાઈટના કેબલ ફૉલ્ટ વખતે, સ્ટ્રીટલાઈટો ચાલુ કરવા માટે કે એવા પ્રકારના કોઈપણ કામ માટે ઓવરહેડ વાયરનો ઉપયોગ કરવામાં આવે ત્યારે તે ટ્રાફિકના વાહનને કે રાહદારીને અસર ન થાય તે રીતે નાંખવા, તેમજ તેના કનેકશન માટે કોઈપણ પ્રકારની ઉતાવળ ન કરતાં જરૂરી ઈન્સ્યુલેટેડ બુર્શીંગ / ટેપનો ઉપયોગ વ્યવસ્થિત રીતે કરવો.

૭. સ્ટ્રીટલાઈટ પોલ મેઈન્ટેનન્સની કામગીરી દરમ્યાન ઉપયોગ કરવામાં આવતી ''ટાવર લેડર'' (ટી.એલ.) ને વ્યવસ્થિત હેન્ડ બ્રેક લગાવી, ટાયરને ઉગત (સ્ટોપર) મુકી પાર્ક કરો. રોડ પર કામ કરતી વખતે ટી.એલ. ની આજુ બાજુ ભય સુચક બોર્ડ રાખવા.

૮. ટી.એલ.ની ઊંચાઈ એ પ્રમાણે રાખવી કે જેથી રીપેરીંગ કરનાર સરળતાથી કામ કરી શકે. ટી.એલ.ની ટોચના ભાગે પ્લેટફોર્મ અને મંકી લેડર હોવી જોઈએ અને ટેકનીશીયનને સ્ટાન્ડર્ડ સેફટી બેલ્ટ, હેલ્મેટ પહેરાવવા જોઈએ.

૯. જે સ્થળે સ્ટ્રીટલાઈટ પોલ રીપેર કરવાની કામગીરી દરમ્યાન ટી.એલ. પહોચી ન શકે તેવા સ્થળે વ્યવસ્થિત પ્લેટફોર્મ, બે પગની યોગ્ય ઊંચાઈની મંકી લેડર, જાળી, હેલ્મેટ, ઈલેક્ટ્રીક ગ્લવ્ઝ વિગેરેની વ્યવસ્થા કરવી.

૧૦. સ્ટ્રીટલાઈટ સીસ્ટમના તમામ જંકશન બોક્ષ, ફીડર પીલરના દરવાજા કાયમ બંધ રહે તેની ચોકસાઈ રાખવી તથા કામચલાઉ વાયરોના જોડાણો કે ઓવરહેડ વાયરોના જોડાણોનો ઉપયોગ બને ત્યાં સુધી ન રાખવા. જંકશન બોક્ષ અને ફીડર પીલર પર ''ભય સુચક'' ચિહ્ન અવશ્ય લાગડવું

૧૧. સ્ટ્રીટલાઈટ સિસ્ટમમાં ઈરેકશન કરેલા પોલની સમયાંતરે ચકાસણી કરવી અને જરૂરી જણાય તો બદલી નાંખવા તથા સ્ટ્રીટલાઈટ પોલ તથા ફીડર પીલરનું અર્થિંગ બરાબર છે કે કેમ તેની સમાયંતરે ખાત્રી કરવી.

૧૨. સ્ટ્રીટલાઈટ સિસ્ટમમાં ઉપયોગમાં લેવાના તમામ સેફટીના સાધનો જેવા કે ટાવર લેડર(ટી.એલ.), સેફટી બેલ્ટ વિ. ને સમયાંતરે ચેક કરાવવા. સ્ટ્રીટલાઈટ સિસ્ટમની જાળવણીના ઈજારામાં રોકાયેલ કામદારો/સ્ટાફ સલામતી સાધનોનો ઉપયોગ કરે છે કે કેમ તેની કાળજી રાખવી. સ્ટ્રીટલાઈટ સિસ્ટમના ઈલેકટ્રીક કનેકશન / રીપેરીંગ કે અન્ય કામગીરી

# મીકેનીકલ સેફટી

## સંક્ષિપ્ત પાંચ માર્ગદર્શિકા

- ☛ યંત્ર ચલાવવાનું અધિકૃત વ્યકિત / કુશળ કામદાર પાસે જ કરાવવું.
- ☛ ચાલુ યંત્રએ શરીરનો કોઈપણ ભાગ અડકવો નહી.
- ☛ યંત્રનું સમારકામ કરતાં પહેલાં જેતે યંત્ર બંધ કરી યોગ્ય ચેતવણીના બોર્ડ મુકવા.
- ☛ હેલ્મેટ, ગોગલ્સ, હેન્ડ ગ્લોવ્ઝ, સેફટી શુઝ વિગેરેનો અવશ્ય ઉપયોગ કરવો.
- ☛ યંત્રો ચલાવવાની સલામતી સંબધિત સુચનાઓનું હંમેશા પાલન કરવું.




GUARDS
PROTECT
YOU
ENSURE
THEY ARE
IN PLACE

# (૨) મીકેનીકલ, વેલ્ડીંગ કટીંગ, ભારે સામાન ઉચકવા, ટ્રાન્સપોર્ટ અને અર્થ મૂવીંગ ઈકવીમેન્ટ સેફટી.

(I) **યંત્રો :-**

૧. યંત્ર ચલાવવાની પૂરેપૂરી માહિતી અને તાલીમ મેળવ્યા પછી જ તેના પર કામ શરૂ કરવું. કોઈ શંકા કે પ્રશ્ન ઊભો થાય અથવા ચાલુ યંત્રમાં કાંઈ ગરબડ જણાય તો તરત ઉપરી અધિકારીનું ધ્યાન દોરવું. પરંતુ અનુભવ વિના કોઈ રીપેરીંગ જાતે કરવું નહિ.

૨. યંત્રને સ્વચ્છ રાખવું અને નિયમિત ઓઈલીંગ-ગ્રીસીંગ કરી કાર્યક્ષમ રાખવું.

૩. યંત્રના જોખમી તથા ફરતા ભાગો પર સંપૂર્ણ સુરક્ષા આપે તેવા ગાર્ડ/વાડ બરાબર બંધ રાખવા. તે ચેક કરીને જ યંત્ર ચાલુ કરવું. ગાર્ડ/વાડ વિના યંત્ર ચલાવવું નહિ. ગાર્ડ ન હોય તો ઉપરી અધિકારીનું તરત ધ્યાન દોરો. અકસ્માત કરે તેવા ગાર્ડ ન હોવા બરાબર છે. તેથી તેને યોગ્ય ડિઝાઈનના રાખવા. યંત્ર બંધ કરવાની સ્વીચ નજીકમાં જ હોય તો તેની ખાત્રી કરો.

૪. મશીનના રીપેરીંગ અથવા ટેસ્ટીંગ સમયે ગાર્ડ/વાડ વિના કામ કરવાનું હોય તો સુપરવાઈઝરના માર્ગદર્શન અને હાજરી હેઠળ ચુસ્ત કપડાં પહેરેલ (આકૃતિ નં. ૩) ખાસ અનુભવી કામદાર દ્વારા જ આવું કામ કરાવવું તથા તે પૂરું થયા પછી ગાર્ડ યથાસ્થાને લગાવી દેવા. (આકૃતિ નં. ૧, ૨ અને ૭)

૫. યંત્ર ચલાવવાની સૂચનાઓનું અક્ષરશઃ પાલન કરો. યંત્રનો દુરુપયોગ ન કરો. ટૂંકા અને ઉતાવળિયા રસ્તાઓ અપનાવવાથી અકસ્માત થઈ શકે છે. ફરતા ભાગો હાથથી અટકાવવા નહિ.

૬. ચાલુ યંત્રમાંથી કચરો કાઢવો જરૂરી જણાય તો બ્રશ, ચીપિયા અથવા લાકડાની પટ્ટીનો ઉપયોગ કરો.

૭. આંખમાં કરચ પડે તેવા યંત્ર પર કામ કરતી વખતે ચશ્મા અવશ્ય પહેરો. (આકૃતિ નં. ૪) વધુ અવાજ કરતા યંત્ર પાસે કામ કરતી વખતે ઈયર પ્લગ / મફ પહેરો.

૮. યંત્રની આજુબાજુની જગ્યા સ્વચ્છ તથા સૂકી રાખવી અને ઠોકર લાગે તેવી


વસ્તુઓ ત્યાં ગોઠવવી નહિ. (આકૃતિ નં. ૨)

૯. યંત્રનું વાયરીંગ યોગ્ય પ્રકારનું તથા ઠોકર ન લાગે તેવું રાખવું. જરૂરી અર્થિંગ સારી સ્થિતિમાં જાળવવા. શૉક ન લાગે તે માટે 'ઈ.એલ.સી.બી.' વાપરવી હિતાવહ છે.


૧૦. યંત્રનું સમારકામ કરતાં પહેલાં ફ્યુઝ કાઢી લઈ યંત્ર અચાનક ચાલુ ન થાય તેની તકેદારી રાખવી. યંત્રના ફરતા ભાગો બંધ થયાની ખાત્રી કર્યા પછી જ તેને અડવું.

૧૧. ઈન્ટરલોકીંગ રચનાઓ, કોન્ટેકટ સ્વીચો, ટ્રીપ્સ, રીલે, સેફ્ટી વાલ્વ, એલાર્મ, વેન્ટ અથવા બાયપાસ, પ્રોગ્રામર્સ, રેકોર્ડસ, સેટીંગ્સ વગેરે સાથે ચેડાં કરવાં નહિ. તેમને કાર્યક્ષમ સ્થિતિમાં જાળવવા.

૧૨. કોઈ ધ્યાન આપનાર ન હોય તો યંત્રને ચાલુ રાખી ચાલ્યા જવું નહિ.



આકૃતિ નં. ૧



આકૃતિ નં. ૨



આરામદાયી અને
સુરક્ષિત વસ્ત્રો પહેરો

આકૃતિ નં. ૩

આંખમાં કચરો પડે
તેવા યંત્ર પર કામ કરતી
વખતે ચશ્મા અવશ્ય પહેરો.

આકૃતિ નં. ૪






શ્રમથી બચવા પગ પર જોર
આપી વજન ઉઠાવો.

આકૃતિ નં. ૫

કામગીરી દરમ્યાન હેલ્મેટ પહેરો

આકૃતિ નં. ૬







મશીનગાર્ડ સુરક્ષા માટે છે.
તેને નિશ્ચિત સ્થાન પર રાખો.

આકૃતિ નં. ૭

હોંશીયારીથી કામ કરો.

આકૃતિ નં. ૮



# વેલ્ડીંગ સેફટી

## સંક્ષિપ્ત પાંચ માર્ગદર્શિકા

☛ વેલ્ડીંગ કામ તાલીમ પામેલ કુશળ કામદારો પાસે જ કરાવવું.

☛ અર્થીંગ વ્યવસ્થિત કેબલથી જ આપવું.

☛ વેલ્ડીંગ, ગેસ કટીંગ વિગેરેની કામગીરી દરમ્યાન આજુબાજુ જવલનશીલ પદાર્થો ન રાખવાં.

☛ ગેસકટીંગમાં ઉપયોગમાં લેવાતી ગેસની પાઈપો (હોઝ) અવશ્ય ચેક કરવી.

☛ વેલ્ડીંગ કરતી વખતે હંમેશા વેલ્ડીંગ ગોગલ્સ / સ્ક્રીનનો ઉપયોગ કરવો.





## (II) વેલ્ડીંગ તથા કટીંગ સેફટી

૧. વેલ્ડીંગનું કામ તાલીમ પામેલ કામદારે જ કરવું.

૨. વેલ્ડીંગ કામ નરી આંખે જોવાથી આંખને નુકસાન થાય છે. વેલ્ડીંગ કરતી વખતે વેલ્ડીંગ પાર્ટીશનનો ઉપયોગ કરવો તથા આ કામ કરનારે તે માટેના ખાસ ચશ્માં, સ્ક્રીન, હેલમેટ તથા હાથમોજાંનો ઉપયોગ કરવો.

૩. ઈલેકટ્રીક વેલ્ડીંગ કરતી વખતે અર્થિંગ માટેનો કેબલ જયાં વેલ્ડીંગ કામ કરવાનું હોય તેના ઉપર જ રાખવો.

૪. વેલ્ડીંગ કામ શરૂ કરતા પહેલાં આસપાસ સળગી ઊઠે તેવા પદાર્થો ન હોય તેની ખાત્રી કરવી અથવા તેનો ઉપાય કરવો.

૫. જયાં વેલ્ડીંગ તથા ગેસકટીંગ ચાલતું હોય ત્યાં તણખા બુઝાવવા પાણીનો પ્રવાહ તરત મળી રહે તેમ રાખવો તથા જરૂર મુજબ ઉપયોગ કરવો. ભીના અગ્નિવિરોધક (ફાયર રીટાર્ડન્ટ) કપડાંથી આસપાસનો ભાગ ઢાંકેલા રાખવો.

૬. ગેસ વેલ્ડીંગ / કટીંગ કામ માટે વપરાતા ગેસ-સીલીન્ડરો ઉપર રેગ્યુલેટર તથા પ્રેશરગેજ હોવા જોઈએ. તેના જોડાણ કે પડદામાંથી ગેસ લીક ન થતો હોય તેની ખાત્રી કરવી જોઈએ. બ્લો-પાઈપ સાથે જોડાતી રબરની પાઈપો (હોઝ) લીક ન થાય તેવી હોવી જોઈએ તથા બ્લો-પાઈપમાં નોન-રિટર્ન વાલ્વ હોવો જાઈએ.

૭. જવલનશીલ પદાર્થો વપરાયા હોય કે ઉત્પન્ન થતાં હોય એવી ટાંકીનું વેલ્ડીંગ કામ કરતાં પહેલાં નીચે મુજબ કાળજી લેવી.

- ☛ ટાંકી પુષ્કળ પાણી / વરાળ તથા ઈનર્ટગેસથી સાફ કરેલી હોવી જોઈએ.
- ☛ ટાંકીની બધી નોઝલો તેના જોડાણો (પાઈપો) થી છૂટી પાડી દેવી જોઈએ તથા તેમાં કોઈ જવલનશીલ પદાર્થ દાખલ થઈ શકે તેમ નથી તેની ખાત્રી કરવી લેવી જોઈએ.
- ☛ ટાંકીમાં પૂરતા પ્રમાણમાં સ્વચ્છ હવાની અવરજવર થવી જોઈએ.
- ☛ ટાંકીનું અર્થિંગ બરાબર હોવું જોઈએ તથા વીજળી જોડાણ બંધ કરેલું હોવું જોઈએ.

- ☛ જે જગ્યાએ વેલ્ડીંગ કરવાનું હોય તેની ખૂબ જ નજીક અર્થિંગ કેબલ હોવો જોઈએ. વેલ્ડીંગ રોડ હંમેશા સ્ટાન્ડર્ડ કવોલીટીના જ વાપરવા.
- ☛ વેલ્ડીંગ કામ કરતા પહેલાં સુરક્ષિત કાર્ય મંજૂરીનું પ્રમાણપત્ર મેળવી લેવું જોઈએ.
- ☛ ટાંકીની અંદર ઊતરવાનું હોય ત્યારે તેમાંની હવાનો ટેસ્ટ કરી લેવો જોઈએ.
- ☛ વેલ્ડીંગ માટે વપરાતા ગેસ સીલીન્ડરના વાલ્વ ધીરેથી ખોલવા તથા તેનો ઉપયોગ પતી ગયા પછી તે પૂર્ણ બંધ કરવાની કાળજી રાખવી. વેલ્ડીંગ ચાલુ હોય ત્યારે તે બને તેટલા દૂર રાખવા.

૮. ફેબ્રીકેશનના કામ માટે ઉપયોગમાં લેવામાં આવતાં વેલ્ડીંગ મશીનના લીડ કનેકશનો ઈલેકટ્રશીયન મારફત જ કરાવવા, મશીનને જરૂરી અર્થિંગ કરાવવું તેમજ વેલ્ડીંગ માટે વાપરવામાં આવતા કેબલનું ઈન્સ્યુલેશન/કન્ડીશનની પણ પૂરતી તકેદારી રાખવી.

૯. ફેબ્રીકેશન માટે આપવામાં આવતા હેન્ડગ્લોવ્ઝ, ગ્લાસ, ચશ્મા તેમજ હેવી ડયૂટી બૂટ વિ. નો ઉપયોગ અવશ્ય કરવો.

૧૦. ફેબ્રીકેશનના કામ માટે વાપરવામાં આવતા વેલ્ડીંગ મશીનના અર્થિંગ માટે કેબલનો ઉપયોગ કરવો.

૧૧. ફેબ્રીકેશન કે અન્ય કોઈ કામગીરી માટે ગેસ સીલીન્ડરનો ઉપયોગ કરતી વખતે તેનાં રેગ્યુલેટરો/ગેસપાઈપ, નોઝલ, વાલ્વ વિગેરેની ચકાસણી કર્યા બાદ ઉપયોગ કરવો.

૧૨. આ કામગીરી માટે રેગ્યુલેટર કે ગેસ વાલ્વ ખોલવા માટે જરૂરી સાઈઝના સ્પેનર (ટુલ)નો ઉપયોગ કરવો. કામગીરી વખતે હેન્ડ-ગ્લોવ્ઝ, ચશ્મા કે જરૂરી સાવચેતીના સાધનોનો ઉપયોગ કરવો આવશ્યક છે.

# માલસામાન ઊંચકવાની સેફટી

## સંક્ષિપ્ત પાંચ માર્ગદર્શિકા

- ☛ ભારે માલસામાન, ઊંચકવા જરૂરી ક્ષમતાની ક્રેઈન / ચેઈનપુલી બ્લોકનો જ ઉપયોગ કરવો.
- ☛ સમયાંતરે ક્રેઈન / ચેઈનપુલી બ્લોક ટેસ્ટ કરાવવા.
- ☛ કામગીરીનાં કાર્યક્ષેત્રમાં અનધિકૃત વ્યકિત ને પ્રવેશ આપવો નહીં.
- ☛ ઊંચકવા માટેના વાયરો, હુક, આઈબોલ્ટ, યુ.કલેમ્પ, વિગેરેનો ઉપયોગ કરતા પહેલા તેની ચકાસણી કરી લેવી.
- ☛ ભારે માલસામાન ઊંચકતી વખતે આજુબાજુ કોઈએ ઉભા રહેવું નહીં કે પસાર થવું નહીં.





## (III) ભારે સામાન – ઊંચકવા માટેની સેફટી

૧. સામાન ઊંચકવાના યાંત્રિક સાધનોમાં મુખ્યત્વે ચેઈન પુલી બ્લોક, ક્રેઈન, ઈલેકિટ્રક હોઈસ્ટ અને લીફટનો વપરાશ વધારે જોવા મળે છે. આ સાધનોની વજન ઊંચકવાની મર્યાદા (ક્ષમતા - **SWL**) મોટા અક્ષરે તેના પર લખેલી હોવી જોઈએ તથા તેનાથી વધુ વજન ઊંચકવું જોઈએ નહિ. આ સાધનો વાપરી શકાય તેવી સ્થિતિમાં રાખવા.

૨. યાંત્રિક સાધન વડે વસ્તુને ઊંચકતા પહેલાં તે બરાબર સુરક્ષિત રીતે બાંધેલી હોવી જોઈએ. યોગ્ય પ્રકારની મજબૂત સાંકળ, રીંગ, હુક, શેકલ, કપલીંગ સોકેટ, કલેમ્પ, ટ્રે વગેરે (જે લીફટીંગ ટેકલ્સના નામે ઓળખાય છે) ની મદદથી વજનને યોગ્ય રીતે ભરાવીને ઊંચકવું જોઈએ. જેથી તે પડી જાય નહિ. આ સાધનોની મજબૂતાઈની પણ અવારનવાર ચકાસણી કરવી જોઈએ.

૩. યંત્ર વડે ઊંચકેલા વજનની નીચે ઊભા રહેવામાં કે પસાર થવામાં જોખમ છે, જે અંગે યોગ્ય ચિહ્નો / આડશો રાખવા.

૪. ચેઈન પુલી બ્લોકની લોડ ચેઈન તથા હેન્ડચેઈન સરકવી જોઈએ નહિ. (આકૃતિ નં. ૧) લોડ ચેઈનનો આંકડો બિનસલામત લાગે તો લોડ ચેઈન બદલી નાખવી જોઈએ.

૫. ઊંચકવાના સાધનના લોખંડ કે અન્ય બનાવટના દોરડાં કતરાઈ ગયેલ હોય તો તેને બદલી નાખવા. સાધનમાં કોઈ પણ ખામી જણાય તો તરત ઉપરી અધિકારીને જાણ કરવી. સામાન મૂકવાના પાંજરામાં માણસે સાથે જવું નહિ.

૬. એકથી વધુ માળ પર માલસમાન ચઢાવતી વખતે દરેક માળ પર હોઈસ્ટ કે લીફટ પસાર થવાની ખુલ્લી જગ્યાની આજુબાજુ મજબૂત કઠેડા હોવા જોઈએ. જેથી તેની અંદર જઈ શકાય નહિ.

૭. યાંત્રિક સાધન અધિકૃત વ્યકિત સિવાય બીજા કોઈએ ચલાવવું નહિ તથા તેને ચલાવવામાં કોઈ ખામી જણાય તો તરત ઉપરી અધિકારીને જાણ કરવી.


૮. યાંત્રિક સાધનથી વજન ઊંચકતી વખતે તથા ખસેડતી વખતે આસપાસની વસ્તુઓ તથા ઊંચાઈએ આવેલા અવરોધોનો ખ્યાલ રાખવો.

૯. બારણાં ઉઘાડા હોય ત્યારે લીફટ ચાલુ કરવી નહિ. તે જમીનના લેવલ પ્રમાણે હોય ત્યારે જ તેમાં સામાનની હેરફેર કરવી. ભયજનક રસાયણના વહન વખતે લીફટમાં સાથે જવું નહિ, તેની ઈન્ટરલીંકીંગ રચના (ખુલ્લા બારણે લીફટ ચાલુ ન થાય અને ચાલુ લીફટે બારણું ન ખુલે) કાર્યક્ષમ છે કે નહિ તેની ખાત્રી કરીને જ લીફટનો ઉપયોગ કરવો. તેમાં ખામી જણાય તો તરત ઉપરી અધિકારીનું ધ્યાન દોરવું.


૧૦. માલવાહક પટ્ટા (બેલ્ટ કન્વેયર) (આકૃતિ નં. ૨) ની ચાલક મોટરના પુલી, પટ્ટા તથા ગાઈડ રોલર વચ્ચે હાથ ન આવે તેનું ધ્યાન રાખો. તેના પર જરૂરી ગાર્ડ લગાવેલા રાખો. આ પટ્ટા પર ચઢવું નહિ. તેના રીપેરીંગ વખતે તેનું વીજળી જોડાણ બંધ રાખવું. તેમાં ખામી જણાય તો ઉપર અધિકારીને તરત જાણ કરવી.

૧૧. યંત્રથી માલ ઉપાડતા-ફેરવતા પહેલાં તેની બ્રેક તથા કંટ્રોલ રચનાઓની ચકાસણી કરી લેવી.

૧૨. લોડ ચેઈનમાં કદીપણ વેલ્ડીંગ કરવું નહિ.



(આકૃતિ નં. ૧)
ચેઈન પુલી બ્લોક



(આકૃતિ નં. ૨)
બેલ્ટ કન્વેયર

**ભારે માલ સામાન ખસેડતી વખતે લેવા જોગ સાવચેતીનાં પગલાં :**

૧. વજનદાર મશીનરી કે પાઈપો ઉપાડવા માટે જરૂરી ક્ષમતાની ક્રેઈન/ચેઈન પુલીબ્લોકનો ઉપયોગ કરવો.

૨. ક્રેઈન/ચેઈન પુલી-બ્લોક ને વાપરતાં પહેલાં તે ચાલુ હાલતમાં છે કે કેમ તેની ચકાસણી કરવી.

૩. ક્રેઈન/ચેઈન પુલી-બ્લોકને સમયાંતરે કોમ્પીટન્ટ પર્સન પાસે ટેસ્ટ કરાવી ‘‘ટેસ્ટ સર્ટીફીકેટ’’ મેળવું.

૪. વજનદાર વસ્તુ બાંધવા માટે યોગ્ય સાઈઝની શીલીંગનો (વાયરરોપ) ઉપયોગ કરવો.

૫. કાથીના દોરડાનો કોઈપણ સંજોગોમાં ઉપયોગ કરવો નહિ.

૬ ઊંચકવા માટે હુક, આઈ-બોલ્ટ,‘યુ’ કલેમ્પ વિગેરેનો ઉપયોગ કરતાં પહેલાં તે સારી હાલતમાં હોવાં બાબતની ચકાસણી કરી લેવી.

૭. ક્રેઈન/ચેઈન પુલી બ્લોકની મદદ વડે વજનદાર દાગીના/વસ્તુઓ ઊંચકતી વખતે તેની નીચે કે નજીકમાં કોઈ વ્યકિત ન હોય તે બાબતની કાળજી રાખવી.

૮. બે પગની ઘોડી વાપરતી વખતે તેને ગોઠવવા માટે ગે-વાયર તરીકે સ્ટીલ વાયરરોપનો ઉપયોગ કરવો. કોઈપણ પ્રકારના દોરડાંનો ઉપયોગ કરવો નહિ.

૯. જો કોઈપણ કામે ભારે દાગીના/મશીનરીઓ ખસેડવા પ્રસંગે દોરડાંનો ઉપયોગ જરૂરી બને તો ફકત ટેસ્ટેડ કવોલીટીના શણના દોરડાંનો ઉપયોગ કરવો અને તેને બાંધવા માટે જાણકાર/અનુભવી વ્યકિતની મદદ લેવી.

૧૦. બોલ્ટ-નટ ખોલવા માટે તેના માપ મુજબ ના જ સ્પેનર/ટુલ્સનો ઉપયોગ કરવો, મોટી સાઈઝના પાના/સ્પેનરનો પેકીંગ મૂકી ઉપયોગ કરવો નહી.

૧૧. મશીનરી/બોલ્ટનટ ખોલતી વખતે યોગ્ય સાઈઝના સાધનો/પાનાનો ઉપયોગ કરવો, સ્પેનર પર વધારાનો પાઈપ ચઢાવી બીન જરૂરી બળ/દબાણનો ઉપયોગ કરવો નહિ.

૧૨. મશીનરીઓમાં કપ્લીંગ, ''વી'' બેલ્ટ, ફ્લેટ બેલ્ટ જેવા સાધનો માટે તેના સેફટી ગાર્ડનો ઉપયોગ કરવો અને ગાર્ડ વિના આવી મશીનરીઓ ચાલુ કરવી નહિ.

## (IV) ટ્રાન્સપોર્ટ અને અર્થ મૂવીંગ ઈકવીપમેન્ટ સેફટી

૧. તમામ ટ્રાન્સપોર્ટ અને અર્થમૂવીંગ ઈકવીપમેન્ટ સારી હાલતમાં હોવાં જોઈએ.

૨. જવાબદાર વ્યકિતએ ઓછામાં ઓછું અઠવાડિયામાં એક વખત ચકાસણી કરવી જોઈએ. ખામી જણાય તો તેને વાપરવાનું બંધ કરવું જોઈએ.

૩. અસરકારક બ્રેક, હેડ લાઈટ, બૅક લાઈટ હોવી જોઈએ. ઓવરલોડ કરવું જોઈએ નહીં. આવા સાધનો તાલીમ પામેલ કુશળ વ્યકિતઓ દ્વારા જ ચલાવવા દેવા જોઈએ.

૪. પાલરશોવેલ અને એસ્કેવેટર જો તે મોબાઈલ ક્રેન સાથે જોડાયેલ હોય તો તેની પણ નિયમિત ચકાસણી કરવી.

૫. બુલડોઝર ચલાવવા, મૂકી રાખવા વગેરે બાબતે જરૂરી સાવધાની રાખવી.

૬. મોબાઈલ આસ્ફાલ્ટ (ડામર) લેયર્સ અને ફીનીશર્સ જાહેર રોડ પર વાપરતી વખતે ટ્રાફિક કન્ટ્રોલ માટે, આગના જોખમો માટે, ઓપન લાઈટ નહીં વાપરવા બાબતે તથા અન્ય બાબતોએ સાવચેતીના પગલાં લેવાં જોઈએ.

૭. પેવર મશીનના સ્કીપ નીચે કામદારને ચાલતા રોકવા માટે પેવર મશીનને યોગ્ય ગાર્ડ કરવું.

# ટ્રાન્સપોર્ટ અને અર્થમુવીંગ સેફટી

## સંક્ષિપ્ત પાંચ માર્ગદર્શિકા

- ☛ ટ્રાન્સપોર્ટ અને અર્થમુવીંગ ઈકવીપમેન્ટ અધિકૃત કરેલ વ્યકિતઓ પાસેથી જ ઓપરેટ કરાવવા. કલીનર (સિગ્નલર)નો અવશ્ય ઉપયોગ કરો.
- ☛ બ્રેક, હેડ લાઈટ, સાઈડ લાઈટ હંમેશા કાર્યરત રાખવા.
- ☛ અર્થમુવીંગ મશીનરીઓ રોડ ઉપર ચલાવતા પહેલાં રોડની ચકાસણી કરવી જેથી મશીનરી રોડ પર બેસી ન જાય.
- ☛ જોખમી ગેસ / પ્રવાહી / કલોરીન કન્ટેઈનર ટ્રાન્સપોર્ટ કરતાં ડ્રાઈવરોને ''ટ્રેમ કાર્ડ'' (ટ્રાન્સપોર્ટ ઈમરજન્સી કાર્ડ) અવશ્ય આપવા તથા વાહનની આજુબાજુ અને પાછળની સાઈડે ઈમજન્સી પેનલ ડીસ્પ્લે કરવી.
- ☛ વાહન તથા અર્થમુર્વીંગ ઈકવીપમેન્ટના તમામ ગાર્ડ વ્યવસ્થિત રાખવા.





૮. રોડ રોલરને જમીન પર ચલાવતાં પહેલાં જમીનની ક્ષમતા અને જનરલ સેફટીને ધ્યાનમાં રાખવી. એન્જીન ગીઅરમાં ન હોય ત્યારે રોડ રોલરને નીચે તરફના ઢોળાવ પર ચલાવવું નહીં.

૯. જયારે પણ વાહનમાં ઉડી શકે એવો કચરો/સામાન લઈ જવામાં આવે ત્યારે તેને વ્યવસ્થિત રીતે તાડપત્રીથી ઢાંકવું / બંધ બોડીના વાહનનો ઉપયોગ કરવો.

૧૦. જે પણ વાહનમાં જોખમી ગેસ/પ્રવાહી/કલોરીન કન્ટેઈનર વિગેરે લઈ જવામાં આવે ત્યારે તે વાહનની આજુ બાજુ અને પાછળની સાઈડ સ્ટાન્ડર્ડ ‘‘ઈમર્જન્સી પેનલ’’ ડીસ્પ્લે કરવી.

૧૧. જોખમી ગેસ / પ્રવાહી / કલોરીન કન્ટેઈનર ટ્રાન્સપોર્ટ કરનાર ડ્રાઈવરને ‘‘ટ્રેમકાર્ડ’’(ટ્રાન્સપોર્ટ ઈમરજન્સી કાર્ડ) અવશ્ય આપવા.

૧૨. જેસીબી, પોકલેન્ડ જેવી હેવી અર્થમુવીંગ મશીનરી એક જગ્યાથી બીજી જગ્યાએ ટ્રાન્સફર કરવાનું સ્થળ દુર હોય તો તેને અન્ય ટ્રેલરમાં લઈ જવું કે જેથી જલ્દી પહોંચી શકાય.

## (૩) ક્લોરીનેશન સેફ્ટી

જો વ્યકિત વધારે પ્રમાણવાળી ક્લોરીન મિશ્રિત હવાના વાતાવરણમાં થોડો વખત રહે તો તેની ચામડી ઉપર અસર થતી નથી. પરંતુ જો પ્રવાહી ક્લોરીન ચામડી ઉપર પડે તો તેનાથી ચચળાટ તેમજ જલન થશે તેમજ શરીરના ટીશ્યુને નુકશાન થશે. ક્લોરીન ગેસથી શરીરમાં આડઅસર પેદા કરે છે તેવું કાંઈ જાણવા મળેલું નથી.

### ક્લોરીન વિષયક જાણકારી :-

- ક્લોરીન લીલાશ પડતા પીળા રંગનો તીવ્ર ગંધ વાળો વાયુ છે.
- ક્લોરીન હવા કરતા ભારે છે તેથી જમીનની પાસે રહે છે.
- જો તમે સાયરન સાંભળો તો પોતાના બચાવ માટે સાવધ અને સતર્ક રહો.
- જો ક્લોરીનનું વાદળ તમારા ઘર પાસે હોય તો તુરંત ઘરની અંદર જઈ બારી બારણા તથા વેન્ટીલેટર હવાચૂસ્ત બંધ કરો. પંખા કૂલર બંધ કરો.
- હવાની દિશા જાણવા ધૂળ ઉડાડી કે હલકાં કપડાંનો ટૂકડો લહેરાવીને પવનની દિશા નક્કી કરો અથવા દિશા દર્શકથી દિશા જાણી લો.
- જો ક્લોરીન ગેસ તમારા તરફ આવે તો હવાની દિશાથી ૯૦° નાં ખૂણે ભાગો, ભાગતી વખતે નાકને કપડાથી ઢાંકી, નાના અને હલકો શ્વાસ લો.
- રાતના સમયે બૂમો પાડીને, ઢોલ અથવા ડબ્બો વગાડીને પોતાના પડોશીઓને સાવધાન કરો.
- પશુઓને ખૂલ્લા છોડી દો અને સુરક્ષિત જગ્યાએ લઈ જાઓ.
- જો કોઈ વાહન ઉપલબ્ધ હોય તો દુર્ઘટના ગ્રસ્ત સ્થાનેથી દૂર ભાગી જાઓ.
- દર્દીને દુષિત વાતાવરણથી દૂર લઈ જાઓ.
- દર્દીને ધાબળો વગેરે ઓઢાડી ગરમ રાખો.
- જો ક્લોરીન ગેસની અસર થઈ હોય તો ગરમ દૂધ, ચા કે કફસીરપ લેવાથી ગળાને માટે લાભદાયક થશે.

# કલોરીનેશન સેફટી
## સંક્ષિપ્ત પાંચ માર્ગદર્શિકા

- ☛ કલોરીનનો વપરાશ હંમેશા અનુભવી અને તાલીમ પામેલી વ્યકિતઓ પાસે જ કરાવવું.
- ☛ કલોરીન ટનર/સીલીન્ડર બદલતી વખતે હંમેશા નવું લેડ વોશર જ વાપરો તથા વાલ્વ ખોલવા સ્ટાન્ડર્ડ ચાવી જ વાપરવી.
- ☛ દરેક કલોરીનેશન પ્લાન્ટ પાસે એમોનિયા ટોર્ચ અવશ્ય રાખવી.
- ☛ કલોરીન સેફટીને લગતા તમામ સાધનો જેવા કે કલોરીન ઈમર્જન્સી કીટ, બ્રીધીંગ સેટસ, સ્ક્રુબર વિગેરે જેવા સાધનો કાયમ જ કાર્યરત રહે તે પ્રમાણે રાખવા.
- ☛ હંમેશા કલોરીન ટનરનો ઉપરનો જ વાલ્વ ઉપયોગ કરવો.





# યાદ રાખો

૧. કલોરીન ગેસ હવા કરતાં 2½ ગણો ભારે છે તેથી તે જમીનની સપાટી પર ફેલાય છે અથવા તો ખાડો હોય ત્યાં સ્થિર થાય છે.

૨. કલોરીન ગેસ હવામાં જલ્દી ભળી જતો નથી એટલે તેની તીવ્રતા લાંબા સમય સુધી રહે છે.

૩. કલોરીનનું (ગણતર) લીકેજ જે ભાગમાંથી થતું હોય તેની ઉપર પાણીનો છંટકાવ કરશો નહી કેમ કે પાણીમાં તેની દ્રાવ્યતા ઘણી ઓછી છે. પાણીનો છંટકાવ કરવાથી ખવાણ (કોરોઝન) પ્રક્રીયા વધુ થાય છે તેથી કલોરીન ગેસના લીકેજમાં વધારો થશે.

૪. કલોરીન કન્ટેઈનરનું ઉષ્ણતામાન ૭૦ં સેન્ટીગ્રેડ થી વધતું હોવું જોઈએ નહી નહિંતર કન્ટેઈનર ફાટી જવાની શકયતાઓ છે.

૫. પ્રવાહી કલોરીન જો લીકેજ થાય તો તે વાયુરૂપ કલોરીન કરતાં ૪૬૦ ગણો ભયજનક છે.

૬. કલોરીન વહન કરતી પાઈપ લાઈન ઉપર વેલ્ડીંગ કરતાં પહેલાં પાઈપ લાઈન હવાથી પર્જ (સાફ) કરેલી હોવી જોઈએ.

૭. કલોરીન કન્ટેઈનરમાં ૮૦% જેટલો જ પ્રવાહી કલોરીન ભરેલો હોય છે.

૮. લીકેજવાળા સીલીન્ડરને પાણીમાં નાંખશો નહીં.

૯. કલોરીન ગેસનું લીકેજ ચકાસવા માટે એમોનીયા સોલ્યુશન ટોર્ચનો ઉપયોગ કરો જે સફેદ ધુમાડો ઉત્પન્ન કરે છે.

૧૦. કલોરીનના કન્ટેઈનર ઉપર તેના હાઈડ્રોલિક ટેસ્ટની તારીખ લખેલી હોય છે તે કન્ટેઈનર રીસીવ કરતી વખતે જોઈ લેવી જોઈએ.

૧૧. જયારે કલોરીન લીકેજ જણાય ત્યારે તાકીદે તેને બંધ કરવો અન્યથા મોટી હોનારત થવાની શકયતા રહેલ છે.

૧૨. જયારે પણ કલોરીન લીકેજ બંધ કરી ન શકાય એવી પરિસ્થિતી આવે ત્યારે તાકીદે સંબંધીતને જાણ કરી લીકેજ બંધ કરાવવું.

# કલોરીન વાપરવાની સલામત રીત

૧. અનુભવી તેમજ તાલીમ પામેલી વ્યકિતઓને કલોરીનને લગતાં સાધનોનું સંચાલન સોપવું જોઈએ. કલોરીનના કન્ટેઈનરને એક વખત લાઈન સાથે જોડયા પછી ખસેડવા નહી.

૨. કલોરીનના ટનરને હંમેશા આડા રાખવા જોઈએ. આડા રાખેલ ટનરમાં એક બાજુ તેનાં વળેલા ભાગમાં વચ્ચે બે વાલ્વ હોય છે. આડા રાખેલ ટનરમાં નીચેના ભાગમાં હંમેશા પ્રવાહી કલોરીન ભરેલો હોય છે કે જે નીચેના વાલ્વ સાથે સંકળાયેલ હોય છે. જયારે ઉપરના ભાગમાં હંમેશા વાયુ (ગેસ) સ્વરૂપનો કલોરીન રહેલો હોય છે કે જે ઉપરના વાલ્વ સાથે સંકળાયેલ હોય છે. ટનરમાં આપેલ બે વાલ્વ માંથી કદાચ નીચેનો વાલ્વ લીક થઈ જાય તો ટનરને ફેરવીને વાલ્વ ઉપર લાવવો. કલોરીન સીલીન્ડર હંમેશા ઉભા જ રાખવા જોઈએ.

૩. કન્ટેઈનરનું કનેકશન કરવા માટે દરેક વખતે નવું જ લેડ વોશર વાપરો. કલોરીનના કન્ટેઈનર અને પાઈપીંગ વચ્ચે હંમેશા ફલેકસીબલ, સાંધા વગરની અને ગરમ કરી ઠંડી કરેલી સ્ટાન્ડર્ડ કોપર ટયુબ જ વાપરવી જોઈએ.

૪. કન્ટેઈનરનો વાલ્વ ખોલવા માટે તેને અનુરૂપ એવી કી (પાનું) વાપરવું જોઈએ. પાઈપ રેન્ચ કે સ્ક્રુ પાનું સીલીન્ડરના વાલ્વ ખોલવા વાપરવું નહીં.

૫. સાધારણ દબાણથીજ વાલ્વ ખુલી જાય છે. સંજોગોવસાત વાલ્વ ન ખુલે અને બહું દબાણ સ્પીન્ડલ ઉપર આપવામાં આવે તો વાલ્વનું સ્પીન્ડલ તુટી જાય છે અથવા વાલ્વને નુકશાન થાય છે અને કલોરીન લીક થઈ તમારા ઉપર આવે છે. ધારો કે કોઈ વાલ્વ ઘણો જામ હોય અથવા ખુલતો ન હોય તો તમારે કી ઉપર વધુ દબાણ ન વાપરતાં પ્રથમ વાલ્વની જે ગ્લેન્ડ નટ હોય છે તે ફકત એક આંટો ખોલો જેથી વાલ્વના સ્પીન્ડલને ફરવાની થોડી જગ્યા થશે. ત્યારબાદ કી કે તેના માપનું પાનું વાલ્વના સ્પીન્ડલને લગાવીને સાધારણ બળ વાપરતાં વાલ્વ ખુલશે પછી તરતજ ગ્લેન્ડ નટ કે જે એક આંટો ખોલી હતી તે ફરી એક આંટો ચઢાવી દેવી અને ધારો કે ગ્લેન્ડ નટનો એકાદ આંટો ખોલતા પણ જો વાલ્વ ન ખુલે તો તે વાલ્વ ઉપર ઘણું

દબાણ ન કરતાં ટર્નરને આડું થોડું ફેરવો કે જેથી નીચેના વાલ્વ ઉપરની સ્થિતિમાં આવે અને આમ ઉપર આવેલ વાલ્વને ઉપર જણાવ્યા મુજબ ખોલવો અને આ રીતે જો વાલ્વ ખુલી જાય તો કામ સરળ થઈ જાય. પણ ધારો કે આ રીતે લીધેલ વાલ્વ પણ ન ખુલે તો કશું પણ કર્યા સિવાય જે સપ્લાયરે કન્ટેઈનર મોકલ્યા હોય તેને જણાવો.

૬. કન્ટેઈનરના વાલ્વ સાથે કલેમ્પથી કરેલા ફલેકસીબલ કનેકશનને ઉપયોગમાં લેતાં પહેલાં કન્ટેઈનરનાં વાલ્વને સાધારણ ખોલીને પ્રથમ એમોનીયા સ્ટીકથી કે લીકવીડ એમોનીયાના દબાણથી ભીંજવેલા કપડાં સાથેના સળીયાથી ચેક કરી લેવું જોઈએ. જો કલોરીન લીક હશે તો એમોનીયાની વેપરથી તરત જ સફેદ ધુમાડા નીકળશે અને આ રીતે જો લીકેજ દેખાય તો તરત જ કલેમ્પને ટાઈટ કરો કે ગાસ્કેટ ખરાબ થયું હોય તો બદલો.

૭. કલોરીનના કન્ટેઈનરને લાઈન સાથે જોડયા પછી કોઈપણ જગ્યાએ કલોરીન લીકેજ ન જણાય તે કન્ટેઈનરના વાલ્વને પૂરેપૂરો ધીરે ધીરે ખોલી નાંખો. કી(સ્પેનર) હંમેશા વાલ્વ ઉપર જ રાખો. જેથી કદાચ અચાનક કોઈ જગ્યાએથી એકાએક કલોરીન ગેસ લીક થાય અને તેનું પ્રમાણ જો વધી જાય તો કન્ટેઈનરના વાલ્વ ઉપર મુકી રાખેલી કી થી તાત્કાલીક વાલ્વને બંધ કરી શકાય.

૮. કલોરીન કન્ટેઈનરના વાલ્વને કલોરીનનો પ્રવાહ વધતો ઓછો કરવા ઉપયોગ કરવો નહી, પરંતુ કલોરીનેટરના કંન્ટ્રોલ વાલ્વથી ફલો ઓછો-વધારે કરવો અતિ આવશ્યક છે.

૯. કલોરીનના કન્ટેઈનરનો ઉપરનો વાલ્વ કલોરીન ગેસ ને બહાર કાઢવા માટે રાખેલો હોય છે. જયારે નીચેનો વાલ્વ પ્રવાહી કલોરીન માટે હોય છે. જેમ જેમ ઉપરના વાલ્વ માંથી કલોરીન ગેસ બહાર જાય તેમ તેમ ટનર ઠંડો થતો જાય છે. કલોરીન ગેસ સામાન્ય હવાના ઉષ્ણતામાને બહાર આવે છે આમ અંદરનો ગેસ બહાર નીકળતાં છેલ્લે તેનો પ્રવાહ ઘટી જાય છે તેમજ કન્ટેઈનર ઠંડો થાય છે. પ્રવાહ ઘટી જવાથી કન્ટેઈનરને સ્ટીમ, ગરમ પાણી કે ફલેમથી ગરમ કરવો એ સલામત નથી. આ રીતે ગરમ કરવાથી કલોરીન ગેસ એકદમ દબાણથી બહાર નીકળે અથવા ગરમ થવાથી

કન્ટેઈનર ધડાકા સાથે ફાટે અને કામ કરતાં માણસો ને અને માલ મિલ્કત ને નુકશાન થાય છે.

૧૦. કલોરીનના કન્ટેઈનર અને રેગ્યુલેટર વાલ્વ વચ્ચે પ્રેસર ગેજ રાખવું જોઈએ અને કલોરીન કન્ટેઈનરનું (દબાણ) પ્રેસર ૦.૫ કિ.ગ્રા./સે.મી.$^{૨}$ બાકી રહે એટલે કલોરીન કન્ટેઈનરનો વાલ્વ બંધ કરી દેવો. આટલું પ્રેસર કન્ટેઈનરમાં રાખવાથી પ્રવાહી કે બીજો કોઈ ગેસ કલોરીન કન્ટેઈનરમાં પ્રવેશતો અટકાવી શકાય છે.

૧૧. કલોરીનના કન્ટેઈનરનો સંગ્રહ ખુલ્લી જગ્યામાં જ છાપરા નીચે કરવો જેથી કન્ટેઈનર પર સૂર્યપ્રકાશ અને પાણી ન પડે.

૧૨. કલોરીનનો ઉપયોગ કરતી દરેક કંપનીએ કલોરીનને તટસ્થ રાખી શકાય તે માટે કોસ્ટીક અથવા ચુનાનું પ્રવાહી તૈયાર રાખવું જોઈએ. જેથી આકસ્મીક સંજોગોમાં કલોરીનને ન્યુટ્રલાઈઝ (તટસ્થ) કરી શકાય.

# ડ્રેનેજ સેફટી

## સંક્ષિપ્ત પાંચ માર્ગદર્શિકા

☛ ડ્રેનેજ લાઈનના મેઈન હોલ ચોંકીગ / સાફ સફાઈ માટે કામદારને મેઈન હોલમાં ઉતારવો નહીં.

☛ ખાસ સંજોગોમાં કામદારને ઉતારવો પડે તો તે કામગીરી નોન પીક અવર્સમાં સલામતીના તમામ સાધનો સાથે કરવી.

☛ કોઈપણ મેઈન હોલની સાફસફાઈની કામગીરી પહેલાં ૪૫ મીનીટ આજુબાજુના મેઈન હોલના ઢાંકણો ખોલી નાંખવા.

☛ ઊંડા મેઈન હોલમાં કામ કરતી વખતે સ્થળ ઉપર એમ્બ્યુલન્સ હાજર રાખવી. ડીવોટરીંગ પંપોનો ઉપયોગ કરો તથા જરૂર જણાયે વહેણને ડાયવર્ઝન આપો.

☛ મેનહોલની સાફ-સફાઈની કામગીરી દરમ્યાન આજુબાજુ ચેતવણીના બોર્ડ ડીસ્પ્લે કરવા.





# (૪) ડ્રેનેજ સેફ્ટી

**કામગીરી દરમ્યાન લેવા જોગ સાવચેતીના પગલાં :-**

સુઅર લાઈન ઓવરફલોની ફરીયાદોના નિકાલ કરતી વેળાએ મેનહોલ સાફ સફાઈ કરવાની આવશ્યકતા રહેતી હોઈ આ મેનહોલ સાફ કરતી વેળાએ નીચે મુજબનાં સેફ્ટી મેઝર રાખવાનું ખાસ જરૂરી બને છે.

૧. ડ્રેનેજ લાઈનના મેનહોલની ચોકીંગ / સાફ સફાઈ માટે કામદારને કોઈપણ સંજોગોમાં મેનહોલમાં ઉતારવો નહીં. ડ્રેનેજ લાઈનના મેનહોલની ચોકીંગ / સફાઈ માટેના ઉપકરણો જેવા કે સુઅર જેટીંગ મશીન, ગલ્પર મશીન અને પાવર બકેટ મશીનનો ઉપયોગ કરવો. ચોકીંગ દુર કરવા માટે સળીયા સાથેના વિવિધ એટેચમેન્ટસ જેવા કે કૂચા વર્મ, સળીયા વર્મ, બિલાડી (બકેટ) તીર (ભાલા પાનું)નો ઉપયોગ કરી શકાય.

૨. ડીસીલ્ટીંગની કામગીરી માટે ટેમ્પો માઉન્ટેડ ડીસીલ્ટમેન્ટ વાહનનો જ ઉપયોગ કરવો. ડ્રેનેજ લાઈનમાં ચોકીંગ / ડીસીલ્ટીંગ કામગીરીનો પૂર્વ અંદાજ મેળવવા કલોઝ સર્કીટ ટી.વી. જેવા આધુનિક ઉપકરણોનો અચૂક અમલ કરવો.

૩. ખાસ સંજોગોમાં ડ્રેનેજ મેનહોલના તુટેલા શાફટ રીપેર કરવા કે બેન્ચીંગ રીપેર કરવા કામદારને મેનહોલમાં ઉતારવાની જરૂર જણાય તો આવી કામગીરી ''નોન પીક અવર્સ''માં જ અને તે પણ ડીવોટરીંગ પંપ સાથે રાખી કામગીરી કરવી.

૪. ઉપરોકત કામગીરીમાં કામદારની વધુ સુરક્ષા માટે નીચે જણાવેલ પ્રાથમિક તૈયારીઓ કરવાની રહેશે.

૫. ડ્રેનેજ લાઈન પર જે મેનહોલ સાફ કરવાની આવશ્યકતા રહે છે તે મેનહોલની આજુબાજુના મેનહોલના ઢાંકણો સર્વ પ્રથમ ખોલી નાંખવા જરૂરી છે. ખુલ્લા કરવામાં આવેલ મેનહોલ ઉપર ટ્રાફિકની સલામતી માટે યોગ્ય ડાયામીટરની એમ.એસ.ની ફ્રેમ સહિતની જાળી અને ચેતવણી બોર્ડ સહિતનું યુનિટ બનાવી મુકવું જરૂરી છે. જેથી રાહદારી અને ટ્રાફિક ને લગતા અકસ્માતો નિવારી શકાય. (જુઓ આકૃતિ નં. ૧). ઢાંકણો ખોલ્યા બાદ ૩૦ થી ૪૫ મિનીટ પછી સળગતી મીણબત્તી કે ગેસ ડીટેકટરથી

મેનહોલમાં ગેસ છે કે કેમ તે ચકાસી લેવુ. ગેસ હોય તો ગેસ ડીટેકટરનો એલાર્મ વાગશે તથા મીણબત્તી હોલવાઈ જશે કે ભડકો થશે.

૬. જો ઉપર મુજબની ચકાસણી પરથી ગેસ હોવાનું લાગે તો સુઅર જેટીંગ મશીન કે ડીવોટરીંગ પંપથી તેમાં પાણી છાટવું. ‘‘બાંબુ’’ કે સળિયા વડે મેનહોલના તળિયા સુધી હલાવવાનું રાખવું અને પુરેપુરો ગેસ નીકળી ગયો છે કે કેમ ? તે ફરીથી ઉપર મુજબ ચકાસી લેવું.

૭. ઉપર મુજબ ચકાસણી કરતાં તેમાં ગેસ ન હોવાનું માલમ પડે પછી જ સીડી ઉતરાવવી, કામદારને સેફટી બેલ્ટ પહેરાવવો, સેફટી બેલ્ટ સાથે મોશનલેસ ડીટેકટર બાંધવું. પછી ટ્રોલી માઉન્ટેડ બ્રીધીંગ એપરેટસ નો માસ્ક પહેરાવવો અને તે માસ્કમાંથી કામદારને પુરતા પ્રમાણમાં હવા મળે છે કે કેમ ? તે જાણવું. માસ્ક એવી રીતે પહેરાવવો કે જેથી આજુબાજુની હવા તેમાં પ્રવેશે નહીં, ત્યાર બાદ સીડી મારફત કામદારને મેનહોલમાં ઉતારવો. (જુઓ આકૃતિ નં. ૨ અને ૩)

૮. મેનહોલમાં કામદારને ઉતાર્યા પછી સેફટી બેલ્ટના દોરડા પર અન્ય બેલદારને સતત નજર રાખવાની તાકીદ કરવી. કોઈ કારણસર અંદર ઉતરેલા માણસને બહાર આવવાનું જરૂરી જણાય અથવા તો મોશનલેસ ડીરેકટરનો અવાજ થાય તો તરત કામદારને બહાર ખેંચી કાઢવો. માસ્ક પહેરાવ્યા બાદ કામદારને પુરતા પ્રમાણમાં બ્રીધીંગ એપરેટસમાંથી હવા મળે છે કે કેમ તેની સતત પ્રેશર ગેજ પર તકેદારી રાખવી, જો સીલીન્ડરમાંથી હવા પુરી થઈ જવા પામે તો તેવા કિસ્સામાં સીલીન્ડરમાંથી એલાર્મ વાગ્યેથી કામદારોને બહાર ખેંચી લેવો.


૯. કપૂર જેવી દુર્ગંધનાશક ગોળીનો પણ ઉપયોગ કરવો. ગેસ માસ્કના ઉપયોગથી મેનહોલ ચેક/રીપેર કરાવવા તાલીમ પામેલ કર્મચારી/બેલદારને જણાવવું. ઊંડા મેનહોલમાં આવી કામગીરી માટે સ્થળ પર એમ્બ્યુલન્સ હાજર રાખવી.

૧૦. મેનહોલ ચેક/રીપેર કરવા જેવી કામગીરી પૈકી, જેમાં ઝેરી ગેસ હોય તેવા મેનહોલ માટે ટ્રેનીંગ લીધેલ માણસોની ઓછામાં ઓછી ચાર સ્કવોર્ડ બનાવવી. જેમાં યોગ્ય તાલીમ પામેલ સ્ટાફની નિમર્ણૂંક કરી તેમની દેખરેખ હેઠળ જ આવી કામગીરી કરાવવી.

૧૧. આવા પ્રકારની કામગીરી અંગે તથા પંપીંગ સ્ટેશનમાં વેટવેલ કે સ્ક્રીન ચેમ્બર ચેક/રીપેર કરવા અનુભવી માણસોની સ્કવોર્ડ મારફત કામ કરાવવું.

૧૨. નોન પીક અવર્સમાં પણ ડ્રેનેજના પાણીના ફલોની આવક બંધ થતી ન જણાય તો તેવા સંજોગોમાં ચેક/રીપેર કરવા જોગ સેકશનની નજીકના આજુબાજુના મેનહોલ આઈસોલેટ કરવા અને સાથે ડીવોટરીંગ પંપો મુકી કામગીરી કરાવવી.


**જે મેનહોલ ચેક / રીપેર કરવાનું હોય તેની આજુબાજુનાં મેનહોલનાં ઢાંકણો પ્રથમ ખોલી નાંખવા.**







(આકૃતિ નં. ૧)

મેનહોલની ચેક / રીપેરની કામગીરી દરમ્યાન સલામતી જાળવવા માટે આકૃતિમાં દર્શાવેલ જરૂરી સાધનોનો ઉપયોગ કરવો.



(આકૃતિ નં. ૨)

મેનહોલમાં ગેસ ન હોવાનું માલુમ પડતા કામદારને મોશનલેસ ડીટેકટર સેફટીબેલ્ટ, બ્રીધીંગ એપરેટસનો માસ્ક પહેરાવી રોપલેડર (સીડી) દ્વારા મેનહોલમાં ઉતારવો.



(આકૃતિ નં. ૩)

# તરણકુંડ સેફટી

## સંક્ષિપ્ત પાંચ માર્ગદર્શિકા

- ☛ તરણકુંડ ઉપર દર્શાવેલ સુરક્ષા / સલામતી માર્ગદર્શિકાનો અવશ્ય અમલ કરાવવો.
- ☛ તરણકુંડ ખાતે લાઈફ રીંગ / લાઈફ જેકેટ એ રીતે રાખવા કે જેથી શીખાઉ વ્યકિત તેને સરળતાથી પકડી શકે.
- ☛ તરણકુંડની અંદરની ગ્લેઝ ટાઈલ્સ અને હેન્ડ રેઈલની નિયમિત મરામત-જાળવણી કરવી.
- ☛ કલોરીન સીલીન્ડર બદલતી વખતે નવા લેડ વોશર વાપરવા તથા એમોનિયા ટોર્ચ પણ સાથે રાખવી.
- ☛ ઈન્સ્ટ્રકટરની સુચના વિના કોઈપણ શિખાઉ તરવૈયાને ઊંડા પાણીમાં જવા દેવા નહીં.





# બાગ–બગીચા સેફટી

## સંક્ષિપ્ત પાંચ માર્ગદર્શિકા

- ☛ બાગ-બગીચામાં રીચાર્જીંગ બોર તથા ટાંકીઓના ઢાંકણો હંમેશા બંધ રાખવા.
- ☛ સ્ટ્રીટલાઈટ / ડેકોરેટીંવ લાઈટ પોલના જંકશન બોકસ / ફીડરપીલર હંમેશા બંધ રાખવા.
- ☛ જે બાગ-બગીચામાં બોટીંગની સુવિધા હોય ત્યાં બોટની ક્ષમતા મુજબ વ્યકિતઓને બેસાડવા.
- ☛ રમતગમતનાં સાધનો તથા બાકડાંની નિયમિત ચકાસણી કરવી. તૂટેલા ભાગોની સમયસર મરામત કરાવવી.
- ☛ રમતગમતના સાધનોનો ઉપયોગ કરવા માટે જરૂરી સુચનાઓ ડીસ્પ્લે કરવી કે જેથી અકસ્માત ન થાય






# (૫) તરણકુંડ અને બાગ-બગીચા સેફ્ટી

**તરણકુંડ માટે સાવચેતીના પગલાં :**

તરણકુંડમાં કડક સુરક્ષાના ધોરણોનું નિયમન થાય તે ખુબજ જરૂરી છે. આથી સૌ પ્રથમ તો તરણકુંડમાં સુરક્ષાના ધોરણો તથા પ્રવેશ અંગે પાલિકા ધ્વારા જે ધારા ધોરણો અને નિતિ નિયમો તૈયાર કરેલા છે તેનું તમામ કર્મચારીઓએ તથા લાભ લેનારાઓએ શિષ્ટપણે પાલન કરવું. આવા નિતિ નિયમો અને સુરક્ષાના ધોરણો દરેક તરણકુંડ પર સ્પષ્ટ વંચાય એ રીતે મુકવાં.



તરણકુંડમાં કોઈને પણ દોડવા દેવું નહીં તથા ઢક્કા મારવા દેવા નહીં. ઈન્સ્ટ્રકટરની સુચના વિના ઊંડા પાણીમાં જવા દેવું નહીં તથા ઊંચાઈએ થી કુદવા દેવું નહીં. કાચની બોટલ, ગ્લાસ કે તીક્ષ્ણ સાધનો લાવવા દેવું નહીં. કાઈપણ શીખાવને એકલો તરવા દેવું નહીં. તરવૈયાઓ તરતા હોય ત્યારે કોઈને પણ ડાઈવીંગ કરવા દેવું નહી. તરણકુંડમાં જતાં પહેલાં સ્નાન કરી ચોખ્ખા થઈ જવું. તરણકુંડમાં કોઈ ને પણ કચરો નાંખવા દેવું નહીં.

તરણકુંડમાં કોઈ અકસ્માત ન બને તે માટે તરણકુંડ ખાતે લાઈફ રીંગ/જેકેટ રાખવા કે જેથી કોઈપણ સભ્યને તરતાં ન આવડતું હોય અને ડુબકી ખાતા હોય તે સમયે લાઈફ રીંગ આપી બચાવી શકાય. તરણકુંડમાં કલોરીન ગેસ ઉપયોગમાં લેવામાં આવતો હોઈ કલોરીન સીલીન્ડરનો વાલ્વ રોજેરોજ ચેક કરવો તથા વાલ્વ ઉપર કેપ તેમજ બોનેટ અવશ્ય લગાડવા. આ માટે ગેસ માસ્ક પહેરવો અને કલોરીન સીલીન્ડરની ચાવી બરાબર છે તે ચેક કરવી અને તેનો બંધ કરતી વખતે ઉપયોગ કરવો. તરણકુંડ ખાતે કોઈપણ જરૂરીયાત પડે તથા અકસ્માત બને તે વખતે જેતે સ્વીમીંગ પુલના ઈન્સ્ટ્રકટર, ચીફ સ્વીમીંગપુલ ઈન્સ્ટ્રકટર અને ફાયર બિગ્રેડને જાણ કરવી.

**બાગ–બગીચા માટે સાવચેતીના પગલાં :**


બાગ-બગીચામાં બનાવવામાં આવેલ રીચાર્જીંગ બોર તથા ટાંકીઓના ઢાંકણો હંમેશા બંધ રાખવા. રમત-ગમતના જે સાધનોનો ઉપયોગ કરવા માટેના જરૂરી સુચનો સ્પષ્ટ વંચાય તેમ ડીસ્પ્લે કરવા કે જેથી સાધન ઓવર લોડ થતાં તુટી ન જાય કે અકસ્માત ન થાય. બાગ-બગીચામાં ક્રિકેટ, વોલીબોલ જેવી રમતો રમવા દેવી નહીં. બાગ-બગીચાની સ્ટ્રીટ લાઈટનાં તમામ જંકશન બોક્ષ બંધ રાખવા. બાગ-બગીચામાં બનાવવામાં આવેલ તળાવમાં કોઈ ન ઉતરે એ અંગે સ્પષ્ટ નોટીશ ડીસ્પ્લે કરવી. જે બાગ-બગીચામાં બોટીંગની સુવિધા હોય ત્યાં બોટમાં નિયત કરવામાં આવેલ સંખ્યામાં જ વ્યકિતઓ બેસાડવા એટલે કે બોટને ઓવર લોડ કરવી નહીં. અન્યથા બોટ પાણીમાં ડૂબી જવાની શકયતા રહે છે. બાગ-બગીચામાં ચાલતી સ્કેટીંગની પ્રવૃત્તિમાં ભાગ લેનાર તાલીમાર્થીઓને સુરક્ષાનાં હેતુસર હેલ્મેટ અવશ્ય પહેરાવવી. જાહેર જનતાના બેસવાના ઉપયોગ માટેનાં બાંકડાઓનું સમયાંતરે મજબુતાઈ તથા આધાર સ્થિતી માટેની ચકાસણી કરવી.

# કન્સ્ટ્રકશન સેફટી

## સંક્ષિપ્ત પાંચ માર્ગદર્શિકા

- ☛ સ્કેફોલ્ડીંગ (માંચડાં) પુરતાં પ્રમાણમાં તાણીને વ્યવસ્થિત બાંધેલા હોવાં જોઈએ.
- ☛ બાંધકામ પ્રવૃત્તિમાં રોકાયેલા તમામે હેલ્મેટ, સેફટી શુઝ તથા જરૂરી સમયે હેન્ડ ગ્લોવ્ઝ પહેરવાં.
- ☛ સ્ટ્રકચરલ ઈજનેરની પરવાનગી સિવાય બાંધકામની કોઈપણ કામગીરીમાં ફેરફાર કરવો નહીં.
- ☛ કુશળ કામદારોએ જ યાંત્રિક ક્રોન્ક્રીટ બકેટ અને લીફટ ચલાવવી. જયાં ઉપરના ભાગે બાંધકામ થતું હોય ત્યાં નીચેના ભાગે આડશો રાખવી.
- ☛ બાંધકામમાં અવર-જવરના સ્થળોએ સળીયાઓ બહાર રાખવા નહીં.




PROPER SCAFFOLDING FOR SAFE WORKING AT HEIGHT

# (૬) કન્સ્ટ્રકશન, ડીમોલીશન અને ખોદકામ સેફટી

## (I) બાંધકામ વિષયક સુરક્ષા અને તકેદારી

આ તકેદારી યાદી બાંધકામના સ્થળો સાથે સંકળાયેલા કેટલાંક સર્વસામાન્ય જોખમો પર પ્રકાશ પાડે છે. તેમાં પૂછવામાં આવેલા પ્રશ્નો પાછળનો ઈરાદો નિર્માણ સ્થળ સુરક્ષિત અને સ્વાસ્થ્યપ્રદ છે કે નહીં તેનો નિર્ણય લેવામાં તમને મદદરૂપ બનવાનો છે.

**સુરક્ષિત કાર્ય સ્થળો :**

☛ શું પ્રત્યેક વ્યકિત તેના કામના સ્થળે સુરક્ષિત રીતે પહોંચી શકે છે ? દા.ત. રસ્તાઓ, જંગમ પુલ, બેઠકો વચ્ચેથી પસાર થવાનો રસ્તો, દાદરાઓ, નીસરણીઓ, પરસાળના રસ્તાઓ, મુસાફરોના ચઢઉતર માટેની વ્યવસ્થા અને પાલખો સારી હાલતમાં છે ખરી ?

☛ પાલખનું કામ કરવા માટેના સરકાતા માંચડા, ઈમારત, જંગમ પુલો અને ખાડાઓ પુલની ધાર પરથી પડી જવાની શકયતા ટાળવા સુરક્ષા જાળીઓ કે અન્ય કોઈ વ્યવસ્થા છે ખરી ?

☛ શું ઓગર બોર, કાણાંઓ અને ખુલ્લા ભાગો સુરક્ષિત રીતે જાળીઓથી બંધ કરવામાં આવ્યાં છે ? તેના આધારે સુરક્ષા જળવાય તેવી વ્યવસ્થા કરવામાં આવી છે અથવા તો પડી જવાના બનાવો રોકવા સ્થાયી અને સ્પષ્ટ ચેતવણી આપતા આવરણો બેસાડયાં છે ?

☛ શું માંચડા કે માળખા સ્થિર, પૂરતા પ્રમાણમાં તાણીને બાંધેલા અને વધુ પડતો બોજ લાદવામાં ન આવ્યો હોય તેવાં છે ?

☛ શું કામ ચાલે છે તેવા તમામ વિસ્તારો અને પગદંડીઓ સમતળ અને બાંધકામ માટેની સંગ્રહિત સામગ્રી તેમજ કાટમાળના ઢગલાં જેવા અવરોધોથી મુકત છે ?

☛ શું બાંધકામની જગ્યા વ્યવસ્થિત છે અને સામગ્રીનો સંગ્રહ સુરક્ષિત રીતે કરવામાં આવ્યો છે ?

☛ કાટમાળ, નકામી સાધન સામગ્રીના ઉચિત એકત્રીકરણ અને નિકાલની વ્યવસ્થા છે ખરી ?

☛ શું કામનું સ્થળ પૂરતો ઉજાસ ધરાવે છે ? સાંજ ઢળ્યા પછી રાત્રિના

☛ અંધકારમાં અથવા તો ઈમારતની અંદરના અંધારીયા ભાગમાં કામ કરવાનું હોય ત્યારે પ્રકાશની પુરતી વ્યવસ્થા રાખવામાં આવે છે ખરી ?

**બાંધકામ અંગેની સામાન્ય સુચનાઓ :**

☛ બાંધકામ પ્રવૃત્તિમાં રોકાયેલા તમામે હેલ્મેટ, સેફટી શુઝ તથા જરૂરી સમયે હેન્ડ ગ્લોઝ પહેરવા ફરજીયાત છે.

☛ સાઈટ પર લુઝ વાયરીંગ રાખવું નહીં તથા તમામ કેબલો (અર્થિંગ વાયર સહિત) મોટાભાગે સળંગ જ વાપરવા. તેમ શકય ન બને તો જોઈન્ટ યોગ્ય રીતે શીલ્ડ કરેલા હોવાં જોઈએ.

☛ બાંધકામના સ્થળે અવર-જવરના માર્ગમાં, જયાં ચાલુ બાંધકામના સળીયાઓ બહાર નીકળેલા હોય, અકસ્માત નિવારવા આવા સળીયાઓ યોગ્ય રીતે બાંધી ગાર્ડ કરેલા હોવાં જોઈએ.

☛ બાંધકામના સુપરવાઈઝરી સ્ટાફ ધ્વારા યોગ્ય સ્ટ્રકચરલ ઈજનેરની પરવાનગી મળ્યાં બાદ આપવામાં આવેલ સુચના સિવાય કોઈપણ પ્રકારનો વધારાનો બાંધકામનો લોડ કરવો / રાખવો નહીં.

☛ પોસ્ટ ટેન્સનીંગ કામ માટે રાખવામાં આવેલા કુશળ કામદારો સિવાય અન્ય કોઈ કામદારને આ જેકીંગ કામગીરી દરમ્યાન જેક પાછળ રાખવા નહીં. આ કામગીરી દરમ્યાન યોગ્ય ચિહ્નનો તથા આડશો રાખવા.

☛ કુશળ કામદારો સિવાય યાંત્રિક કોન્ક્રીટ બકેટ / લીફટ ચલાવવી નહીં તથા આવી કામગીરી દરમ્યાન કોન્ક્રીટ બકેટ / લીફટના પરિસરમાં કોઈ કામદારને પ્રવેશ આપવો નહીં.

☛ ન્યુમેટીક પંપ ધ્વારા કોન્ક્રીટ વહનની કામગીરી દરમ્યાન ડીસ્ચાર્જ પાઈપોને યોગ્ય રીતે ઓવર લોડની ગણતરી કરી ગાર્ડ કરેલા હોવાં જોઈએ. આવા ડીસ્ચાર્જ પાઈપોના જોઈન્ટ યોગ્ય પ્રેશરની ગણતરી સાથે કરેલા હોવાં જોઈએ.

☛ બાંધકામની કામગીરી દરમ્યાન વપરાશમાં ન લેવાજોગ યાંત્રિક સાધનો / વાહનો / મશીનરીઓ પર **''ચાલુ કરશો નહીં''** એવા ચિહ્નો ડીસ્પ્લે કરવા.

**પાલખો : માંચડાઓ** (Formworks)

☛ શું પાલખો બાંધવાનું, બદલવાનું અને છોડવાનું કામ સક્ષમ વ્યકિતઓ કરે

છે ? તેને આનુંસાંગિક ડીઝાઈન મંજુર કરાવી છે ?

- શું પાલખ માંચડા સુધી પહોંચવાની જગ્યા સુરક્ષિત છે ?
- શું તમામ સીધા થાંભલા, સળીયા, તાણીયા, કાંગરીઓ અને ટેકાઓ સુવ્યવસ્થિત હાલતમાં છે ?
- શું તમામ સીધા થાંભલા સરકી ન જાય કે ફસકી ન પડે તે માટે બેઝ પ્લેટસ (અને, જયાં જરૂરી હોય ત્યાં ટીમ્બર સ્પેલ પ્લેટસ) ધરાવે છે ?
- શું ભાંગી પડવાની ઘટના બનતી અટકે તે માટે ઈમારત કે માળખા સાથે પુરતી જગ્યાઓએ પાલખો લગાડવામાં આવી છે ?
- પ્રત્યેક ધાર, જયાંથી વ્યકિત બે મીટર કે વધુ અંતરે પટકાઈ શકે છે, ત્યાં પુરતા પ્રમાણમાં સુરક્ષા જાળીઓ અને પગ ટેકવવાની જગ્યાઓ અથવા સલામતીની તે પ્રકારની વ્યવસ્થાઓ કરવામાં આવી છે ખરી ?
- શું આવી પગ ટેકવવાની જગ્યાઓ (ટોબોર્ડસ), લઘુત્તમ ૧૫૦ એમ.એમ.ની ઊંચાઈ ધરાવે છે ખરી ?
- શું અપર ગાર્ડ રેઈલ કાર્ય વિસ્તારની ઓછામાં ઓછી ૯૧૦ એમ.એમ.ની ઊંચાઈએ બેસાડવામાં આવી છે.
- વધારાની તકેદારીઓ જેવી કે ટો બોર્ડ અને અપર ગાર્ડ રેઈલ (ટોચની સુરક્ષા જાળી) વચ્ચે અસુરક્ષિત હોય તેવી ૪૭૦ એમ.એમ. કરતાં વધુ ખાલી જગ્યા (ગેપ) ન રહે તેની ખાત્રી માટે ઈન્ટરમીડીએટ ગાર્ડ રેઈલ્સ અથવા તો બ્રીક ગાર્ડસની વ્યવસ્થા કરવામાં આવી છે ખરી ?
- કામ કરવા માટેના મંચો, પ્લેટફોર્મ બોર્ડથી જડવામાં આવ્યા છે અને આ બોર્ડ ખસી કે ફસકી ન જાય તેવી કાળજી લેવામાં આવી છે ?
- બનાવવામાં આવી રહી હોય તેવી અધુરી પાલખ કે માંચડો લોકો વાપરે નહીં તે માટે અસરકારક આડશો ઉભી કરવી અથવા તો ચેતવણીસૂચક બોર્ડ મૂકવા જેવા તકેદારીના પગલાં લેવામાં આવ્યા છે ?
- જયાં જરૂર જણાય ત્યાં સોઈલ ટેસ્ટ સર્ટીફીકેટ મેળવેલ છે ?
- શું પાલખ કે માંચડો, તેની પર જેનો જથ્થો રાખવાનો છે તેવી સામગ્રીનો ભાર ખમી શકે તે રીતે બાંધવામાં આવ્યા છે ખરો અને આ બોજો સપ્રમાણ રીતે વહેંચીને મૂકવામાં આવે છે ?
- સક્ષમ વ્યકિત ચોક્કસ સમયના અંતરે પાલખ/માંચડાનું નિરીક્ષણ કરે છે

ખરું ? દા.ત. સપ્તાહમાં ઓછામાં ઓછું એકવાર, અથવા તો તેનું નોંધપાત્ર પ્રમાણમાં પુનઃનિર્માણ થયુ હોય, નુકશાન થયું હોય કે વાવાઝોડું વરસાદ જેવી વિષય પરિસ્થિતિઓ પસાર થઈ હોય તે પછી ચકાસણી થાય છે ?

- ☛ આવી ચકાસણીના પરિણામો નોંધવામાં આવે છે ?
- ☛ ઉભા કરેલા માંચડાઓને બાંધકામ પહેલાં, બાંધકામ દરમ્યાન તથા બાંધકામ બાદ સતત ચકાસવામાં આવે છે કે કેમ ?
- ☛ શું તમામ બેઝ પ્લેટ, મથાળા (શોરહોસ), એક્ષટેન્શન ડીવાઈસીસ અને એડજસ્ટમેન્ટ સ્ક્રુ યોગ્ય રીતે જોડાયેલા છે અને ફાઉન્ડેશન તથા માંચડા સાથે યોગ્ય સલામત છે ખરા ?
- ☛ લટકતા માંચડાઓ યોગ્ય ડીઝાઈન કરેલા છે કે કેમ ?

**માંચડાઓ દૂર કરવા બાબત**

- ☛ નાંખવામાં આવેલ કોન્ક્રીટ પોતાનું વજન (સેલ્ફ લોડ) તથા તેની ઉપર ડીઝાઈન કરેલ વજન ઊંચકવા પુરતી ક્ષમતા કેળવેલ છે કેમ તે ચકાસ્યા બાદ જ માંચડાઓ દૂર કરવા.
- ☛ માંચડા દૂર કરવાની શરતો તથા સ્ટ્રકચર મેમ્બરની અગત્યતા મુજબ વિવિધ તબક્કાઓને અનુસરવામાં આવેલ છે કેમ તેની ચકાસણી કરવી.

**ઉર્જા દ્વારા સંચાલિત ઉપકરણો**

- ☛ શું સક્ષમ વ્યકિતએ ઉપકરણ પ્રસ્થાપિત કર્યુ છે ?
- ☛ માસ્ટ કલાઈમ્બર્સ જેવા સ્થાયી ઉપકરણો, જેના આધારે તેનું સંચાલન થાય છે તેવા માળખા સાથે મજબૂતીથી જોડવામાં આવ્યા છે ?
- ☛ કામ કરનાર માટેના પ્લેટફોર્મ, સુરક્ષા જાળીઓ, ટો બોર્ડસ કે અન્ય આડશો ધરાવે છે ?
- ☛ ફરતા પ્લેટફોર્મ લોકોને અથડાય નહીં, ઉપરથી પડતી સામગ્રી વાગે નહીં તે માટે લોકોને નજીક જતા રોકવા પાયાના વિસ્તારમાં જાળી કે વાડ જેવી વ્યવસ્થા કરવામાં આવી છે ?
- ☛ શું આવા ઉપકરણનુ ંસંચાલન કરનાર તાલીમબધ્ધ અને સક્ષમ છે ?
- ☛ દિવસને અંતે, કામ પૂર્ણ થયા પછી આવા ઉપકરણોને મળતો વીજ પ્રવાહ અટકાવી દેવાની અને ઉપકરણની સુરક્ષાની વ્યવસ્થા છે ખરી ?

**નીસરણીઓ – સીડીઓ**

- ☛ કાર્ય સ્થળ સુધી પહોંચવા માટે શું નીસરણીઓનો ઉપયોગ ઉચિત છે ?
- ☛ શું તમામ નીસરણીઓ સારી હાલતમાં છે ?
- ☛ બાજુમાં કે આગળ ખસી ન જાય તે રીતે નીસરણીઓ સુરક્ષિત ગોઠવવામાં આવી છે ?
- ☛ જયાં ચઢવાનું છે ત્યાં સુધી પહોંચે તેટલી પુરતી ઊંચાઈ નીસરણી ધરાવે છે ? જો તેમ ન હોય તો ટોચ પર હાથનો ટેકો લઈ શકાય તેવી વ્યવસ્થા છે ખરી ?
- ☛ શું નીસરણીઓ યોગ્ય રીતે ગોઠવવામાં આવી છે કે જેથી ચઢનારાઓને પગથિયા અથવા તો તેના ઉપર રાખવામાં આવેલી સામગ્રીને ઓળંગીને કામ કરવા જવું ન પડે ?
- ☛ શું નીસરણીઓને નક્કર ટેકાને આધારે ગોઠવવામાં આવી છે ? તકલાદી અથવા તો અસુરક્ષિત સામગ્રીનો ટેકો તો આપવામાં નથી આવ્યો ને ?

**છત પરનું કામ**

- ☛ છત કે છાપરા પર કામ કરનારાઓ અને અન્ય વ્યકિત ગબડી પડે નહીં તે માટે ખુલ્લી ધારોને આડશો/જાળીઓથી સુરક્ષિત કરવામાં આવી છે ?
- ☛ છત પરના પાટીયા / ચીપો પર હાથ અને પગ ટેકવવાની પુરતી વ્યવસ્થા છે ખરી ? જો તેવું ન હોય તો ખસ્તી નીસરણીઓ અને બોર્ડ જેવી સુવિધા રાખવામાં આવી છે અને તે ઉપયોગમાં લેવામાં આવે છે ?
- ☛ ઔદ્યોગિક સ્થળ માટે છત બનાવતા સમયે છતના લટકતા ભાગ પરથી કામ કરનારા પડી ન જાય અથવા તો તકલાદી કે પૂર્ણ રીતે બેસાડવામાં આવી ન હોય અને ખસી જાય તેવી છત પરથી ગબડી ન પડે તે માટે પુરતી તકેદારીઓ લેવામાં આવી છે ?
- ☛ એસ્બેસ્ટોસ, સીમેન્ટ શીટ અને રુફલાઈટસ જેવી હલકી સામગ્રી રાખવામાં આવી હોય અને નીચેના ભાગમાં લોકોની અવરજવર હોય કે કામ કરતાં હોય તેવા પ્રસંગે ઉચિત સુરક્ષા જાળીઓ, આડશોની વ્યવસ્થા છે ખરી ?
- ☛ છતનું કામ ચાલતું હોય તેવા સ્થળની નીચેના ભાગમાં લોકોની અવર-જવર અટકાવવામાં આવી છે ? જો આ શકય ન હોય તો, લોકોના માથા પર કાટમાળ પડે નહીં તે માટે વધારાની તકેદારીઓ લેવામાં આવી છે ?

- ☛ એક સાથે આઠ ફૂટથી વધુ ઊંચાઈના કામ દરમ્યાન, ચાલતાકામ ઓવર ટર્નીંગ કે પડી / ધસી ન જાય તે અંગે આડા ટેકા / પાલખ મુકવા પૂરતી પાલખોની જોગવાઈ કરેલી છે કે કેમ ?

**બાંધકામ વિષયક ખોદકામ**

- ☛ શું ખોદકામ શરૂ કરવામાં આવે તે પૂર્વે લાકડું, ખાડો ઢાંકવા માટેના પતરાં, ટેકા તેમજ અન્ય જરૂરી સામગ્રી ઉપલબ્ધ્ધ કરાવવામાં આવી છે ?
- ☛ શું આ સામગ્રી બાજુઓને આધાર આપવા જેટલી મજબૂત છે ?
- ☛ શું ટેકા ગોઠવવા માટે સુરક્ષિત પદ્ધતિ અપનાવવામાં આવે છે ?
- ☛ જો ખોદકામ ઢાળવાળી જગ્યાએ થઈ રહયું હોય ત્યાં માટી ખસકી/ધસી ન જાય તે માટેની સુરક્ષાના પગલાં લેવામાં આવે છે ?
- ☛ ખોદકામના સ્થળ સુધી પહોંચવા માટે સુરક્ષિત વ્યવસ્થા દા.ત. પુરતા પ્રમાણમાં લાંબી અને મજબૂત નીસરણી છે ખરી ?
- ☛ ખાઈમાં કોઈ ગબડી પડે નહી તે માટે સુરક્ષા જાળીઓ કે અન્ય આડશો રાખવામાં આવે છે ?
- ☛ વાહનો ખાડામાં પડી ન જાય તે માટે યોગ્ય રીતે સુરક્ષિત અવરોધો રાખવામાં આવે છે ?
- ☛ શું ખોદકામને કારણે નજીકના સ્ટ્રકચર્સ (માળખાઓ) ની સ્થિરતાને અસર થાય છે ? જો અસર થતી હોય તો માન્ય સ્ટ્રકચરલ ઈજનેરને રોકી સ્થિરતા સંબધિત સલાહ મેળવી તેનું અમલીકરણ કરવાનું રહેશે.
- ☛ બાજુઓ સરકી ન જાય તેની તકેદારી માટે સામગ્રી, ખોદાયેલી માટી અથવા પ્લાન્ટ/મશીનરી ખાડાની ધારોથી સલામત અંતરે રાખવામાં આવે છે ?
- ☛ શું પ્રત્યેક પાળીના પ્રારંભે સક્ષમ વ્યકિત ધ્વારા ખોદકામના સ્થળનું નિરીક્ષણ કરવામાં આવે છે ?
- ☛ માણસો ધ્વારા હેરફેરમાં ઈજા થવાના જોખમોનું મૂલ્યાંકન કરવામાં આવ્યું છે ?
- ☛ માણસો ધ્વારા બોજવહનનું પ્રમાણ લઘુત્તમ રાખવા હોઈસ્ટ, વ્હીલ બેરોઝ અને અન્ય ઉપકરણો વાપરવામાં આવે છે ?
- ☛ ભારે બ્લોકસની હેરફેર ટાળવામાં આવે છે ?

**વજન ચઢાવવાનું સાધન – હોઈસ્ટ**

- હોઈસ્ટના કોઈપણ ફરતા ભાગથી કોઈને ઈજા ન થાય અથવા તો તેના માર્ગમાં કોઈ ગબડે નહીં તે માટે પુરતી અને અસરકારક અટકાયતી વ્યવસ્થા રાખવામાં આવી છે ?
- ભોંયતળીયા સહિત લેન્ડીંગ્સના (ઉતારવાના) તમામ સ્થળોએ દરવાજાની વ્યવસ્થા છે ?
- પ્લેટફાર્મ લેન્ડીંગના સ્થળે હોય તે સિવાય દરવાજા બંધ રાખવામાં આવે છે ?
- એક સ્થળેથી હોઈસ્ટનું સંચાલન થઈ શકે તે માટે કંટ્રોલ્સની વ્યવસ્થા રાખવામાં આવી છે ?
- શું હોઈસ્ટનો પરિચાલક તાલીમબધ્ધ અને સક્ષમ છે ?
- શું હોઈસ્ટની સુરક્ષિત ભારવહન ક્ષમતા સ્પષ્ટપણે દર્શાવવામાં આવી છે ?
- જો હોઈસ્ટ ફકત માલસામાન ચઢાવવા માટેની હોય તો કામદારોને તેનો ચઢવા માટે ઉપયોગ કરતા અટકાવવા પ્લેટફોર્મ અથવા પીંજરા પર ચેતવણીનું પાટીયું લગાડયું છે ખરું ?
- સક્ષમ વ્યકિત ધ્વારા દર સપ્તાહે પ્રાથમિક સ્તરે અને પ્રત્યેક છ માસે હોઈસ્ટની ઝીણવટભરી ચકાસણી થાય છે ખરી ? શું આવી ચકાસણીના નિરીક્ષણો નોંધવામાં આવે છે ?

**ક્રેઈન્સ તેમજ ઊંચકવા માટેના સાધનો**

- શું ક્રેઈન્સ સમતળ અને નક્કર સપાટી પર રાખવામાં આવી છે ?
- ઊંચકવાની કોઈપણ કામગીરી શરૂ કરતા પૂર્વે સલામત વર્કીંગ લોડ અને તેને અનુરૂપ એરીયાની જાણકારી હોય છે અને તેને ધ્યાનમાં લેવામાં આવે છે ?
- જો ક્રેઈનની બોજ ઉઠાવવાની ક્ષમતા ૧ ટન કરતાં વધુ હોય તો તેની સાથે સ્વયંસંચાલિત સેફ લોડ ઈન્ડીકેટરની વ્યવસ્થા છે ખરી અને જો હોય તો તેની દર સપ્તાહે ચકાસણી અને જાળવણી કરવામાં આવે છે ?
- શું તમામ પરિચાલકો તાલીમબધ્ધ અને સક્ષમ છે ?
- સિગ્નર્સ (ક્રેઈન ડ્રાઈવરને ઉંચકવા સંબંધિત માહિતી આપનાર) સિગ્નલ આપી શકે અને લોડ(વજન) સાચા પ્રમાણમાં ભરી શકે તેવી તાલીમ

ધરાવે છે ?

- ☛ ઓપરેટર્સ (પરિચાલકો) અને બેન્કસમેન ભરેલા વજનને ઊંચકતા પૂર્વે વજન અને સેન્ટર ઓફ ગ્રેવીટી જાણી શકે છે ?
- ☛ શું ચકાસણી અને નિરીક્ષણના તારણોની નોંધ કરવામાં આવે છે ?
- ☛ શું ક્રેઈન માટે તાજેતરનું ટેસ્ટ સર્ટીફીકેટ મેળવવામાં આવ્યું છે ?

**પ્લાન્ટ અને મશીનરી**

- ☛ શું જે તે કામ માટે યોગ્ય પ્લાન્ટ અને મશીનરી વાપરવામાં આવે છે ?
- ☛ શું તમામ જોખમી ભાગો માટે સુરક્ષાની વ્યવસ્થા છે. જેમકે, ખુલ્લા ગીયર્સ, ચેઈન ડ્રાઈવ્સ, પ્રોજેક્ટીંગ એન્જીન શાફટસ વિગેરે.
- ☛ શું ગાર્ડસ સુરક્ષિત છે અને સારી રીતે દુરસ્ત કરવામાં આવે છે ?
- ☛ શું મશીનરીની યોગ્ય દુરસ્તી કરવામાં આવે છે અને સુરક્ષા માટેના તમામ સાધનો સારી રીતે કાર્યરત છે ?
- ☛ શું તમામ પરિચાલકો તાલીમબધ્ધ અને સક્ષમ છે ?

**વાહન વ્યવહાર અને વાહનો**

- ☛ શું સાઈટની આસપાસ રાહદારીઓ અને વાહનો માટે અલાયદી જગ્યાઓ અને માર્ગો (રૂટસ) રાખવામાં આવ્યા છે ? જો આવી વ્યવસ્થા ન હોય તો શું રાહદારીઓ અને વાહનો શકય હોય તેટલા પ્રમાણમાં જુદા રાખવામાં આવે છે ?
- ☛ વાહન પાછું વાળવાની આવશ્યકતા લઘુત્તમ રાખવા વન-વે પ્રણાલિ અથવા તો વળાંકની વ્યવસ્થા રાખવામાં આવી છે ?
- ☛ જયાં વાહન પાછું વાળવું પડે તેમ હોય ત્યાં, તેનું નિયંત્રણ યોગ્ય તાલીમ ધરાવતા સિગ્નર્સ/બેંન્કસમેન કરે છે ખરા ?
- ☛ શું વાહનોની સારસંભાળ રાખવામાં આવે છે, તેના સ્ટીયરીંગ, હેન્ડબ્રેક અને ફૂટબ્રેક યોગ્ય રીતે કામ કરે છે ?
- ☛ શું વાહનચાલકોને જરૂરી તાલીમ આપવામાં આવી છે ?
- ☛ શું વાહનોમાં સલામત વજન ભરવામાં આવે છે ?
- ☛ જોખમી સ્થિતિમાં કામદારોને પ્રવાસ કરતા રોકવામાં આવે છે ?

# ડીમોલીશન સેફ્ટી

## સંક્ષિપ્ત પાંચ માર્ગદર્શિકા

- ☛ ડીમોલીશનનું કામ નિયત, સલામત કાર્યપદ્ધતિ મુજબ જ કરાવવું. મોટી અને જોખમી ઈમારતનું ડીમોલીશન કરતા પહેલાં કામગીરીના તબક્કાનું પ્લાનીંગ કરવું અને કામગીરીમાં યોગ્ય વ્યવસ્થાપન ગોઠવવું.
- ☛ કામદારના અવર-જવરના રસ્તા હંમેશા સુરક્ષિત રાખવા.
- ☛ ડીમોલીશન શરૂ કરતાં પહેલાં પાણીની લાઈન, ઈલેક્ટ્રીક કેબલો, ગેસ લાઈન વગેરે બંધ કરાવવું.
- ☛ ડીમોલીશન દરમ્યાન જરૂર જણાયે સ્ટ્રકચરલ ઈજનેરને સ્થળ પર હાજર રાખવાં.
- ☛ મોટા ડીમોલીશનની કામગીરી પૂર્વે તૈનાત થનાર સીકયુરીટી સ્ટાફના લોકેશનનું પૂર્વ મેપીંગ કરવું.


vodafone



## (II) ડીમોલીશન સેફ્ટી

૧. ડીમોલીશન વખતે બિનઅધિકૃત વ્યકિતના પ્રવેશને રોકવા માટે મકાન અથવા અન્ય બાંધકામની દરેક બાજુએ અડચણ અને ચેતવણીના ચિહ્નો લગાડવા જોઈએ. ઊંચાઈવાળા છાપરાના ડીમોલીશનના કામ દરમ્યાન, દિવાલ કે છાપરાની નીચેની વ્યકિતઓ ઉપર ચીજવસ્તુઓ પડવાની શકયતાઓ હોય ત્યાં, વર્કીંગ લેવલથી છ મીટરથી વધુ ન હોય, તેટલા લેવલે કેચ પ્લેટફોર્મની વ્યવસ્થા કરવી અને જાળવવી. આવા કામદારોની સલામતી અને પુરતા રક્ષણ માટે બહારથી બાંધેલ પાલખ પૂરો પાડેલ હોય તો તે પુરતું ગણાશે. કામને સહેલાઈથી જોઈ શકાય તેવા સ્થળે યોગ્ય અને નેશનલ સ્ટાન્ડર્ડ મુજબના નિયત સાવચેતીના ચિહ્નો પ્રગટ કરેલા અથવા લગાડેલા રાખવા.

૨. ડીમોલીશનની બાજુની દિવાલોની તપાસણી કરવી જોઈએ. બાજુનું બાંધકામ અસલામત થાય તેમ હોય તો ટેકાઓ મૂકવા વગેરે સુધારત્મક પગલાં લીધા સિવાય ડીમોલીશન કામ કરવું નહીં.

૩. દિવાલોને તોડી પાડવાનું કામ નિયત સલામત કાર્યપધ્ધતિ મુજબ જ કરવું. ઈંટોને બાંધકામની મજબૂતાઈને અસર કરે તેમ પાડવી નહીં. પવન અથવા ધ્રુજારીને કારણે કોઈ દિવાલ, ચીમની કે અન્ય બાંધકામ પડી જાય તેવી રીતે અસુરક્ષિત રાખવું નહીં. બાહ્ય દિવાલોને હાથથી તોડતી વખતે કામદારને મજબૂત ફલોરીંગ કે પાલખ પૂરા પાડવા.

૪. મકાન તોડી નાંખતી વખતે કામદારોના અવર જવરના રસ્તા જેવા કે પ્રવેશ દ્વાર, સીડી, નિસરણી વગેરેને ચીજ-વસ્તુઓના પડવાથી સુરક્ષિત રાખવા.

૫. સ્ટીલ સ્ટ્રકચરને કોલમ પ્રમાણે અને માળ પ્રમાણે તોડવું. બાંધકામના મોટા ભાગોને નીચે નહી ફેંકતાં યોગ્ય સલામત રીતે નીચે ઉતારવા.

૬. તમામ પદાર્થો અથવા વસ્તુઓને પ્લેટફોર્મ, માળ અથવા સીડી પર રાખવા નહીં. સીડી અથવા પેસેજને ચીજવસ્તુઓના સંગ્રહથી અસર ન થાય / બ્લોક ન થાય તેની ખાત્રી કરવી. કામદારોના ઉપયોગવાળી જગ્યાએ ચીજ વસ્તુઓ પડે નહીં તે માટે યોગ્ય અડચણો પૂરી પાડવી.

૭. ભંગાર દૂર કરવા માટે સૌથી ઉપરના માળ સિવાયના માળ માટેના ઓપનીંગને કવર પુરૂં પાડવું અથવા કોઈ કામદાર આવા ઓપનીંગથી છ

મીટર દૂરના અંતરે પ્રવેશે નહીં તેવી અડચણ મૂકવી.

૯. ડીમોલીશન માટે જવાબદાર વ્યકિત, ડીમોલીશન દરમ્યાન થયેલ જોખમોને શોધવા માટે અથવા દિવાલ, માળ નબળો થઈ ગયો હોય, ચીજ વસ્તુ ઢીલી થઈ હોય, તેની સતત તપાસણી કરવી જોઈએ અને આવા જોખમને ટેકા વિગેરેથી નિવારવા માટે સુધારાત્મક પગલાં લે નહીં ત્યાં સુધી કામદારને ત્યાં કામ કરવાની મંજૂરી આપી શકશે નહીં.

૧૦. ડીમોલીશનનું કામ શરૂ કરતાં પહેલાં કાચ અને તેના જેવા પદાર્થ અથવા બાહ્ય દરવાજાઓને પ્રથમ દૂર કરવા પાણી, ઈલેકટ્રીસીટી, ગેસ વગેરેની સપ્લાય લાઈનો બંધ કરવી.

- ☛ ડીમોલીશન સ્થળે પૂરતા પ્રકાશની વ્યવસ્થા માટે અગાઉથી જરૂરીયાત મુજબ લાઈટીંગ વ્યવસ્થા કરવી.
- ☛ આર.સી.સી./લોડબેરીંગ વધુ માળવાળા બાંધકામના કે અતિ બિસ્માર મિલ્કતોના ડીમોલીશન પૂર્વે યોગ્ય સ્ટ્રકચરલ ઈજનેરની પૂર્વ સલાહ લઈ ડીમોલીશનની કામગીરીનું તબક્કાવાર આયોજન કરવું. જરૂર જણાયે જે તે સ્ટ્રકચરલ ઈજનેરને ડીમોલીશન સ્થળે હાજર રાખવા.
- ☛ મોટા ડીમોલીશનની કામગીરી પૂર્વે આ કામગીરીમાં તૈનાત થનાર સીકયુરીટી સ્ટાફના લોકેશનનું પૂર્વ મેપીંગ કરી લેવું.
- ☛ ઈમારત પડી / ધસી જવાની ઘટનામાં, ઘટના સ્થળે સમયસર ભારે વાહનો જેવા કે પોકલેન મશીનને પહોચાડવા માટે લોડેડ લોંગ ટ્રેલરની આગળ પાઈલોટીંગ વાહન તરીકે ફાયર વિભાગના સાયરન સહિતના વાહનનો ઉપયોગ કરવો.
- ☛ જે તે દિવસની ડીમોલીશનની કામગીરીના વિરામ બાદ, ભેગી થયેલ ધૂળ (ડસ્ટ), કાટમાળ (ડેબરીસ), ઈંટો વિગેરે પરચુરણ નકામો સામાન, જે બીજા દિવસની ડીમોલીશનની કામગીરીમાં અવરોધ રૂપ બની શકે તેમ હોય તે તમામ યોગ્ય સાધન, વાહન કામદાર થકી દૂર કરવો.

૧૧. યાંત્રિક રીતે જેમ કે, લટકતું વજન, પાવર શોવેલ, બુલડોઝર વગેરેથી ડીમોલીશન કરવામાં આવે ત્યારે નીચેની જરૂરિયાતો પૂર્ણ કરવી.

- ☛ મકાન અથવા બાંધકામ અથવા તેનો બાકીનો ભાગ ૨૪ મીટર કરતાં વધુ ઊંચાઈનો ન હોવો જોઈએ.

☛ લટકતા વજનથી ડીમોલીશન કરવામાં આવે ત્યારે વજનને જે ઊંચાઈએ મારવામાં આવે તે ઊંચાઈના દોઢ ગણા અંતરનો વિસ્તાર સુરક્ષિત  રાખવો જોઈએ.

☛ જો કલેમશેલ બકેટનો ડીમોલીશન માટે ઉપયોગ કરવામાં આવે તો આ બકેટની ટ્રાવેલ લાઈનથી ૮ મીટર નો વિસ્તાર સુરક્ષિત રાખવો.

☛ જયારે યાંત્રિક રીતે મકાન અથવા અન્ય બાંધકામને સંપૂર્ણ અથવા આંશિક રીતે તોડી પાડવામાં આવે ત્યારે તેની ઊંચાઈના દોઢ ગણા વિસ્તારને સુરક્ષિત કરવો.

☛ ડીમોલીશન કામ માટે જરૂરી હોય તે સિવાયની અન્ય વ્યકિતઓને ડીમોલીશન ઝોનમાં પ્રવેશવા દેવા નહીં.

૧૨. ડીમોલીશન માટે ઉપયોગમાં લેવાતા સાધનોની નીચે મુજબ ચકાસણી કરવી.

☛ શું ક્રેઈન્સ જેસીબી, પોકલેન વિગેરે મશીનરી સમતળ અને નક્કર સપાટી પર રાખવામાં આવી છે ?

☛ ઊંચકવાની કોઈપણ કામગીરી શરૂ કરતા પૂર્વે સલામત વર્કીંગ લોડ અને તેને અનુરૂપ એરીયાની જાણકારી ધ્યાનમાં લેવામાં આવેલ છે ?

☛ જો ક્રેઈનની બોજ ઉઠાવવાની ક્ષમતા ૧ ટન કરતાં વધુ હોય તો તેની સાથે સ્વયંસંચાલિત સેફ લોડ ઈન્ડીકેટરની વ્યવસ્થા છે ખરી અને જો હોય તો તેની દર સપ્તાહે ચકાસણી અને જાળવણી કરવામાં આવે છે ?

☛ શું તમામ પરિચાલકો તાલીમબધ્ધ અને સક્ષમ છે ?

**સિગ્નર્સ**

☛ સિગ્નર્સ, સિગ્નલ આપી શકે અને લોડસ(વજન) સાચા પ્રમાણમાં ભરાવી શકે તેવી તાલીમ  ધરાવે છે ?

☛ ઓપરેટર્સ (પરિચાલકો) અને બેન્કસમેન ભરાવેલ વજનને ઊંચકતા પૂર્વે વજન અને સેન્ટર ઓફ ગ્રેવીટી જાણી શકે છે ?

☛ શું ચકાસણી અને નિરીક્ષણના તારણોની નોંધ કરવામાં આવે છે ?

☛ શું ક્રેઈન માટે તાજેતરનું ટેસ્ટ સર્ટીફીકેટ મેળવવામાં આવ્યું છે ?

**પ્લાન્ટ અને મશીનરી**

☛ શું જે તે કામ માટે યોગ્ય પ્લાન્ટ અને મશીનરી વાપરવામાં આવે છે ?

- ☛ શું તમામ જોખમી ભાગો માટે સુરક્ષાની વ્યવસ્થા છે ? જેમકે, ખુલ્લા ગીયર્સ, ચેઈન ડ્રાઈવ્સ, પ્રોજેકટીંગ એન્જીન શાફટસ વિગેરે.
- ☛ શું ગાર્ડસ સુરક્ષિત છે અને સારી રીતે દુરસ્ત કરવામાં આવે છે ?
- ☛ શું મશીનરીની યોગ્ય દુરસ્તી કરવામાં આવે છે અને સુરક્ષા માટેના તમામ સાધનો સારી રીતે કાર્યરત છે ?
- ☛ શું તમામ પરિચાલકો તાલીમબધ્ધ અને સક્ષમ છે ?

**વાહન વ્યવહાર અને વાહનો**

- ☛ શું સાઈટની આસપાસ રાહદારીઓ અને વાહનો માટે અલાયદી જગ્યાઓ અને માર્ગો (રૂટસ) રાખવામાં આવ્યો છે ? જો આવી વ્યવસ્થા ન હોય તો શું રાહદારીઓ અને વાહનો શકય હોય તેટલા પ્રમાણમાં જુદા રાખવામાં આવે છે ?
- ☛ વાહન પાછુ વાળવાની આવશ્યકતા લઘુત્તમ રાખવા વનવે પ્રણાલિ અથવા તો વળાંકની વ્યવસ્થા રાખવામાં આવી છે ?
- ☛ જયાં વાહન પાછું વાળવું પડે તેમ હોય ત્યાં, તેનું નિયંત્રણ યોગ્ય તાલીમ ધરાવતા સિગ્નર્સ / બેન્કસમેન કરે છે ખરા ?
- ☛ શું વાહનોની સારસંભાળ રાખવામાં આવે છે, તેના સ્ટેરીંગ, હેન્ડબ્રેક અને ફૂટબ્રેક યોગ્ય રીતે કામ કરે છે ?
- ☛ શું વાહનચાલકોને જરૂરી તાલીમ આપવામાં આવી છે ?
- ☛ શું વાહનોમાં સલામત વજન ભરવામાં આવે છે ?
- ☛ જોખમી સ્થિતિમાં મુસાફરોને પ્રવાસ કરતા રોકવામાં આવે છે ?

# ખોદકામ સેફ્ટી

## સંક્ષિપ્ત પાંચ માર્ગદર્શિકા

- ☛ પુરાણવાળી પોચી માટીમાં વધુ ઊંડાઈએ કામ કરતી વખતે દિવાલ ધસે નહીં તે માટે આડા ટેકાથી આધાર આપવો.
- ☛ ખોદકામ દરમ્યાન કેબલ, પાઈપલાઈન વિગેરેને નુકસાન થાય તો તાકીદે સંબધિતને જાણ કરવી.
- ☛ ખોદાણવાળી માટી સૂચવેલ લીડ અને લીફ્ટ મુજબ ખાડાથી દૂરથી નાંખવી.
- ☛ જાહેર રસ્તા ઉપર ખોદકામ કરતી વખતે આજુ બાજુનો વિસ્તાર કોર્ડન કરવો તથા જરૂરી ચિહ્નો, ડાયવર્ઝન વિગેરેના રેડીયમ અક્ષરવાળા બોર્ડ લગાડવા.
- ☛ ખોદાણવાળી ટ્રેન્ચમાં કામગીરી પુરી થયેથી રીફીલીંગ વ્યવસ્થિત કરાવવું.





## (III) ખોદકામ સેફટી

**કામગીરી દરમ્યાન લેવાજોગ સાવચેતીના પગલાં :–**

૧. નળીકા ગ્રાઉન્ડ લેવલથી ૩ મીટર કે તેથી વધુ ઊંડાઈ એ નાંખવા ના પ્રસંગે ''શોરીંગ - સ્ટ્રટીંગ'' કરાવવું (જુઓ આકૃતિ નં. ૧ અને ૨)

૨. ખોદાણવાળી માટી ટ્રેન્ચના ખોદાણથી ૨ મીટર દૂર નાંખવી.

૩. ''ઘોડી - (ટ્રાઈપોડ) **(Tripod)**'' તથા ચેઈનપૂલી બ્લોક દ્વારા ભારે પાઈપો, સ્લુઝ વાલ્વ, ટી વિગેરે ખોદાણવાળા ભાગમાં ઉતારતા પહેલાં ''ઘોડી'' નો હુક ચેક કરવો તથા ચેઈનપુલી બ્લોકની ચકાસણી કરવી તેમજ ''પીરીયોડીકલ'' ધોરણે ચેઈનપુલી બ્લોકમાં ઓઈલ-ગ્રીસીંગ કરવું. ઘોડી (ટ્રાઈપોડ) **(Tripod)** તથા ચેઈનપૂલી બ્લોકથી કામગીરી કરવાના પ્રસંગે ઘોડી સમતોલમાં રહે તે માટે તેના દરેક પગ (સપોર્ટ) પાસે કામદારને ઊભા રાખવા. (જુઓ આકૃતિ નં. ૩)

૪. પાઈપો - સ્પેશીયલ્સનાં સીસાના જોઈન્ટની કામગીરી દરમ્યાન કામદારો - નાગરિકોની અવરજવર ન હોય તેવા સ્થળે સીસું ગરમ કરવું. ગરમ કરેલ સીસું, ગરમ કરવાના સ્થળથી જોઈન્ટના સ્થળે લઈ જતાં પહેલાં જે સાધનોમાં (ડોલ) લઈ જવામાં આવે છે તે સાધનની સંપૂર્ણ ચકાસણી કરવી તથા વહન કરનાર કામદારને હેન્ડગ્લોવ્ઝ તથા ગમબૂટ પહેરાવવા.

૫. સીસાના જોઈન્ટ કરવાના સ્થળે જોઈન્ટમાં સીસું નાંખતી વખતે આજુબાજુમાં સીસું નાંખનાર સિવાય કોઈપણ વ્યકિત કે કામદારને ઊભા રહેવા દેવું નહીં. સીસું ગરમ કરવાના સ્થળે સીસાની કામગીરી પૂરી થાય ત્યાં સુધી કામદાર - ચોકીદારને સતત ત્યાં જ હાજર રાખવો.

૬. જાહેર રસ્તા ઉપર પાઈપ લાઈન નાંખવાના પ્રસંગે 'રસ્તો બંધ' ના રેડીયમ અક્ષરથી લખેલા બોર્ડ મુકવા તથા રાત્રીના સમય દરમ્યાન નાગરિકો દૂરથી જોઈ શકે તે પ્રમાણે, બેરીકેટીંગ ટેપ, રીફલેકટર, લાલ-લાઈટ કે લાલ કલરના ફાનસો ગોઠવવા.

૭. કોઈ સંજોગામાં રસ્તાનો થોડો ભાગ (લંબાઈમાં) બંધ કરી કામગીરી કરવાના પ્રસંગે જે દિશામાં ટ્રાફિક વાળવાનો હોય ત્યાં અને સરળતાથી વાંચી શકાય તેવા સ્થળે સૂચનાના બોર્ડ મૂકવા.

૮. ૨ મીટર થી વધુ ઊંડાઈએ આવેલ ''સ્કાવર વાલ્વ'' ના રીપેરીંગ કે બદલવાની કામગીરી દરમ્યાન તેના સ્લુઝ વાલ્વ બરાબર બંધ છે કે નહિ


તેની સતત ચકાસણી રાખવી.

૯. ખોદાણવાળી ટ્રેન્ચમાં કામગીરી પૂરી થયે રીફીલીંગ દરમ્યાન બરાબર વોટરીંગ કરાવવું અને આવા કામનો આઈટમના સ્પેશીફીકેશનમાં સમાવેશ કરવો. જેથી ચોમાસા દરમ્યાન ટ્રેન્ચ બેસવાને કારણે થતાં અકસ્માત નિવારી શકાય.

૧૦. ખોદાણકામ દરમ્યાન ઈલેકટ્રીક કેબલને કે ગેસની પાઈપને કોઈ સાધન લાગવાથી જો આવા કેબલમાંથી કે પાઈપમાંથી સ્પાર્ક કે ધૂમાડો (ગેસ) નીકળે તો આવા સ્થળે તાકીદે કામ બંધ કરી તેની જાણ ઈલેકટ્રીક કંપની ટોરન્ટ પાવર એસ.ઈ.સી. લી.ને ફોન :- ૧૫૫૩૩૩, ૨૪૨૮૨૮૧, ૨૪૨૮૨૮૨, ૨૪૨૮૨૮૩, ડી.જી.વી.સી.એલ.[જી.ઈ.બી.]ને ફોન :- ૨૮૦૪૪૯૧, ૯૮૭૯૨ ૦૧૨૫૭ અને ગુજરાત ગેસ કું.ને ફોન :- ૯૯૨૪૦ ૦૩૦૦૦, ૯૯૨૪૦ ૦૪૦૦૦ પર કરવી.

૧૧. કોઈપણ સ્થળે ખોદકામ કરતાં પહેલાં સંબંધિત એજન્સીઓ જેવીકે ઈલેકટ્રીક કંપની, ગેસ કંપની, ટેલીફોન / ફાયબર ઓપ્ટીક્ષ કેબલ / પાઈપ તથા પાલિકાના અન્ય વિભાગો જેવા કે પાણી, ડ્રેનેજ, સ્ટોર્મ વિગેરેને પણ જાણ કરવી તથા કામગીરી દરમ્યાન જેતે વિભાગના સંબંધિતને સ્થળ ઉપર હાજર રાખવા આગ્રહ રાખવો.

૧૨. નદીમાં બાંધકામની કામગીરી ચાલુ હોય ત્યારે કામગીરીના સ્થળે પહોંચવા માટે હોડી/પોન્ટુન જેવા સાધનોની વ્યવસ્થા કરવામાં આવી હોય તો તેવા સાધનો સંપૂર્ણ ચકાસણી કર્યા બાદ જ ઉપયોગમાં લેવાં.




પુરાણવાળી - પોચી માટીમાં ઉપરથી જ ટેકા આપવા.

વધુ ઊંડાઈએ ખોદકામ કરતી વખતે, દિવાલ નહી ધસે તેમ દિવાલને આડા ટેકાથી આધાર આપો.


આકૃતિ નં. ૧

વજનદાર મશીનરી કે પાઈપ ઊંચકવા માટે જરૂરી ક્ષમતાના ચેઈન-પુલી બ્લોક / ક્રેઈનનો ઉપયોગ કરવો.


ચેઈનપુલી બ્લોક



ક્રેઈન



આકૃતિ નં. ૨



''સાવધાની - કાળજી - ધીરજ''
બધુ ધ્યાન એકત્રીત કરો.

આકૃતિ નં. ૩

## (૭) ઊંચાઈ ઉપર કાર્ય કરતી વખતે સેફ્ટી

૧. ઊંચાઈ ઉપર કરવાના દરેક પ્રકારના કાર્યનું, કાર્યના પ્રકાર, કાર્યનું સ્થળ, કાર્ય કરનાર માણસો, ઉપલબ્ધ સાધનો / ઓજારો વગેરેનું અગાઉથી પૃથ્થકરણ કરો. કાર્ય કરવા માટે વપરાતી પદ્ધતિનું પૃથ્થકરણ કરો. પ્રથમ સુરક્ષિત પદ્ધતિ બનાવો. ઊંચાઈ ઉપરના તમામ કામો માટે વર્ક પરમીટ આપવી તથા વર્ક પરમીટમાં જણાવેલ સૂચનાઓનું સંપૂર્ણ પાલન કરાવવું. વર્ક પરમીટ આપવા છતાં કામ કરતા સમયે જોખમી પરિસ્થિતી જણાય તો તરત જ સુપવાઈઝરને જણાવવું.

૨. જે ઊંચાઈએ કામ માટે ચઢવાનું હોય તેને યોગ્ય નીસરણી, માંચડા કે પ્લેટફોર્મનો ઉપયોગ કરવો જોઈએ. પડતા અટકાવે (ફોલ એરેસ્ટર) તેવા પટ્ટા કે જે ચઢતી વખતે ઉપર સરકી શકે પરંતુ પડતી વખતે નીચે સરકતાં જ લોક થઈ જાય તેવા ફોલ એરેસ્ટર વાપરવા.

૩. જે ઊંચાઈએ કામ કરવાનું હોય ત્યાંથી પડી જવાય નહીં તે માટે ત્યાં જરૂરી પ્લેટફોર્મ, ગાર્ડ, રેઈલ તથા ટો બોર્ડની વ્યવસ્થા કર્યા પછી જ કામ શરૂ કરવું જોઈએ. ઊંચી દિવાલો ઉપર કામ કરતી વખતે ઉપર-નીચે તથા આગળ-પાછળ સરકાવી શકાય તેવા માંચડા કે પ્લેટફોર્મની વ્યવસ્થા કરીને જ કામ કરવું જોઈએ. બારીઓ, પાઈપો કે જે મળ્યા તે ટેકા ઉપર ઉભા રહીને કામ કરવું નહી.

૪. છાપરા પર કામ કરતી વખતે સીમેન્ટના પતરાં કે ખવાઈ ગયેલા લોખંડના પતરાં પર ચાલવાથી પડી જવાનો ભય રહે છે, તેથી આવું કામ કરતી વખતે છાપરા પર કામ કરવા માટેની ખાસ નીસરણીનો જ ઉપયોગ કરવો તથા તેની પર બેસીને જ કામ કરવું તથા સેફ્ટી બેલ્ટનો પણ ઉપયોગ કરવો. સેફ્ટી બેલ્ટના દોરડાં મજબૂત રીતે બાંધવા, વાયરરોપ સાથે ટેકાની વ્યવસ્થા કરવી, સેફ્ટી નેટ બાંધવી.


૫. ઊંચાઈએ આવેલ માળ પર કોઈ જગ્યાઓ ખુલ્લી કરેલ હોય અને તેમાંથી નીચે પડી જઈ શકાય તેમ હોય તો તેવી ખુલ્લી જગ્યા ફરતે મજબૂત વાડ કરવી ''કામ ચાલું હોવાથી આગળ વધવું નહીં'' એવું સૂચના બોર્ડ મૂકવું. અથવા ખુલ્લી જગ્યાઓ ઢાંકી દેવી, જેથી તેની ઉપર કામ કરતાં પડી ન જવાય.

# ઊંચાઈ ઉપર કાર્ય કરતી વખતની સેફટી

## સંક્ષિપ્ત પાંચ માર્ગદર્શિકા

- ઊંચાઈ ઉપર કામ કરતી વખતે હંમેશા સ્ટાન્ડર્ડ ફુલ બોડી સેફટી બેલ્ટ અને હેલ્મેટનો ઉપયોગ કરવો.
- ઊંચાઈ ઉપર કામ ચાલતું હોય ત્યારે નીચેનો વિસ્તાર કોર્ડન કરવો.
- ઊંચાઈ ઉપર કામ કરનાર કામદારને યોગ્ય ટ્રેનીંગ તથા સ્વસુરક્ષાના સાધનોની સમજ આપવી.
- સીડી થી વધુ ઊંચાઈ ઉપર ચઢવા માટે મંકી લેડરનો ઉપયોગ કરવો.
- છાપરાં પર કામ કરતી વખતે હંમેશા ખાસ નીસરણીનો ઉપયોગ કરવો.





૬. ઊંચાઈએ કામ કરતી વખતે સેફટીબેલ્ટ અવશ્ય પહેરવો, જેનો એક છેડો શરીર સાથે બીજો છેડો નજીકના મજબૂત સ્થિર ભાગ સાથે બાંધવો. તેમાં પટ્ટાની લંબાઈ કામકાજને અનુકૂળ હોય પરંતુ વધારે પડતી લાંબી ન હોય તથા પટ્ટો પૂરો મજબૂત હોય તેની ખાતરી અગાઉથી કરી લેવી. સેફટી બેલ્ટ ફુલ બોડી હારનેસ ટાઈપનો આઈ.એસ.આઈ. માર્કનો જ વાપરવો.

૭. ઊંચાઈએ કામ કરવા સીડી પર ચઢતી વખતે હાથ-ઓજારો, તે માટેના ખાસ કમર પટ્ટા અથવા ખભે લટકાવેલ ટૂલ બેગમાં લઈને ચઢવું. જેથી પકડ માટે હાથ છૂટા રહે તથા ગમે તેમ ગોઠવેલ ઓજારો પડી ન જાય કે નીચે થી ઉપર ઉછાળવા ન પડે. ઊંચાઈએ કામ કરતી વખતે ઓજારો તથા સાધનો એવી રીતે મૂકવા જેથી નીચે પડી ન જાય.

૮. ઊંચાઈએ કામ ચાલતું હોય ત્યારે નીચેથી કોઈ પસાર ન થાય તે માટે જગ્યા કોર્ડન કરી તે માટેના સૂચના બોર્ડ નીચે મૂકવું જોઈએ તેમ છતાં નીચેથી પસાર થનારાઓએ માથે સેફટી હેલ્મેટ પહેરીને જ પસાર થવું જોઈએ. પ્લેટફોર્મ અથવા કામ કરવાની જગ્યા માટે યોગ્ય એપ્રોચ બનાવવો. જો એપ્રોચ શકય ન હોય તો ક્રેઈન પણ વાપરી શકાય. નીસરણી પ્રોપર એપ્રોચ માટે વાપરી શકાય. નીસરણી યોગ્ય મજબૂતાઈ તથા સાઈઝની હોવી જોઈએ.

૯. પીટ, સમ્પ, ખુલ્લી જગ્યાઓ, સ્ટ્રકચરલ ઓપનીંગ અથવા ફલોર, ઓપનીંગ મજબૂત વસ્તુથી ઢાંકી દેવા. માંચડો, નીસરણી, સેફટી બેલ્ટ અને બીજા પડી ન જવાય તેવા સાધનોનું ઈન્સ્પેકશન, મેઈન્ટેનન્સ જે તે વિભાગના સુપરવાઈઝરે તપાસવું, માંચડો દરેક વપરાશ સમયે સંપૂર્ણ તપાસવો. માંચડો (સ્કેફોલ્ડીંગ) આઈ.એસ.-૩૬૯૬, આઈ.એમ. ૪૦૧૪ પ્રમાણે તથા બીજા યોગ્ય સ્ટાન્ડર્ડ પ્રમાણે બનાવવું.

૧૦. તમામ કામદારોને યોગ્ય ટ્રેઈનીંગ તથા સ્વસુરક્ષાના સાધનો તથા ઊંચાઈએ પર કામ કરતી વખતે રાખવાની કાળજી બાબતે યોગ્ય ટ્રેઈનીંગ અને સમજણ આપવી. ઊંચાઈએ પર કામ કરતી વખતે પૂરતું અજવાળું હોવું જરૂરી છે. તથા વાતાવરણ સારૂં ન હોય તો ઊંચાઈ પર કામ ન કરાવવું. ઊંચાઈએ કામ કરતી વખતે પાના, કામ કરવાના સાધનો, બોલ્ટ તથા નટ વગેરે મૂકવા માટે તાડપત્રી, રબર શીટ અથવા પતરાંની શીટનો ઉપયોગ કરવો. જેથી નીચે પડે નહીં તથા નીચે કામ કરનાર વ્યકિતને વાગે નહીં.

૧૧. ઊંચાઈ પર કામ કરવા માટે બનતા અલગ અલગ પ્રકારના માંચડા, ફોલ એરેસ્ટર્સ, હોઈસ્ટ, પેસેન્જર હોઈસ્ટ, પીંજરા, વગેરેનો સુરક્ષા ફેકટર્સ ધ્યાનમાં રાખીને અભ્યાસ કરી કાર્ય માટે લગાડવા તથા ઉપયોગ કરવો અને રીપીટીટીવ ટાઈપના કાર્યમાં કાયમી પ્લેટફોર્મ / એપ્રોચ બનાવડાવવાનો ખાસ આગ્રહ રાખવો.

૧૨. પેઈન્ટીંગ / સ્ટ્રકચરલ કામ કે જેમાં ઊંચાઈ ઉપર જ જગ્યા બદલવાની હોય, ત્યાં તે બે લાઈફ લાઈન વાળા ફૂલ બોડી હારનેસ, વાયરો સાથે હુક, સેફટી નેટ, નીચે વ્હીલવાળા હેરફેર કરી શકાય તેવા માંચડા, લટકતા સ્કેફોલ્ડીંગ જેવા સાધનોનો ઉપયોગ કાર્યને અનુલક્ષીને અવશ્ય કરવો. ઊંચાઈ પર હોટવર્ક, તણખા, કટીંગ, વેલ્ડીંગ કરતી વખતે માંચડા, દોરડાં અને ટેકા સળગે નહીં તેની પણ કાળજી રાખવી.






# રોડ સેફટી

## સંક્ષિપ્ત પાંચ માર્ગદર્શિકા

- ☛ રોડની મધ્યમાં રીપેરકામ દરમ્યાન કામદારે હેલ્મેટ, પીળાં, કાળાં પટ્ટાવાળો યુનિફોર્મ અવશ્ય પહેરવો.
- ☛ રાત્રિ દરમ્યાન રોડની બંને બાજુએ ચાર્જેબલ બ્લીન્કરનો ઉપયોગ અવશ્ય કરવો તથા કામદારને રીફલેકટર જેકેટ પહેરાવવા.
- ☛ રોડ ડીવાઈડરના વ્હીકયુલર ગેપ પર બોલાર્ડ મુકવા.
- ☛ રોડ ડીવાઈડર ત્થા બોર્ડર ઉપર રીફલેકટર લગાડવા, યોગ્ય જગ્યાએ ઝીબ્રા ક્રોસીંગ, એરો ડીસપ્લે કરવા.
- ☛ ટ્રાફીક નિયમોનું હંમેશા પાલન કરવું.


ACCIDENTS START
WHERE SAFETY ENDS!


ACCIDENT
PREVENTION
REQUIRES
YOUR FULL
ATTENTION!

# (૮) રોડ સેફટી


**કામગીરી દરમ્યાન લેવા જોગ સાવચેતીના પગલાં :**

- ☛ રોડની મધ્યમાં રોડ- ડીવાઈડર રીપેર-કલર કામ વિ. દરમ્યાન વાહનો અથડાય તેવા સમયે ઈજા (હેડ ઈન્જરી) ન થાય તે માટે પીળા કલરના હેલ્મેટ, ઝીબ્રા માર્કીંગ વખતે ટ્રાફિક સેફટી કોન, યુનિફોર્મ (પીળા-કાળા પટ્ટાવાળો)નો અવશ્ય ઉપયોગ કરો. (જુઓ આકૃતિ નં. ૧)
- ☛ રાત્રિ દરમ્યાન રસ્તા પર લાઈટ ન હોય તો રોડ ડિવાઈડરના વ્હીકયુલર ગેપ પર બોલાર્ડ મુકવા જેથી તે પર વાહનની લાઈટ પડવાને કારણે એકસીડન્ટ નિવારી શકાય (જુઓ આકૃતિ નં. ૨)
- ☛ રાત્રી દરમ્યાન લેન માર્કીંગ તથા અન્ય કામગીરી કરવા - સ્થળ પર રોડની બંને બાજુ પર ચાર્જેબલ બ્લીન્કરનો ઉપયોગ અવશ્ય કરવો. (જુઓ આકૃતિ નં. ૩)



આકૃતિ નં. ૧

રોડની મધ્યમા રોડ-ડિવાઈડર રીપેર-કલર વિ. ની કામગીરી દરમ્યાન વાહનો અથડાય તેવા સમયે ઈજા (Head Injury) ન થાય તે માટે પીળા કલરના હેલ્મેટ - ઝીબ્રા માર્કીંગ વખતે ટ્રાફિક સેફટી કૉન, યુનિફાર્મ (પીળા-બ્લેક પટ્ટાવાળા) નો અવશ્ય ઉપયોગ કરો.




રાત્રિ દરમ્યાન રસ્તા પર લાઈટ ન હોય તો રોડ ડિવાઈડરના વ્હીકયુલર ગેપ પર બોલાર્ડ મુકવા જેથી તે પર  વાહનની લાઈટ પડવાને કારણે એકસીડન્ટ નિવારી શકાય.

આકૃતિ નં. ૨

રાત્રિ દરમ્યાન લેન માર્કીંગ તથા અન્ય કામગીરી કરવા - સ્થળ પર રોડની બન્ને બાજુ પર બ્લીન્કરનો ઉપયોગ અવશ્ય કરવો.





આકૃતિ નં. ૩

# ફાયર સેફટી

## સંક્ષિપ્ત પાંચ માર્ગદર્શિકા

- ☛ આગ હોલવવા નિયત કરવામાં આવેલ ફાયર ફાયટીંગ એજન્ટનો જ ઉપયોગ કરવો.
- ☛ આગની આજુબાજુનો વિસ્તાર કોર્ડન કરાવડાવવો જેથી સરળતાથી આગ બુઝાવી શકાય.
- ☛ આગ લાગેલ હોય તે સ્થળની આજુબાજુ જો કોઈ જવલનશીલ પદાર્થ હોય તો તે તાત્કાલીક હટાવી લેવું.
- ☛ આગ દરમ્યાન ઈજા પામેલ વ્યકિતને તાકીદે હોસ્પિટલમાં દાખલ કરવા.
- ☛ આગ હોલવવાના તમામ સાધનો કાર્યરત રાખવા.


अग्निशमन यंत्रों का
इस्तेमाल
करना सीखें



## (૯) ફાયર અને હોનારત-અકસ્માત વખતની સેફટી

**(I) આગ તેમજ બચાવની કામગીરી દરમ્યાન ઈજા કે જાનહાનિ ન થાય તે માટે લેવા જોગ યોગ્ય પગલાં :**

સામાન્ય રીતે ફાયર એન્ડ ઈમરજન્સી વિભાગ ધ્વારા થતી આગ બુઝાવવાની કામગીરી તેમજ બચાવ કોલની કામગીરી, સળગી ઊઠે તેવા ગેસનાં લીકેજ, કલોરીન, એમોનિયા જેવા ટોક્ષિક ગેસના લીકેજ, ડ્રેનેજમાં ફસાયેલ વ્યકિતઓને બહાર કાઢવાની કામગીરી વિગેરે, જોખમી હોઈ, આવી કામગીરી દરમ્યાન જાનહાનિ ન થાય તે માટે નીચે જણાવેલ સલામતી પગલાં લેવા જરૂરી બને છે.

કચરો, ડકટ અને ધૂમાડાના માર્ગ નિયમિત સાફ રાખવા, વાતાવરણ ઠંડુ તથા સુકૂં રાખવું, જરૂરી આવરણ, જરૂરી વેન્ટીલેશન, તરત સળગે તેવી આઈટમોનો સ્ટોર દૂર તથા અલગ રાખવા, ઓઈલમાં બોળેલ કપડાં ગરમ સપાટી પર સળગે તેમ ન મૂકવાં, લેગીંગ અને કલેડીંગ, નાના પાત્રોની સારી ગૃહવ્યવસ્થા કરવી જોઈએ.

પ્રોસેસ પ્લાન્ટમાં લાગતી આગને નિયંત્રણ કરવા જરૂરી ફાઈટીંગ એજન્ટ્સ (પાણી, રેતી, ઈનર્ટગેસ, ફોમ, ડ્રાય કેમીકલ પાવડર અને વેપરાઈઝીંગ પ્રવાહી) ફાયર વોટર, કાયમી (સ્થિર) અને મોબાઈલ અગ્નિશમનની વ્યવસ્થા કરવી.

ટાંકી, બન્ડ કે ખાડામાં ભેગા થયેલા પ્રવાહીની આગ સીમિત આગ છે. આખી આગ ફોમથી હોલવી શકાય. ફેલાતા પ્રવાહીની આગ અસીમિત આગ છે જેને હોલવતા પહેલાં ફેલાતા પ્રવાહીને રોકવું જરૂરી છે. પ્રવાહીને વધુ વહેતું અટકાવવા દૂરથી બંધ કરી શકાય તેવો સ્ટોપવાલ્વ જરૂરી છે. જયાં વાલ્વની નજીક જવું પડે તેમ હોય ત્યાં વોટરફોગનો પડદા તરીકે ઉપયોગ કરવો. નીચા ફલેશ પોઈંટવાળી આગને ફોમ કે ડ્રાય પાવડરથી બ્લેન્કેટ કરવી જોઈએ. ઊંચા ફલેશ પોઈંટવાળા પ્રવાહીની આગને પાણીથી ઠંડી કરીને હોલવી શકાય. પાણી કરતા ઓછી ઘનતાવાળું જવલનશીલ પ્રવાહી ટાંકીના તળિયાની પાઈપમાંથી નીકળતું હોય તો ટાંકીમાં પાણી ઉમેરવાથી પાઈપમાંથી પ્રવાહીને બદલે પાણી બહાર આવશે અને જવલનશીલ પ્રવાહીને નીચેથી બહાર આવતું અટકાવી શકાશે. જયાં સીમિત તથા અસીમિત બંને આગ ભેગી હોય (દા.ત. છલકાતી ટાંકી) ત્યાં અસીમિત (ફેલાતી) આગ પહેલા હોલવવી તથા સીમિત આગ પછી પ્રવાહીની મોટી આગને હોલવવા જતાં વેપર કલાઉડ એકસ્પ્લોઝન થવાની શકયતા છે. તેથી

આવી આગની ટાંકીની દીવાલો તથા સપાટીને પાણીથી ઠંડી કરી આગને નિયંત્રિત કરવી જરૂરી છે. બંધ ટાંકીમાં આગ લાગે તો બ્લેન્કેટીંગ ક્રિયા વધુ અસરકારક છે. મોટી ટાંકીઓમાં ફોમ બ્લેન્કેટ કરવા માટે ફિકસ્ડ લાઈન તથા પંપ જરૂરી છે. વીજળીની આગ પર પાણીનો ઉપયોગ ન કરતા વીજળી પ્રવાહ બંધ કરીને ડ્રાય પાવડર અથવા કાર્બન ડાયોકસાઈડ અગ્નિશામકનો ઉપયોગ કરવો.

**ઔદ્યોગિક સંકુલોની આગ :**

ઔદ્યોગિક સંકુલોની આગમાં સળગી ઊઠે તેવા વિવિધ પ્રકારનાં રસાયણો, રંગો, એસિડ જેવા જલદ પ્રવાહીઓ, ધાતુઓ વગેરે સંકળાયેલા હોય છે. આવા પ્રકારની આગ બુઝાવવાની કામગીરી શરૂ કરતાં પહેલાં જે તે સંકુલનાં જવાબદાર અધિકારી પાસેથી આગમાં સંકળાયેલા રસાયણ, ધાતુ વગેરેનાં ભૌતિક તેમજ રાસાયણિક ગુણધર્મો અંગેની જરૂરી માહિતી ઝડપથી મેળવી લઈ તેને અનુરૂપ આગ બુઝાવવાની કામગીરી કરવી. જરૂર પડયે કેમિકલ રેઝીસ્ટીંગ શુટ / એસ્બેસ્ટોસ શુટ/એલ્યુમિનિયમ - એસ્બેસ્ટોસ શુટ/ફાયર એન્ટ્રી શુટનો ઉપયોગ કરવો. આગમાં સંકળાયેલ રસાયણો ધાતુઓ વિગેરે ઝેરી હોય અને શ્વસનમાં તકલીફ ઊભી કરે તેવા પ્રકારનાં હોય તો બ્રીધીંગ એપરેટસ સેટનો અવશ્ય ઉપયોગ કરવાનો રહે.

**ઈલેકટ્રીક ટ્રાન્સફોર્મર અથવા ઈલેકટ્રીક શોટ સર્કિટની આગ :**

વિદ્યુતની આગમાં જયાં સુધી વીજપુરવઠો બંધ થયાની ખાતરી નહીં થાય ત્યાં સુધી કોઈપણ સંજોગોમાં પાણીનો ઉપયોગ, સોડા એસીડ એક્ષ્ટીંગ્યુસર, ફોમ એક્ષ્ટીંગ્યુસરનો ઉપયોગ કરી આગ બુઝાવવાનો પ્રયત્ન કરવો નહીં અન્યથા આગ બુઝાવનાર વ્યકિતને ઈલેકટ્રીક શૉક લાગવાનો પૂરેપૂરો ભય રહે છે.

વિદ્યુતના જીવંત તારને કાપવાની જરૂરિયાત ઊભી થાય તો ઈન્સ્યુલેટેડ એક્ષ (કુહાડી) તેમજ રબર ગ્લોવ્ઝનો ઉપયોગ કરવો અને ચાલુ વીજ પુરવઠા દરમ્યાન આગ બુઝાવવાનો પ્રસંગ ઊભો થાય તો ડ્રાય કેમિકલ પાવડર, કાર્બન ડાયોકસાઈડ એક્ષ્ટીંગ્યુસર, બીસીએફ એક્ષ્ટીંગ્યુસરનો ઉપયોગ કરવો અથવા તો સૂકી રેતીનો ઉપયોગ કરવો.

**કલોરીન ગેસ લીકેજ :**

કલોરીન ગેસ એ ટોક્ષીક પ્રકારનો ગેસ છે અને શ્વસનમાં વધુ પડતો લેવામાં આવે તો શ્વાચ્છોશ્વાસની તકલીફ ઊભી કરે અને વ્યકિત બેભાન થઈ જવાનો ભય રહે છે. કલોરીન ગેસનાં લીકેજમાં કલોરીન કન્ટેઈનરથી દૂર પાણીનો ફાઈન સ્પ્રે/વોટર કરટેઈન કરી વાતાવરણમાં કલોરીનની અસર શકય એટલી

ઓછી કરી દેવી અને ''બીએ સેટ'' નો ઉપયોગ કરવો અથવા તો મોં પાસે ભીનો રૂમાલ રાખવો અને શકય હોય તો કલોરીન કીટનો ઉપયોગ કરી લીકેજ બંધ કરવું.

**એમોનિયા લીકેજ :**

એમોનિયા ગેસ પણ કલોરીન પ્રકારનો ગેસ હોવાથી તેની ટોક્ષીક અસર હોય છે આથી ગેસ લીકેજ બંધ કરવાની કામગીરી દરમ્યાન પાણીના ફાઈન સ્પ્રેનો ઉપયોગ કરવો અને એમોનિયાની અસર શકય એટલી ઓછી કરવી. ત્યારબાદ બીએ સેટનો ઉપયોગ કરવો અથવા તો ઉપર જણાવ્યા મુજબ મોં ઉપર ભીનો રૂમાલ રાખવો અને લીકેજ બંધ કરવાનો પ્રયત્ન કરવો.

ઉપરોકત બંને કિસ્સામાં લીકેજ બંધ કરી શકાય તેમ ન હોય તો ખુલ્લી નિર્જન જગ્યામાં ધીમે ધીમે મર્યાદિત પ્રમાણમાં ગેસનું હવામાં વિસર્જન કરવું.

**એલ.પી.જી. :**

એલ.પી.જી એ અત્યંત જવલનશીલ પ્રકારનો ગેસ છે જે રસોઈનાં કામમાં વાપરવામાં આવે છે જે બ્યુટેઈન અને પ્રોપેન ગેસનું મિશ્રણ છે. આ ગેસ રંગવિહિન તેમજ ગંધવિહિન હોય લીકેજની ખબર પડે તે માટે તેમાં ઈથાઈલ મસ્કેપ્ટન નામનું કેમીકલ ઉમેરવામાં આવે છે. એલ.પી.જીની આગ ડ્રાય કેમિકલ પાવડર અથવા તો પુષ્કળ પ્રમાણમાં પાણીનો ઉપયોગ કરી બુઝાવી શકાય છે. પરંતુ આ ગેસ જો લીકેજ થાય અને બંધ જગ્યામાં વધુ પ્રમાણમાં એકઠો થાય અને તેને કોઈપણ પ્રકારે ઈગ્નીશન સોર્સ (સ્પાર્ક) મળે ત્યારે તરત જ ધડાકા સાથે સળગી ઊઠે છે. આમ, ગેસની આગ કરતાં ગેસનો લીકેજ વધારે ખતરો ઊભો કરે છે. આ ગેસના લીકેજ દરમ્યાન જે રૂમમાં ગેસ લીકેજ થઈ એકત્ર થયો હોય તે રૂમમાં કોઈપણ પ્રકારની ઈલેકટ્રીક સ્વીચ ચાલુ અથવા બંધ કરવી નહીં તેમજ સંગ્રહિત ગેસને રૂમની બહાર કાઢવા માટે બારીબારણા ખોલી નાંખવા. એલ.પી.જી. સીલીન્ડર લીકેજ હોય અને લીકેજ કોઈપણ સંજોગોમાં બંધ કરી શકાય તેમ ન હોય તો આવા સીલીન્ડરને બનતી ત્વરાએ રૂમની બહાર કાઢવો અને સીલીન્ડરમાંના ગેસનું ખુલ્લી નિર્જન જગ્યામાં ધીમે ધીમે મર્યાદિત પ્રમાણમાં વિસર્જન કરવું.

**ડ્રેનેજ :**


ગટર લાઈનમાં કાર્બન મોનોકસાઈડ, મીથેઈન તેમજ હાઈડ્રોજન સલ્ફાઈડ જેવા ઝેરી ગેસો હોવાની પૂરેપૂરી સંભાવના હોય છે. આથી ડ્રેનેજ લાઈનમાં ખાસ

સંજોગોમાં મેનહોલના તુટેલા શાફટ રીપેર કરવા, કે બેન્ચીંગ રીપેર કરવા. કોઈપણ વ્યકિતને ઉતારતાં પહેલાં સલામતીના તમામ પગલાં લેવા ખાસ જરૂરી છે. જે મેનહોલમાં વ્યકિતને ઉતરવાની જરૂર ઊભી થાય તે મેનહોલ તેમજ તેની આજુબાજુનાં ઓછામાં ઓછા બે મેનહોલ ઓછામાં ઓછા ૪૫ મીનીટ પહેલાં ખોલી નાંખી બહારની હવાને ગટર લાઈનમાં પ્રવેશવા દેવી જોઈએ. જેથી ઝેરી વાયુઓનું પ્રમાણ ગટર લાઈનમાં ઓછું કરી શકાય. આકસ્મિક સંજોગોમાં ડ્રેનેજ લાઈનમાં વ્યકિતને ઉતારતાં પહેલાં પુરતા પ્રમાણમાં ઑકિસજન છે કે કેમ તેની સેફટી લેમ્પ ઉતારી ખાતરી કરી લેવી ત્યાર બાદ વ્યકિતને ડ્રેનેજ લાઈનમાં હોઈસ્ટીંગ હારનેશ અથવા ચેર નોટની મદદથી ઉતારવી તેમ છતાં જો કોઈ વ્યકિત આવા ઝેરી ગેસના કારણે અસ્વસ્થતા અનુભવે તો તેને તાત્કાલિક બહાર કાઢી લેવો. ડ્રેનેજ લાઈનમાં વ્યકિતને ઉતારતાં પહેલાં અથવા તો ડ્રેનેજ લાઈનમાં ફસાયેલા વ્યકિતને બહાર કાઢવા માટે બ્રીધીંગ એપરેટસ સેટનો તેમજ હેડ લાઈટવાળી હેલ્મેટનો ઉપયોગ કરવો. ડ્રેનેજ લાઈનમાં ફસાયેલી વ્યકિતને બહાર કાઢવા માટે ડ્રેનેજ લાઈનમાં ઉતરનાર બચાવનારે પોતાની સાથે એક રસ્સો તેમજ હેલ્મેટ અવશ્ય લઈ જવી.

**લીફટ રેસકયુ :**

ઘણી વખત વીજ પુરવઠો બંધ થઈ જવાને કારણે લીફટમાં વ્યકિત ફસાઈ જાય છે. આવી વ્યકિતઓને બહાર કાઢવાની કામગીરી શરૂ કરતાં પહેલાં મેઈન સ્વીચ બંધ કરી અને મેઈનફયુઝ કાઢીને કબજે કરી લેવા, જેથી અચાનક વીજપ્રવાહ ચાલુ થવાથી બચાવની કામગીરી કરનાર વ્યકિતને કરંટ લાગવાનો ભય ન રહે. ત્યાર બાદ લીફટને ચલાવતી મોટરને મેન્યુઅલી ઑપરેટ કરી લીફટને ત્યાર પછીનાં નીચેનાં માળે લઈ જઈ અને લીફટમાં ફસાયેલ વ્યકિતને બચાવવા. આ પ્રમાણે બચાવની કામગીરી શકય ન હોય તો લીફટ જયાં ફસાયેલ છે તેનાં ઉપલા માળેથી માળ ઉપરનો દરવાજો ખોલી તેમાં સીડી ઊતારી લીફટકારનું ઉપરનું સીલીંગ ખોલીને અથવા તોડી નાંખી એક પછી એક વ્યકિતને બહાર કાઢી સીડી મારફતે ઉપરનાં માળેથી બહાર કાઢી લેવી.

(**નોંધ :–** આગ/અકસ્માત દરેક કોલમાં હેલ્મેટ તેમજ ગમબૂટ અચૂકપણે પહેરવા જરૂરી છે.)


નાનકડી અમથી ભૂલ
મોટી આગમાં
પરિણમે છે - સાવધ રહો

## (II) હોનારત–અકસ્માત વખતે તમારી સેફ્ટી

### હોનારત–અકસ્માતના સમયે સામાન્ય સુરક્ષાના ધ્યાનમાં લેવાના ઉપાયો

૧. જો ઝેરી ટોકસીક ગેસ લીકેજ - ગળતર જણાય તો, સૌ પ્રથમ પવનની દિશા જોવા હાથમાં ધૂળ લઈ અથવા રૂમાલ કે કાપડનો ટુકડો ફરકાવી કે મંદિરની ધજા જોઈને હવાની દિશા જાણી શકાય છે અથવા વીંડ-શોક કે ચીમનીમાંના ઘુમાડાને જોવાથી દિશાનો ખ્યાલ આવી શકશે.

૨. પવનની દિશા જાણ્યા બાદ તે દિશાની ડાબી કે જમણી બાજૂની દિશામાં સુરક્ષિત સ્થળે પહોંચવું અથવા અધિકૃત ઓથોરીટીની જાહેરાતને અનુસરવું.

૩. ગેસ લીકેજ - ગળતરના સમયે આંખમાં બળતરા જણાય, તો ભીનો રૂમાલ કે કપડું નાક પાસે રાખવું - સ્ત્રીઓ અને બાળકોએ પણ મોં ઉપર ભીનું કપડું મૂકી, ઘરની બહાર નીકળી જવું અને સલામત સ્થળે પહોંચી જવું.

૪. આવા સમયે બંને આંખ એક સાથે બંધ ન કરતાં, એક આંખ બંધ કરી, બીજી આંખ અર્ધીખુલી રાખી યોગ્ય દિશામાં પ્રયાણ કરવું. જો શકય બને તો સાયકલ, સ્કૂટર, વિગેરે કોઈપણ વાહનમાં બેસી ઝડપથી સલામત સ્થળે પહોંચી જવું.

૫. આવા સમયે માલ-સામાનની ચિંતા ન કરતાં, તે સ્થળ છોડી સલામત જગ્યાએ જતું રહેવું. તે સમયે ઘરમાં નાનો ટ્રાન્ઝીસ્ટર રેડીયો, એફ.એમ. હોય તો સાથે લઈ જવો જેથી રેડિયો, એફ.એમ. પરથી પ્રસારિત થતા સંદેશા મળી શકે. ઘર છોડીને નીકળતી વખતે મુંગા પશુઓને તેમના ખૂટે / ખીલેથી છોડી દેવા, જેથી તેઓ પોતાની મેળે સલામત જગ્યાએ પહોંચી જશે.

૬. જો ગેસ ઝેરી ન હોય, પરંતુ આગ પકડી લે તેવો ગેસ જણાય, તો તાપણાં, ચુલા, પ્રાયમસ, ઈલેકટ્રીક લાઈટ, ગેસ વિગેરે તાત્કાલીક બંધ કરી દેવા. મોટર, સ્કૂટર, ટ્રક, વાહનો બંધ કરવા.

૭. આવા પ્રસંગે ચેતવણી સૂચક સાયરન વગાડાય છે અને રેડિયો, એફ.એમ., ટી.વી. મારફતે અગર ટેલિફોન કે અન્ય સંદેશા વ્યવસ્થા દ્વારા જરૂરી સુચના સાંભળી અગર મેળવી, તેનો અમલ કરવો. ગભરાઈ કે ઉતાવળા થઈ, ખોટા પ્રચાર કે અફવામાં ફસાવું નહીં. સાચી માહિતી મેળવી અને બીજાને વાકેફ કરવા.

# હોનારત–અકસ્માત સેફટી

## સંક્ષિપ્ત પાંચ માર્ગદર્શિકા

- ☛ હોનારત-અકસ્માત વખતે માલ-સામાનની ચિંતા ન કરતાં તે સ્થળ છોડી તાકીદે સલામત સ્થળે જતાં રહેવા નાગરિકોને આદેશ કરવો.
- ☛ સલામત સ્થળે પહોંચ્યા બાદ, ત્યાં જાણકાર, જવાબદાર હોય તેમની સૂચનાનું પાલન કરવું.
- ☛ રેડિયો, એફ. એમ., ટી.વી. દ્વારા મળતાં સંદેશાઓ સાંભળવા નાગરિકોને આદેશ કરવો.
- ☛ ગભરાઈને કે ઉતાવળા થઈ ખોટો પ્રચાર કે અફવામાં ન ભરમાવા નાગરિકોને જણાવવું.
- ☛ આવા સ્થળે નાગરિકોને દર્શક બની ટોળું ન કરવા અને મદદ માટે આવેલ વ્યકિત / સંસ્થાને મદદ કરવા જણાવવું.






૮. આવો પ્રસગં જો રાત્રે બને તો ઢોલ, ત્રાંસા, થાળી વિગેરે સાધનોથી અવાજ કરી, આજુબાજુના માણસોને જાણ કરી, સુરક્ષિત સ્થળે ઝડપથી પહોંચવા સૂચવવું. આમ કરવાથી નિંદ્રાધીન માણસો જાગીને જગ્યા છોડી સમયસર સલામત સ્થળે જઈ શકે.

૯. સ્થળ છોડી ન શકે તેવા બિમાર, અશકત અસહાય કે અપંગ વ્યકિતને મકાનના બારીબારણાં બંધ કરી, સલામત રીતે રાખી શકાય. એવા સમયે એક મકાનમાં બને તેટલા ઓછા માણસો રાખવા તથા આ બાબતની જાણ જવાબદાર અધિકારીને કરવી.

૧૦. સલામત સ્થળે પહોંચ્યા બાદ, ત્યાં જાણકાર, જવાબદાર હોય તેમની સૂચનાનું પાલન કરવું તથા મદદમાં આવેલને સંપૂર્ણ સહકાર આપવો. સબ સલામત - નું સાયરન વાગે, એટલે વ્યવસ્થા અનુસાર પોતાની જગ્યાએ યથાવત કામગીરી સંભાળવી.

૧૧. દુઘર્ટના/હોનારતના સ્થળે ગભરાટ કે ઉશ્કેરાટ કરવો નહીં તથા દર્શક બની ટોળું કરવું નહીં. કટોકટીના કામ સિવાય ટેલીફોન વ્યસ્ત રાખવો નહીં તથા મદદમાં આવેલાઓને સંપૂર્ણ સહકાર આપવો.

૧૨. અનુભવી અને સક્ષમ વ્યકિત/સંસ્થાએ મદદગારી કરવા સંબંધીત અધિકારીનો સંપર્ક કરવો.



## ટેમ્પરરી સ્ટ્રકચર / પંડાલ / ફનફેર / ધાર્મિક કાર્યક્રમ / કથા / જાહેર સમારંભ જાહેર પ્રોગ્રામ / મનોરંજન આઈટમો લગાવવા / સરકસ / મ્યુઝીકલ નાઈટ / સંગીત સંધ્યા / ભજન / કવ્વાલી જેવા જાહેર કાર્યક્રમ માટે આગ–સલામતી અંગેની સલામતી

(૧) સ્ટ્રકચરની ઊંચાઈ ૧૨ ફુટ થી વધુ હોવી જોઈએ. સીન્થેટીક મટીરીયલનો ઉપયોગ બાંધકામમાં કરવો નહીં તથા જરૂર પડે તો મનીલા રોપ અથવા કાથીના દોરડાનો ઉપયોગ કરવો. પ્રદર્શનમાં ચાલવાના રસ્તા (વોક-વે) ઉપર સિન્થેટીક અથવા તો ઝડપથી સળગી ઉઠે તેવી કારપેટનો ઉપયોગ કરવો નહી. હયાત દિવાલ અને મકાનથી ઓછામાં ઓછું ત્રણ મીટરનું માર્જીન સલામત અંતરે દરેક દિશામાં રાખવું.

(૨) બાંધકામ, રેલ્વે લાઈન, વિદ્યુત સ્ટેશન, ફર્નેશ, ચીમની, હાઈટેન્શન લાઈનથી ઓછામાં ઓછું ૧૫ મીટર સલામત અંતરે રાખવું. પંડાલ / ટેમ્પરરી સ્ટ્રકચરનું બાંધકામ એવા મટીરીયલથી કરવું કે તે ૧૦ મીનીટ સુધી અથવા તો અંદરના માણસોથી જગ્યા સંપુર્ણ ખાલી થાય ત્યાં સુધી બે માંથી જે સમય વધુ હોય તેટલા સમય માટે અગ્નિ નિરોધક કરી શકે તેવાથી કરવું. ખાણી પીણીનાં સ્ટોલ તેમજ રસોડું મુખ્ય પંડાલથી ૧૫ મીટર દૂર સલામત અંતરે રાખવું તેમજ રસોડું - ગેલ્વેનાઈઝ પતરાંથી બનાવવું.


(૩) પંડાલનાં અંદરના ભાગમાં જવલનશીલ અને સ્ફોટક રસાયણ પદાર્થો / પ્રવાહી અને તેના જેવા બીજા પદાર્થો રાખવા નહીં. ખુલ્લી જયોતવાળા દીવા તથા અન્ય ઉપકરણો પંડાલમાં કે તેની આજુબાજુ નજીકમાં રાખવા નહીં. આગ બુઝાવી શકાય તે માટે પાણીનો પુરતો પુરવઠો રાખવાનો રહેશે તથા દરેક પ્રકારની આગ બુઝાવી શકાય તેવા પોર્ટેબલ પંપ, ફાયર એક્ષ્ટીંગ્યુશર ફાયર અને ઈમરજન્સી ખાતાની સુચના મુજબ રાખવાના રહેશે. બહાર જવાનો રસ્તો ઓછામાં ઓછા ૧.૫ થી ૨.૦ મીટરનો પુરતી પહોળાઈ વાળો દરેક દિશામાં રાખવો તથા બહાર જવાનો રસ્તો ટર્નલ તથા વળાંક પ્રકારના બનાવવા નહી.

(૪) પંડાલમાં હરી ફરી શકાય તેવી પુરતી ખુલ્લી જગ્યા રાખવી. મુખ્ય રસ્તાઓ સહેલાઈથી સ્ટ્રકચર એપ્રોચ થઈ શકે તેવા અને દરવાજો ૦૬

# ટેમ્પરરી સ્ટ્રક્ચર મંડપ સેફટી

## સંક્ષિપ્ત પાંચ માર્ગદર્શિકા

- ☛ સિન્થેટીક મીટીરીયલ્સ અથવા તો ઝડપથી સળગી શકે તેવી કારપેટનો ઉપયોગ કરવો નહીં.
- ☛ અંદરના ભાગે જવલનશીલ અને સ્ફોટક રસાયણ પદાર્થો રાખવા નહીં.
- ☛ સલામતીના પુરેપુરા સાધનો તથા બહાર જવાનો રસ્તો પુરતી પહોળાઈવાળો રાખવો.
- ☛ સ્ટ્રક્ચરની મજબુતાઈ માટે પી.ડબ્લ્યુ.ડી. / સુરત મહાનગરપાલિકાના સંલગ્ન વિભાગના અધિકૃત ઈજનેરશ્રીનું પ્રમાણપત્ર અવશ્ય મેળવવું અને જણાવેલ સુચનાઓનો અમલ કરવો.
- ☛ ઈમરજન્સીમાં બહાર જવાના રસ્તાઓ ફલોરોસન્ટ કલરથી દર્શાવવા.





મીટર પહોળો રાખવો. ટેમ્પરરી સ્ટ્રકચર સુધી ફાયર એન્જીન સહેલાઈથી પહોચી શકે તેવું હોવું જોઈએ તથા રોડ થી ૪૫ મીટર કરતાં વધુ દુર ન હોવું જોઈએ.

(૫) દરેક દશ હરોળ પછી ૧.૫ મીટર કે તેથી વધુ પહોળાઈનો રસ્તો રાખવો. જો બેઠક વ્યવસ્થા હોય તો દરેક ૧૨ બેઠક પછીનો ઉભો રસ્તો ૧.૨ મીટર કે તેથી વધુ પહોળાઈનો રાખવો. બે હરોળ વચ્ચે ૫૫ સે.મી.ની જગ્યા રાખવી અને ફોલ્ડીંગ સીટ હોય તો ૩૦ સે.મી.ની જગ્યા રાખવી.

(૬) બહાર નીકળવાના રસ્તા માટેની દિશા સુચનો ફલોરોસન્ટ કલરથી દર્શાવવા અને માણસો સ્ટ્રકચરમાં હોય ત્યારે દરવાજો બંધ કરવો નહી. દરવાજા બહારની બાજુએ ખુલે તેવા રાખવા. કોરીડોર તથા પેસેજની ઉંચાઈ ૩ મીટરથી ઓછી કોઈ પણ સંજોગોમાં રાખવી નહી. દરેક સ્ટ્રકચરમાં ૨.૫ મીટર ની પહોળાઈવાળા ઓછામાં ઓછા બે દરવાજાઓ વિરુધ્ધ દિશામાં રાખવા.

(૭) ૫૦ માણસોની ક્ષમતા માટે ૫૦ સે.મી. ની એક યુનિટના ધોરણે પુરતા એકઝીટ રાખવા અને દરેક એકઝીટની પહોળાઈ ઓછામાં ઓછી ૧.૫ મીટરની રાખવી. બેઠકની નજીકથી એકઝીટનું અંતર ૧૫ મીટરથી વધવુ ન જોઈએ. બહાર નીકળવાના રસ્તા પર "EXIT" તેમજ ઈમરજન્સીના સમયે બહાર નીકળવા માટે "EMERGENCY EXIT" સ્પષ્ટ વાંચી શકાય તેમ દશાવર્તા બોર્ડ મુકવા. સ્થાનિક અગ્નિશમન ખાતાને સ્ટ્રકચરમાં એકત્ર થનાર માણસોની સંખ્યા / રસ્તાઓ એકઝીટ વિગરે સ્થળોની માહીતી જાહેર સલામતી માટે અગાઉથી આપવાની રહેશે.

(૮) આગ સલામતી માટે અનિવાર્ય હશે તેવા સ્થળોએ સ્ટેન્ડ બાય અગ્નિશમન સેવા રાખવાની રહેશે એવા સંજોગોમાં પાણીનો પુરતો પુરવઠો રાખવો. ઈલેકટ્રીક લાઈન નીચે કોઈ પણ પ્રકારનું બાંધકામ કરવું નહી તેમજ વિદ્યુત વાઈરીંગ તથા તે અંગેની તમામ પ્રકારની કામગીરી અધિકૃત લાયસન્સવાળા વિદ્યુત ઈજારદાર પાસેથી જ કરાવવાનું રહેશે કેબલ જોઈન્ટ ઈન્સ્યુલેટીગ ટેપથી સલામત રીતે કવર કરવા તથા લુઝ અને ખુલ્લા વાયરો રાખવા નહી. અધિકૃત લાયસન્સવાળા વિદ્યુત કોન્ટ્રાકટર પાસેથી વિદ્યુત

જોડાણ તથા ઈલેકટ્રીકલને લગતી કામગીરીઓ કરાવવાની રહેશે.

(૯) ઈમરજન્સી લાઈટ માટે પુરતી ક્ષમતાવાળા જનરેટરની વ્યવસ્થા રાખવી. આજુબાજુ ૪.૫ મીટરની હદમાં કોઈપણ જવલનશીલ પદાર્થ કે હલનચલનમાં નડતર રૂપ કોઈપણ પદાર્થ હોવો જોઈએ નહી. ટયુબ લાઈટ, બલ્બ, ફોકસ વિગેરે કાપડને અડે નહીં તેવી રીતે સલામત અંતરે ફીટ કરવા.

(૧૦) ઉપરોકત તમામ કાર્યક્રમો માટે ગ્રાઉન્ડ બાબતે જમીન માલિકની સંમતિ લેવાની રહેશે. પંડાલ/મંડપના સ્ટ્રકચરની મજબુતાઈ માટે તથા મનોરંજન સાધનોના સ્ટ્રકચરની મજબુતાઈ માટે પી.ડબ્લ્યુ.ડી / સુરત મહાનગરપાલિકાના સંલગ્ન વિભાગના અધિકૃત અધિકારીશ્રીની પરવાનગી લેવાની રહેશે. મનોરંજન આઈટમો નિહાળવા તથા રાઈડરોમાં બેસતી જાહેર જનતા માટે નિયમ પ્રમાણે સલામતીના પગલાં લેવા તથા તેઓના અકસ્માત વિમો નિયમ પ્રમાણે લેવો તથા મીકેનીકલ પ્રીકોર્સન માટે તથા સ્ટ્રકચરની મજબુતાઈ માટે પી.ડબ્લ્યુ.ડી./ સુરત મહાનગરપાલિકાના સંલગ્ન વિભાગના અધિકૃત એન્જીનીયરશ્રીનું પ્રમાણપત્ર લેવાનું રહેશે.


(૧૧) મેઈન રોડ તથા રાજમાર્ગ થી ૫૦ ફુટના અંદરના ભાગે આ કાર્યક્રમ કરવાનો રહેશે. દરેક રાઈડરો વચ્ચે અવર જવર માટે સલામત અંતર તથા ખુલ્લી જગ્યા રાખવાની રહેશે.

(૧૨) સ્ટ્રકચરની સ્ટેબીલી માટે અધિકૃત એન્જીનીયરશ્રીનું સર્ટીફીકેટ પી.ડબ્લ્યુ.ડી./સુરત મહાનગરપાલિકાના સંલગ્ન વિભાગમાં રજુ કરવાનું રહેશે.

# હેલ્થ સેફટી

## સંક્ષિપ્ત પાંચ માર્ગદર્શિકા

- ☛ જંતુનાશક દવાનો ઉપયોગ કરતી વખતે માસ્ક, હેન્ડ ગ્લોવ્ઝ, ચશ્મા, કેપ, બૂટ વિગેરેનો અવશ્ય ઉપયોગ કરવો.
- ☛ પવનની વિરૂધ્ધ દિશામાં છંટકાવ કરવો નહીં.
- ☛ હાથ પર ઘા / ઈજા થયેલ હોય તો જંતુનાશક દવાનો છંટકાવ કરવો નહીં.
- ☛ છંટકાવ બાદ સાબુથી નાહવું.
- ☛ જંતુનાશક દવાનો છંટકાવ કરતી વખતે તમાકું, પાન, માવા વિગેરે ખાવા નહીં તેમજ ધ્રુમપાન કરવું નહીં.


GAS, VAPOUR OR DUST
RESPIRATOR IS A MUST



विष-बाधा से
बचने के लिये
खाने
अपने
हाथ

## (૧૦) હેલ્થ, સોલિડ વેસ્ટ, બાયો મેડીકલ વેસ્ટ અને રાત્રે સ્ક્રેપીંગ, બ્રશીંગ સેફટી

### (I) **હેલ્થને લગતાં સલામતીનાં પગલાં :**


ગેમેક્ષીન, મેલેથીયોન ડી.ડી.વી.પી., બેટેક્ષ, અબેટ વગેરે જંતુનાશક દવાઓનો ઉપયોગ કરતી વખતે નીચે જણાવેલ સૂચનાઓનું સેફટી મેઝર્સ તરીકે અચૂક પાલન કરવું.

- ☛ માસ્ક, હેન્ડગ્લોવ્ઝ, ચશ્મા, કેપ તેમજ બૂટનો અવશ્ય ઉપયોગ કરવો. (જુઓ આકૃતિ નં. ૧)
- ☛ પવનની વિરુદ્ધ દિશામાં કોઈપણ જંતુનાશક દવાનો છંટકાવ કરવો નહીં. (જુઓ આકૃતિ નં. ૨)
- ☛ ચાલુ કામગીરીએ તમાકું, પાન,માવો વગેરે ખાવા નહીં તેમજ ધુમ્રપાન કરવું નહીં. (જુઓ આકૃતિ નં. ૩)
- ☛ જો હાથ પર કોઈપણ પ્રકારનો ઘા હોય તો કોઈપણ જંતુનાશક દવાનો સ્પર્શ તેવા ભાગ પર થવા દેવો નહીં
- ☛ કામગીરી પૂર્ણ કર્યા બાદ સાબુથી નાહવું.




જંતુનાશક દવાના છંટકાવ વખતે
માસ્ક, હેન્ડ ગ્લોવ્ઝ, ચશ્મા,
કેપનો ઉપયોગ કરવો.

(આકૃતિ નં. ૧)



પવનની વિરુધ્ધ દિશામાં જંતુનાશક
દવાનો છંટકાવ કરવો નહીં.

(આકૃતિ નં. ૨)




ચાલુ કામગીરીએ તમાકુ, પાન ખાવા નહીં,
તેમજ ધ્રુમપાન કરવું નહીં.

(આકૃતિ નં. ૩)

# સોલીડ વેસ્ટ સેફ્ટી

## સંક્ષિપ્ત પાંચ માર્ગદર્શિકા

- ☛ સોલીડ વેસ્ટની કામગીરી સાથે સંકળાયેલ તમામ કામદારે હેન્ડ ગ્લોવ્ઝ, માસ્ક, ગમ બૂટ, હેલ્મેટ અવશ્ય પહેરવા.
- ☛ સોલીડ વેસ્ટ નિયત કરેલ અલગ-અલગ ડસ્ટ બીનમાં રાખવો.
- ☛ સોલીડ વેસ્ટ વહન કરતા વાહનો બંધ બોડીના પુરેપુરી તાડપત્રીથી ઢાંકેલા હોવા જોઈએ.
- ☛ સોલીડ વેસ્ટ નિયમીત રીતે એકત્રીત કરી નિયત કરેલ સ્થળે જ લઈ જવું.
- ☛ સોલીડ વેસ્ટ સળગાવવો નહીં.




HAZARDOUS WASTE MUST BE HANDLED AND DISPOSED OFF SAFELY

## (II) સોલિડ–વેસ્ટ મેનેજમેન્ટ સેફ્ટી

**મ્યુ. સોલીડ વેસ્ટ એકત્રીકરણ, પરિવહન કરતી વેળાએ ધ્યાને રાખવા જોગ સલામતી :–**

૧. મ્યુ. સોલીડ વેસ્ટનું એકત્રીકરણ-પરિવહન અને નિકાલ કરતી વેળાએ હેન્ડ ગ્લોઝ, માસ્ક, ગમ-બુટ તેમજ હેલ્મેટ અવશ્ય પહેરવા.

૨. મ્યુ. સોલીડ વેસ્ટ એકત્રિત કરી સળગાવવો / બાળવો નહીં. કચરો બાળવાથી તેમાંથી ઉત્પન્ન થતો ઝેરી ગેસ વાતાવરણ દુષિત કરે છે, જે આરોગ્યને હાનિકર્તા છે.

૩. મ્યુ. સોલીડ વેસ્ટનું એકત્રીકરણ વર્ગીકૃત રીતે કરવું જોઈએ જેના માટે અલગ-અલગ ત્રણ પ્રકારના ડસ્ટબીન રાખવા.

(૧) સેન્દ્રીય કચરો જેવો કે :- રસોડાનો કચરો, વાસી એઠવાડ, શાકભાજી, ફળ-ફળાદિ, માંસ-મચ્છી, હાડકા ઈત્યાદી.

(૨) પુનઃનિર્માણ થઈ શકે તેવો કચરો :- કાગળ, કાચ, બોટલ, પેપર (કાગળ) વિગેરે

(૩) અન્ય :- થર્મોકોલ, માટી, છારૂ, પથ્થર જેવા મટીરીયલ્સ.

૪. મ્યુ. સોલીડ વેસ્ટનું પરિવહન વાહનમાં અલગ-અલગ પ્રકારના કચરાના વિભાગ પાડી બંધ બોડી (ફેબ્રીકેટેડ) વાળા વાહનમાં, તાડપત્રી (પોલીથીલીન કવર) ઢાંકી કચરો ન દેખાય અને રસ્તા પર ન પડે તે રીતે બાંધવી.

૫. જૈવિક તબીબી કચરો કે ઔદ્યોગિક કચરો (કારખાના માંથી નિકળતો) મ્યુ. સોલીડ વેસ્ટ સાથે એકત્રીત કરવો નહી.

૬. સામુદાયિક કચરાપેટી બંધ બોડીની (ઢાંકણવાળી) હોવી જોઈએ અને નિયત કરેલ સમયે રોજે-રોજ તેનું પરિવહન થવું જોઈએ.

૭. મ્યુ. સોલીડ વેસ્ટના એકત્રિકરણની જગ્યા (ટ્રાન્સફર સ્ટેશન) રખડતા પશુઓ/પાલતુ પશુઓ આવી ન શકે તેવા સ્થળે હોવી જોઈએ. ડીસ્પોઝલ સાઈટ પર અનઅધિકૃત પ્રવેશ સામે મનાઈ દર્શાવતુ બોર્ડ પ્રદર્શિત કરવુ. ડીસ્પોઝલ સાઈટ ચારે તરફથી સ્થાયી કે અસ્થાયી સ્વરૂપે બંધ રહેવી જોઈએ. ડીસ્પોઝલ સાઈટની ફરતે ઘનિષ્ટ વનીકરણ હોવુ જોઈએ.

૮. રીફયુઝ ટ્રાન્સફર સ્ટેશન (મ્યુ. સોલીડ વેસ્ટ એકત્રીકરણની જગ્યા) નું સ્ટ્રકચર બંધ પ્રકારનું હોવુ જોઈએ, જેથી આસપાસના વિસ્તારના રહીશો દ્વારા તેમાં એકત્રિત થનાર કચરાની દુર્ગંધ બાબતે કોઈ ફરિયાદનો અવકાશ ન રહે.

૯. કચરાના જથ્થાની હાલની અને ભવિષ્યમાં એકત્ર થનાર જથ્થાની આવરદાને ધ્યાને રાખી જથ્થાનું સંચાલન, પરિવહન સરળતાથી, ઝડપી અને સમયમર્યાદામાં થાય, તે મુજબનું રીફયુઝ ટ્રાન્સફર સ્ટેશન પ્રસ્થાપિત કરવું જોઈએ.

૧૦. કચરાના નિકાલની જગ્યા (મ્યુ. સોલીડ વેસ્ટ ડીસ્પોઝલ સાઈટ) રહેણાંક વિસ્તારથી દુર, રખડતા ઢોર વિગેરે અંદર ન આવી શકે તે માટે આજુ બાજુ તાર વડે ફેન્સીંગ કરવી જોઈએ. ગાર્બેજ વાહનો આવન-જાવન થઈ શકે તે મુજબનો એક મુખ્ય દ્વાર રાખવો જોઈએ.

૧૧. ડીસ્પોઝલ સાઈટ ખાતે ગાર્બેજ વાહનો સરળતાથી આવન-જાવન કરી શકે તે માટે પાકા આંતરિક રસ્તાઓ ગાર્બેજની નોંધ માટે વે-બ્રીજ, ફરજ પરના કર્મચારીઓ માટેની દૈનિક જરૂરીયાતોની સુવિધા, પ્રાથમિક સારવારની સંપુર્ણ કીટ, કાયમી ધોરણે અગ્નિશામક સુવિધા, તેમજ કુદરતી આપત્તિવેળાએ તેમજ વધુ વરસાદવાળા દિવસોએ રાત્રી દરમ્યાન થતી કામગીરી માટે વીજ-પ્રકાશની વ્યવસ્થા, વરસાદી પાણીની ગટર વ્યવસ્થા કાયમી ધોરણે ઉપલબ્ધ હોવી જોઈએ, જેથી મ્યુ. સોલીડ વેસ્ટનું ગળતર ભૂર્ગભ જળને પ્રદુષિત ન કરે.

૧૨. મ્યુ. સોલીડ વેસ્ટને ચેઈનડોઝર જેવી મશીનરી વડે પ્રેસ કરી તેના પર માટી, છારૂ વિગેરે નાખી ઢાંકી દેવો જોઈએ. તેના પર જંતુનાશક દવા-પાવડર વિગેરેનો છંટકાવ કરી માખી બેસવી કે દુર્ગંધ વિગેરે ફેલાતી અટકાવી શકાય. મ્યુ. સોલીડ વેસ્ટનો વૈજ્ઞાનિક ઢબે નિકાલ કરવામાં આવે તો ડીસ્પોઝલ સાઈટ ખાતે મ્યુ. સોલીડ વેસ્ટના નિકાલનું ભારણ ઘટાડી શકાય છે અને સંસ્થાને આર્થિક લાભ પણ થઈ શકે.

# બાયોમેડીકલ વેસ્ટ સેફટી

## સંક્ષિપ્ત પાંચ માર્ગદર્શિકા

- ☛ બાયોમેડીકલ વેસ્ટ રાખવામાં આવેલ કન્ટેઈનર પર જેતે તબીબી સંસ્થાનું નામ અવશ્ય લખવું.
- ☛ બાયોમેડીકલ વેસ્ટનું વહન એ રીતે કરવું જેથી વેસ્ટ ફલોર પર સીધે-સીધો ન સ્પર્શે.
- ☛ કામગીરી સાથે સંકળાયેલા તમામ કર્મચારીનું સમયાંતરે મેડીકલ ચેક-અપ કરાવવું.
- ☛ આ કામગીરી સાથે સંકળાયેલ તમામ કર્મચારીએ હેન્ડ ગ્લોઝ, ગમબૂટ, માસ્ક, હેલ્મેટ અવશ્ય પહેરવા.
- ☛ બાયોમેડીકલ વેસ્ટ રાખવાની જગ્યા તથા બાયોમેડીકલ ટ્રીટમેન્ટ પ્લાન્ટ હંમેશા જંતુમુકત રાખવા.





## (III) બાયોમેડીકલ વેસ્ટ સેફ્ટી

**જૈવિક તબીબી કચરાના એકત્રીકરણ, પરિવહન કરતી વેળાએ ધ્યાને લેવા જોગ સલામતી :–**

૧. જૈવિક તબીબી કચરાના ઉત્પતિ સ્થાન ઉપર યોગ્ય કલર કોડવાળા કન્ટેઈનર રાખવા જોઈએ તથા બાયોમેડીકલ વેસ્ટ હેન્ડલીંગ રૂલ્સ મુજબ વર્ગીકૃત કરેલો કચરો એકત્રિત કરવો જોઈએ. આ કચરાને ઘન-કચરા સાથે મિશ્રિત થવા દેવો ન જોઈએ.

૨. તિક્ષ્ણ ધારવાળા કચરાને પંકચર પ્રુફ કન્ટેઈનરમાં જંતુમુકત પ્રવાહીમાં રાખવો જોઈએ.

૩. ડીસ્પોઝેબલ પ્લાસ્ટિક કચરાને ફરીથી વાપરી ન શકાય તે માટે ટુકડા કરીને જંતુમુકત કરી પ્લાસ્ટિક બેગમાં અલગથી રાખવો જોઈએ.

૪. આવા તમામ જૈવિક તબીબી કચરાને રાખવામાં આવેલ કન્ટેઈનર પર જેતે તબીબી સંસ્થાનું નામ નિર્દિષ્ટ કરવું જોઈએ.

૫. જૈવિક તબીબી કચરો ૪૮ કલાકમાં નિકાલ કરવો જરૂરી છે. અનિવાર્ય સંજોગોમાં ૨૪ કલાકથી વધુ સંગ્રહ કરવાના સંજોગોમાં પ્રાથમિક તબક્કાનું શુધ્ધિકરણ કરવું જોઈએ.

૬. જૈવિક તબીબી કચરાનું સંગ્રહ સ્થાન દર્દીઓના વોર્ડથી દુર હોવુ જોઈએ.

૭. બાયોમેડીકલ વેસ્ટના વહન દરમ્યાન તેના વેસ્ટ ફલોર પર સીધે-સીધો સ્પર્શ ન થાય તે પ્રમાણે તેનું વહન કરવું જોઈએ, એટલે કે પ્લાસ્ટિક કન્ટેઈનરમાં જ વહન કરવુ જાઈએ.

૮. ટ્રાન્સપોર્ટ વાહન દરરોજ ધોઈ જંતુમુકત રાખવું જોઈએ.

૯. જૈવિક તબીબી કચરાના એકત્રીકરણ, પરિવહન અને તેના નિકાલની કામગીરી સાથે સંકળાયેલ વ્યકિતઓની સમયાતંરે તબીબી તપાસ કરાવવી જોઈએ.

૧૦. આ કામગીરી સાથે સંકળાયેલ તમામ કર્મચારીઓ બાયોમેડીકલ વેસ્ટના સીધા સંપર્કમાં ન આવે તે માટેના સલામતીના સાધનો જેવા કે ગ્લોવ્ઝ, ગમબુટ, માસ્ક, હેલ્મેટ વિગેરે અવશ્ય પહેરીને જ કામ કરવું જોઈએ.

૧૧. બાયોમેડીકલ વેસ્ટ રાખવાની જગ્યા તેમજ બાયોમેડીકલ વેસ્ટ ટ્રીટમેન્ટ પ્લાન્ટ દૈનિક ધોરણે ધોઈને જંતુમુકત રાખવો જોઈએ.


૧૨. ભઠ્ઠી (ઈન્સીનરેશન) થયા પછી ઉત્પન્ન થયેલી એશ (રાખ)ને નિયત કરવામાં આવેલ લેન્ડફીલ સાઈટ પર જ ડીસ્પોઝ કરવી જોઈએ તથા ટ્રીટેડ બાયોમેડીકલ વેસ્ટ બંધરૂમમાં સંગ્રહ કરવો જોઈએ જેથી તેનું ગળતણ ટાળી શકાય.


(IV) **રાત્રે સ્ક્રેપીંગ / બ્રશીંગ કામગીરી દરમ્યાન ધ્યાને રાખવા જોગ સેફ્ટી**

- રાત્રિ દરમ્યાન સ્ક્રેપીંગ / બ્રશીંગની કામગીરી કરતી વેળાએ હેન્ડ ગ્લોવ્ઝડ, માસ્ક, ગમબુટ, હેલ્મેટ અને રિફલેકટેડ જેકેટ અવશ્ય પહેરવા.
- કામગીરીમાં રોકવામાં આવેલ વાહનોની આગળ / પાછળ રીફલેકટીવ રેડિયમ પટ્ટીઓ તેમજ ભય-સૂચક બોર્ડ ચિતરાવવું.
- કામગીરીના સ્થળે રીફલેકટીવ રેડિયમ પટ્ટી/લાલ કલરવાળુ ‘‘કામગીરી ચાલુ છે’’ તેવું દર્શાવતું બોર્ડ હોવુ જોઈએ. (SMC - SCRAPPING / BRUSHING - MEN AT WORK)
- વપરાશમાં લેવામાં આવતા બ્રશનાં હાથાના છેડે તેમજ હાથલારી પર રીફલેકટીવ રેડિયમ પટ્ટી અવશ્ય લગાવવી.
- રાત્રિ દરમ્યાન કરવામાં આવેલ સ્ક્રેપીંગ / બ્રશીંગની કામગીરી દરમ્યાન નીકળતી માટી / ધૂળ વિગેરે મટીરીયલનું બંધ બોડીના વાહનમાં તેનું પરિવહન કરવુ જાઈએ.
- કામગીરીના સ્થળને ટ્રાફિક ઝોન જેવા સાધનોથી કોર્ડન કરી રીફલેકટીવ રેડિયમ પટ્ટીઓ લગાવવી જોઈએ, જેથી અકસ્માત નિવારી શકાય.

# વ્યકિતગત સેફટી
# સંક્ષિપ્ત પાંચ માર્ગદર્શિકા

- ☛ સ્વ રક્ષણ માટે સંબંધિત સેફટીને લગતા તમામ નિયમો જાણો, સમજો અને અમલ કરો.
- ☛ સેફટીના સંબંધિત સાધનો જેવા કે હેલ્મેટ, સેફટી ગોગલ્સ, ફેઈસ પ્રોટેકશન શીલ્ડ, ગ્લોવ્ઝ, એપ્રન, સેફટી શુઝ વિગેરેનો અવશ્ય ઉપયોગ કરવો.
- ☛ દાદર હંમેશા રેલીંગ પકડીને ચાલો.
- ☛ વાહન ચલાવતી વખતે ટ્રાફિકના તમામ નિયમોનો અમલ કરો.
- ☛ ટુ વ્હીલર પર સવારી કરતી વ્યકિતના કપડાં, સાડી, દુપટ્ટો એ રીતે રાખવા કે જેથી અકસ્માત ન થાય


OBSERVE
SAFETY
IN ALL
WALKS
OF LIFE


ACCIDENT OR
SAFETY
CHOICE IS YOURS
PENALTY
COULD BE
DEATH

# (૧૧) વ્યકિતગત સેફટી

૧. માથાના રક્ષણ માટે હેલ્મેટનો, આંખના રક્ષણ માટે સેફટી ગોગલ્સનો, પગના રક્ષણ માટે સેફટી સુઝ, ગમ બુટ વિ. નો ઉપયોગ કરો.

૨. મોઢા પર કેમિકલ, ગરમ પાણી કે વાયુ ન લાગે એ માટે ફેઈસ પ્રોટેકશન શીલ્ડ વાપરો.

૩. વધારે અવાજ સામે રક્ષણ મેળવવા માટે ઈયર પ્લગ / મફનો ઉપયોગ કરો.

૪. હાથ અને આંગળીઓના રક્ષણ માટે કેન્વાસ / રબર / પીવીસી ના મોજા વાપરો.

૫. શરીરના રક્ષણ માટે કોટન, પીવીસી એપ્રન / સુટ નો ઉપયોગ કરો.

૬. શ્વસન ક્રિયાના રક્ષણ માટે કેનીસ્ટર, ફુલ ફેસ માસ્ક, સેલ્ફ કન્ટેઈન્ડ બ્રીધીંગ એપરેટર સેટ વિગરે નો ઉપયોગ કરો.

૭. પડવાથી બચવા સેફટી બેલ્ટ વાપરો.

૮. દાદર હંમેશા રેલીંગ પકડીને ચાલો.

૯. તમે જે સ્થળે કામ કરો છો ત્યાં સલામતીના તમામ નિયમો પાળો

૧૦. કાર ચલાવતી વખતે હંમેશા સેફટી બેલ્ટ બાંધો.

૧૧. વાહન ચલાવતી વખતે ટ્રાફીકના તમામ નિયમો પાળો. ચાલુ વાહને મોબાઈલ પર વાતો કરવી નહી તથા વાહન ચલાવનારનું ધ્યાન બીજે દોરવવું નહીં.

૧૨. ટુ વ્હીલર પર સવારી કરતી વ્યકિતના કપડા, સાડી, દુપટ્ટો વિગેરે એ રીતે રાખવા કે અકસ્માત ન થાય.







# (૧૨) પ્રાથમિક સારવાર

તબીબી સારવાર મળે તે પહેલાં અથવા દર્દીને ડૉકટરની પાસે હોસ્પિટલમાં પહોંચાડીએ તે પહેલાં દર્દીને જોખમકારક પરિસ્થિતિમાંથી દૂર રાખી, તેની ઈજામાં રાહત થાય કે ઈજામાં વધારો ન થાય કે તેની જાન જોખમમાં ન મૂકાય તેવાં પગલાં ભરવા તેને પ્રાથમિક સારવાર કહેવામાં આવે.

## પ્રાથમિક સારવારનાં હેતુઓ

- ઈજાની સ્થિતિની તપાસ કરવી.
- કેવા પ્રકારની સારવાર આપવાની જરૂર છે, તે નક્કી કરવું અને તે અંગેની પ્રાથમિક સારવાર આપવી.
- યોગ્ય જગ્યાએ ખસેડવાની ગોઠવણ કરવી.

શરીરનાં સંચાલનમાં શરીરના જુદા જુદા વિભાગો (તંત્રો) મુખ્ય ભૂમિકા ભજવે છે. આ તંત્રોમાં ચેતાતંત્ર, પાચનતંત્ર, શ્વસનતંત્ર, ઉત્સર્જન તંત્ર, પ્રજનનતંત્ર મુખ્ય છે.

## ઘા :

કોઈપણ ઈજાથી ચામડી ચીરાઈને તેમાંથી લોહી નીકળે તેને જખમ કે ઘા કહેવાય છે. ડ્રેસિંગ કરતી વખતે ઘાને સૌ પ્રથમ સ્વચ્છ પાણી અથવા જંતુનાશક પ્રવાહીથી સાફ કરવો. ઘામાં કચરો કે કરચ હોય અને તેને સાફ કરી શકાય તેમ હોય તો તેને દૂર કરવા. ઘા ઉપર જંતુનાશક મલમ, પ્રવાહી કે પાવડર લગાવી તેના ઉપર પટ્ટી મુકવામાં આવે છે. જખમ ઊંડો હોય તો પાટો બાંધવાની પણ જરૂર રહે છે.

## રકતસ્ત્રાવ :

રકતસ્ત્રાવ બે પ્રકારના છે.

૧. બાહ્ય રકતસ્ત્રાવ　　　૨. આંતરિક રકતસ્ત્રાવ

## લક્ષણો :

ચક્કર આવવા, પડી જવું, શરીરની ચામડી ફિક્કી / ઠંડી પડી જવી. નાડીના ધબકાર ખૂબ ઝડપી પણ અનુભવી ન શકાય તેવા થઈ જાય. શ્વાસ લેવામાં મુશ્કેલી પડે. ખૂબ પરસેવો થવો. દર્દીને ખૂબ તરસ લાગે.

# પ્રાથમિક સારવાર સેફટી

## સંક્ષિપ્ત પાંચ માર્ગદર્શિકા

- ☛ કોઈપણ પ્રકારની ઈજા, અકસ્માત, હોનારત વખતે ઈજાગ્રસ્ત વ્યકિતને તમામ સંબંધિત પ્રાથમિક સારવાર આપો.

- ☛ અકસ્માત બાદ શરૂઆતનો સમય ખુબ જ કિંમતી હોય તાત્કાલિક પ્રાથમિક સારવાર આપો અને જરૂર જણાયે નજીકના તબીબ, હોસ્પીટલમાં લઈ જવું.

- ☛ કાર્યસ્થળે પ્રાથમિક સારવાર પેટીમાં માન્ય દવાઓજ રાખો.

- ☛ જરૂર જણાયે ફોન નં. ૧૦૮ પર ફોન કરી ઈ.એમ.આર.આઈ. એમ્બ્યુલન્સ તથા ફાયર બ્રિગ્રેડની મદદ મેળવી શકાય.


- ☛ કાર્યસ્થળની આજુબાજુના તબીબ, હોસ્પિટલના નામ, સરનામાં તથા ફોન નંબર રાખવા.




MAINTAIN YOUR FIRST-AID BOX

## શું કરશો ?

ઘા ઉપર સીધુ દબાણ મુકો. જો લોહી નીકળતું હોય તો તેને હ્રદયથી ઉપરના ભાગમાં રાખવાથી બહાર વહેતાં લોહીનું દબાણ ઓછું થઈ જશે, લોહી બંધ કરવા ડ્રેસિંગ મુકીને પાટો બાંધવો. લોહી વહેતું અટકાવવા માટે આડકતરા દબાણનો પણ ઉપયોગ કરી શકાય. વધારે મજબૂત - સખત રીતે પાટો બાંધવો નહીં.



## આંતરિક રકતસ્ત્રાવ :

આંતરિક રકતસ્ત્રાવ એ બાહ્ય રકતસ્ત્રાવ કરતાં વધારે ગંભીર અને જોખમી છે.

## હાડકાંની ઈજાઓ :

હાડકામાં તડ પડે, કે બે ભાગ થઈ જાય તેને ફ્રેકચર કે અસ્થિભંગ કહેવામાં આવે છે.

## ફ્રેકચરના લક્ષણો :

ફ્રેકચરની જગ્યાએ અને તેની આજુબાજુના ભાગમાં અડવાથી કે દબાવવાથી પણ ખૂબ દુખાવો થાય. સોજો આવવો. ફ્રેકચરવાળા ભાગની સામાન્ય હલનચલનમાં તકલીફ પડે. ભાગ-બેડોળ બની જાય. ઘણીવાર અવયવ - હાથપગના આકારમાં ફેરફાર થઈ જાય. અવયવ કે હાથ-પગ લબડી પડે. ફ્રેકચરની જગ્યાએ ખાડા જેવું લાગે. તૂટેલું હાડકું બીજા ભાગ સાથે ઘસાય તો અવાજ થાય.

## શું ધ્યાન રાખવું ?

બીજી ઈજાઓની તપાસ કરવી. લોહી વહેતું હોય તે ભાગની સારવાર પહેલાં કરવી. સ્થળ ઉપર જ ફ્રેકચરની પ્રાથમિક સારવાર કરવી.

## ફ્રેકચરની પ્રાથમિક સારવાર :

## શું કરશો ?

ફ્રેકચર થયેલ ભાગને સ્થિર કરવો અને ટેકો આપવો જરૂરી છે જેથી બિન જરૂરી હલનચલન અટકાવી શકાય અને વધારે નુકશાન થતું રોકી શકાય. રકતસ્ત્રાવ તથા

અન્ય ઈજાઓની પણ સારવાર કરવી. હલનચલન અટકાવવા માટે પાટાઓ અથવા ખપાટિયા (Splint) નો ઉપયોગ કરી શકાય.

## શું કરશો નહીં ?

બિન જરૂરી હલનચલન ન થવા દેવું. હાડકાંના છેડાઓને પાસે લાવવાનો કે ફ્રેક્ચર ઠીક કરવાને પ્રયત્ન કરવો નહીં.


## કેટલાક હાડકાંના ફ્રેક્ચર અને તેની પ્રાથમિક સારવાર :

### પાંસળી ફ્રેક્ચર :

પહોળા પાટા છાતીને ફરતે બાંધી પાંસળીનું વધારે હલનચલન ન થાય તે જોવું.

### હાથનું ફ્રેક્ચર :

ખભાનું હલનચલન અટકાવવા માટે હાથને છાતી સાથે બાંધી સ્થિર કરવો. કોણીનું હલનચલન અટકાવવા હાથને ઝોળી વડે સ્થિર કરવો.



### કોણી અને કાંડા વચ્ચેનું ફ્રેક્ચર :

કાંડાને ખપાટિયા વડે સ્થિર કરવો અને હાથને ઝોળી વડે સ્થિર કરવો.




### કાંડાથી આગળનાં હાથ તથા આંગળીઓનું ફ્રેક્ચર :

કાંડા અને આંગળીઓને ખપાટિયા વડે ટેકો આપી સ્થિર કરવાં.



**થાપાનું ફ્રેકચર :**

દર્દીનું હલનચલન અટકાવવું બંને પગને એકબીજા સાથે બાંધી સ્થિર કરવાં.




**ફીમરનું ફ્રેકચર :**

દર્દીનું હલનચલન અટકાવવી લાબાં ખપાટિયા વડે પગને સ્થિર કરવાં.



**પગનું ફ્રેકચર :**

પગને લાંબા ખપાટિયા વડે કે બીજા પગ સાથે બાંધી સ્થિર કરવો. ઘૂંટી અને પગનાં તળિયાને અંગ્રેજી આઠ (8) આકારના પાટા વડે સ્થિર કરવાં.



**મચકોડાટ :**

**શું કરશો ?**

અસરવાળા ભાગને આરામદાયક પરિસ્થિતમાં ગોઠવો. ઈજાગ્રસ્ત ભાગને ઝોળી કે ખપાટિયા વડે ટેકો આપવો. ઠંડા પાણીના પોતા મૂકો.

**બેભાનવસ્થા – બેશુદ્ધિ – મૂર્છા – આઘાત :**

દર્દીના મગજ તથા જ્ઞાનતંતુની સામાન્ય ક્રિયાઓમાં અવરોધ આવે તો દર્દી ઘણી વાર ભાન ગુમાવી દે છે. જેને બેભાનવસ્થા કહેવામાં આવે છે.

**બેભાન દર્દીની સારવાર :**

દર્દીને આરામદાયક પરિસ્થિતમાં ગોઠવી, માંથુ એક પડખે રાખવું. દર્દીને શ્વાસ

રુંધાતો નથી તેનું ધ્યાન રાખવું. જરૂર પડે તો કૃત્રિમ શ્વાસોચ્છવાસ આપવો. રકતસ્ત્રાવ થતો હોય તો તેને બંધ કરવો. ફ્રેક્ચર થયું હોય તેવું લાગતું હોય તો તે ભાગને ખપાટિયા વડે ટેકો આપી સ્થિર કરવો. હોસ્પિટલ લઈ જવાની વ્યવસ્થા કરવી. દર્દીને મોં વાટે કંઈ આપવું નહીં.

## વાઈ, ખેંચ, ફેફરું :

આખું શરીર ખેંચાય, હાથ પણ ખેંચાય જાય, બેભાન થઈ જવાય, આંખના ડોળા ઉપર ચઢી જાય, મોઢામાં ફીણ આવી જાય, ઘણી વાર જીભ કચડાઈ જાય કે કપડામાં પેશાબ પણ થઈ જાય. હુમલો ૧ થી ૨ મિનિટ ચાલે પછી દર્દી શાંત થઈ જાય છે.

### શું કરશો ?

દર્દીને પડખાભેર સુવડાવો. મોઢામાં રૂમાલ, જેવી પોચી વસ્તુઓ ભરાવો જેથી જીભ કચડાય નહીં. દર્દીને વાગી ન જાય તેનું ધ્યાન રાખો.

### શું કરશો નહી ?

દર્દીને જોરથી દબાવવો નહીં તથા જડબાને જોરથી ખોલવાની કોશિશ કરવી નહીં. ચમચી જેવી સખત વસ્તુઓ મોઢામાં નાંખવી નહીં. ડુંગળી કે ચપ્પલ સુંઘાડવું નહીં.

## ઝેર અને તેની સારવાર :

### શું કરશો ?

દર્દીની શારીરિક પરિસ્થિતિનું નિરીક્ષણ કરો. ધબકારા તથા શ્વાસ બરાબર ચાલે છે કે નહી તે જુઓ. દર્દી ભાનમાં છે કે બેભાન તે જુઓ. દર્દીએ કંઈ વસ્તુ મોંથી લીધી છે તે જાણવાનો પ્રયત્ન કરો. દર્દીનું મોં કે જીભ શકય હોય તો દાઝી ગયું છે કે નહીં તે તપાસો. જો દર્દી ભાનમાં હોય અને તેનું મોઢું કે હોઠ દાઝેલા ન હોય તો તેને ઉલટી કરાવવી. દાઝેલા જણાય તો ઉલટી કરાવવાનો પ્રયત્ન કરવો નહીં. બેભાન થયા હોય તેવું જણાય તો તેને ઉલટી કરાવવી નહીં. માંથુ એક બાજુ રાખી ઊંધો સુવડાવવો. તાત્કાલિક દવાખાને ખસેડવાનો પ્રયત્ન કરો.

## સર્પદંશ :

દર્દીને સાંત્વના આપો. ઝેર શરીરમાં ન ફેલાય તે માટે ડંખના ઉપરના ભાગમાં

મજબૂત પાટો કે ઈલાસ્ટિક બેન્ડેજ બાંધવો દર દશ મિનિટે તેને અડધી કે એક મિનિટ માટે ઢીલો કરવો.




ઘાની આજુબાજુ સ્ટરીલાઈઝ્ડ કે નવી બ્લેડ વડે થોડા કાપા પાડીને લોહીને વહેવા દેવું. જેથી ઝેર બહાર નીકળી જાય. ઝેર ચૂસવાનો પ્રયત્ન જોખમી બની શકે છે તેથી કરવો નહીં.

## શ્વાસ અવરોધ :

શ્વાસોચ્છવાસનું સરાસરી પ્રમાણ દર મિનિટે ૧૬ થી ૧૮ છે.

### શ્વાસ અવરોધની નિશાનીઓ :

આંખને ઝાંખ લાગે અને નબળાઈ આવે. શ્વાસ લેવામાં ઘટાડો થાય અને મુશ્કેલી પડે. નાડી ઝડપથી ચાલે છે. થોડી બેશુદ્ધિ લાગે. ગાલ તથા હોઠ ભૂરા થઈ જાય.

## ડૂબી જવું.

### શું કરશો ?

દર્દીને પાણીની બહાર કાઢી નાંખવો. મોઢું ગરદન સાફ કરવાં, મોઢું એકબાજુ રહે તે રીતે રાખીને ઊંધો સૂવડાવવો, પેટ નીચે ચાદર કે ટુવાલ ઘડી વાળીને રાખી પીઠ ઉપર દબાણ આપવું. જેથી પેટમાંથી અને છાતીમાંથી શકય હોય તેટલું પાણી બહાર નીકળી જાય. જરૂર પડે તો કૃત્રિમ શ્વાસોચ્છવાસ આપવા.

## ગળાનું રૂંધાવું (ચોકિંગ) :

ઘણી વાર નાના બાળકોમાં રમતમાં નાકમાં કોઈ વસ્તુ જતી રહે અને તેનાથી શ્વસનમાર્ગમાં અવરોધ પેદા થાય છે જે જીવલેણ પણ બને છે.

### શું કરશો ?


બાળકને પગથી ઊંધું પકડવું અને તેનું પેટ, છાતી પગ ઉપર રહે તે રીતે રાખી, બાળકની પીઠ ઉપર ધબ્બો મારવો. મોટી ઉંમરની વ્યકિતમાં વ્યકિતની પાછળ



ગોઠવાઈને તેના પેટની ઉપરની બાજુએ જોરથી ઝાટકાથી દબાણ આપવાથી ફેફસામાં એકદમ દબાણ આપવાથી ફસાયેલ વસ્તુ બહાર નીકળી શકે છે.

## ઝેરી વાયુથી થતી ગુંગળામણ ? ઝેરી ગેસ હોય તો શું કરશો ?

ગેસ હલકો હોય તો તેવી જગ્યાએ નીચે વાંકા વળીને જવું. જો ગેસ હવા કરતા ભારે હોય તો સીધા ટટ્ટાર થવું. દર્દીને તાત્કાલિક ખૂલ્લી હવામાં ખસેડવો. કૃત્રિમ શ્વાસોચ્છ્વાસ આપવો.




## કલોરીન ગેસ લાગવાથી

### શું કરશો ?

વ્યકિતને જલ્દીથી ચોખ્ખી હવામાં ખસેડો. વ્યકિતના કપડાં ઢીલા કરો અને તેને ગરમ રાખો. વ્યકિતને શ્વાસોચ્છ્વાસમાં તકલીફ હોય તો કૃત્રિમ (આર્ટીફીશીયલ) શ્વાસોચ્છ્વાસ આપો. ડોકટર પાસે તાત્કાલીક લઈ જાવ. શરીર પર કે આંખમાં કલોરીન લાગ્યો હોય તો તેને ૧૫ મીનીટ પાણીથી સાફ કરો. ડોકટરની સલાહ સિવાય કોઈપણ જાતનો મલમ લગાડશો નહિ. વ્યકિત જો બેભાન હોય તો તેને મોઢા વાટે પ્રવાહી કે બીજો પદાર્થ આપશો નહિ.

## કૃત્રિમ શ્વાસોચ્છવાસ

**ત્રણ પ્રદ્ધતિ,**

૧. માઉથ ટુ માઉથ (મોઢાંથી મોઢાંમાં)



૨. હોલ્ગર નેલ્સનની પદ્ધતિ





૩. શેફરની રીત



## બળવા અને દાઝવાથી થતી ઈજાઓ :

માણસનાં કપડાં સળગી ઉઠે ત્યારે કામળો કે ધાબળા જેવી વસ્તુ લઈ તેની આસપાસ વીંટાળી દઈ તેને જમીન ઉપર ચત્તો સુવડાવી દેવો અને આમ કરીને બળતું બુઝાવી દેવું. જો કોઈ માણસના પોતાના કપડાં સળગી ઊઠયાં હોય તો તેણે જમીન પર સૂઈ જઈ ગોળગોળ આળોટવું અને નજીકમાં કાંઈ કપડું કે પાણી દ્વારા આગ બુઝાવવનો પ્રયત્ન કરવો બહાર ખુલ્લી હવામાં ધસી જવું નહીં.



## બળી ગયેલ – દાઝી ગયેલ વ્યકિતની પ્રાથમિક સારવાર

જરૂર ન હોય તો દાઝેલા ભાગને અડવું નહીં. બળેલાં કપડાં - શરીરને ચોંટી ગયેલ કપડાં કાઢવાં નહીં. દાઝેલા ભાગ ઉપર ઠંડુ પાણી રેડવું. આઘાતની સારવાર કરવી. જો રાસાયણિક પદાર્થોથી બળવાનું બન્યું હોય તે બળી ગયેલા ભાગ ઉપર છુટથી પાણી રેડવું. ફોલ્લા ફોડવા નહીં. દાઝ્યા ઉપર ધૂળ નાંખવી નહીં.



## વિજળીનો કરંટ / આંચકો લાગવાથી

### શું કરશો ?

વિદ્યુત પ્રવાહ અટકાવવા મુખ્ય સ્વીચ બંધ કરવી. જો તે તુરંત શકય ન જણાય તો વીજળીની ચાંપો (સ્વીચીસ) શોધવામાં સમય ન વેડફતા ઈજાગ્રસ્તને વીજપ્રવાહથી દુર કરો. આ પ્રક્રિયા દરમ્યિાન તમે પોતે વીજઘાતનો ભોગ ન બનો તેની કાળજી લો. વીજ આંચકાથી બચીને ઈજાગ્રસ્તને દૂર કરવા માટે રબર મેટ, રબરના વિશ્વનીય હાથ મોંજા (હેન્ડ ગ્લોવ્ઝ), સૂકું લાકડું, સૂકું દોરડું, સૂકું જાડું કપડું અથવા કાગળના જાડા બંડલનો ઉપયોગ કરો. આ કામગીરી દરમ્યાન તબીબી મદદ મેળવાની વ્યવસ્થા પણ કરો. જો વિજ આંચકાને કારણે ઈજાગ્રસ્ત વ્યકિત દાઝી ગઈ હોય તો તેને સૂકાં જંતુ રહિત પાટા વડે ઢાંકી દો. ઈજાગ્રસ્તની આસપાસ સ્વચ્છ હવાની અવરજવર અવરોધાય તે રીતે લોકોના ટોળાને ભેગા ન થવા દો. ઈજાગ્રસ્ત ને કૃત્રિમ શ્વાસોચ્છવાસની સારવાર આપો. શકય હોય તો મોઢા ઉપર મોઢું રાખીને શ્વાસોચ્છવાસ આપવાની પદ્ધતિ પસંદ કરો.



ઈલેકટ્રીક કામ કરતી વખતે વીજની અવાહક વસ્તુ ઉપર ઉભા રહેવું.

લાકડા જેવી અવાહક વસ્તુ વડે શોક લાગનારને ખસેડવો.



**આંખમાં ઈજા :**

આંખ ચોળવી નહીં. આંખમાં કણ કે કે કચરો પડયો હોય તો દર્દીને સુવડાવી આંખના પોપચા ઉપર - નીચે ખેંચી આંખને સ્વચ્છ પાણી વડે સાફ કરવી. કરચ (કણી) આંખમાં ઉપરના ભાગમાં હોય તો જ કાઢવા પ્રયત્ન કરવો. તે ઉંડે ઉતરેલ હોય તો પેડ મુકી ઢીલો પાટો બાંધી તરત દવાખાને મોકલો.

આંખમાં રસાયણ પડયું હોય તો પંદર મિનિટ સુધી ચોખ્ખા પાણીના ફૂવારાથી ધોવું. તે પછી સ્ટરીલાઈઝડ બેન્ડેજ મુકી દર્દીને દવાખાને મોકલવો. આંખમાં કોઈ ન્યુટ્રાઈલાઈઝીંગ પદાર્થ કે મલમ નાંખવો નહિં.



**ઝાડા ઉલ્ટી :**

બાળકને ORS (ઓરલ રિહાઈડ્રેશન સોલ્યુશન) નું દ્રાવણ ખૂબ ઉપયોગી થઈ શકે. એક ગ્લાસ પાણીમાં બે ચમચી ખાંડ અને ચપટી મીઠું નાંખીને ઝડપથી ઘરે જ બનાવી શકાય છે. શરીરમાંથી જેટલું પ્રવાહી ઓછું થાય તેટલું પ્રવાહી આપવું.



# =:: સંદર્ભ પુસ્તિકા ::=


☛ ભારત સરકારશ્રીના શ્રમ અને રોજગાર મંત્રાલય, નવી દિલ્હીના ડાયરેકર જનરલશ્રીનો પત્ર નં. ડી.ઓ./૯૪/૧/૨૦૦૮ તા. ૪/૪/૨૦૦૮.

☛ નેશનલ સેફટી કાઉન્સિલ,મુંબઈના મેગેઝીન, પોસ્ટરો.

☛ ગુજરાત સેફટી કાઉન્સિલ, બરોડા - ૨૦૦૮ સુરક્ષા ડાયરી, મેગેઝીન પોસ્ટર, સુરક્ષા માર્ગદર્શિકા.

☛ ગુજરાત આલ્કલીઝ એન્ડ કેમિકલ્સ લિ. બરોડાની સલામત માર્ગદર્શિકા

☛ જોઈન્ટ ડાયરેકટર, ઈન્ડસ્ટ્રીયલ સેફટી એન્ડ હેલ્થ, સુરતના વિવિધ સંદર્ભો.

☛ લાગુ કાયદાઓ અને રૂલ્સના સંદર્ભો

☛ સલામતીના પગલાંની માર્ગદર્શિકા -૨૦૦૫ સુરત મહાનગરપાલિકા

☛ સુરક્ષા માર્ગદર્શિકા-૨૦૦૪ ડીસ્ટ્રીકટ ક્રાઈસીસ મેનેજમેન્ટ કમિટી-સુરત અને સુરત જીલ્લા કારખાનાનાં નિરીક્ષણ કચેરી, સુરત.

☛ પરફોર્મીંગ એન્ડ ટીચીંગ લાઈફ સેવિંગ સ્કીલ્સ તથા ટીચીંગ ચિલ્ડ્રન ટુ સ્વીમની પુસ્તિકા.

☛ સુરક્ષિત કામદાર - કે. યુ. મિસ્ત્રીની પુસ્તિકા.

☛ સેફટી ઈકવીપમેન્ટ રીવ્યુ મેગેઝીન.

☛ સેફટી મેનેજમેન્ટ - બ્રીટીશ સેફટી કાઉન્સીલ, મેગેઝીન.

☛ ઈન્ટરનેશનલ ફાયર ફાઈટર મેગેઝીન.

☛ ડિઝાસ્ટર મેનેજમેન્ટ એન્ડ પ્રીપેર્ડનેશ પ્લાન સુરત મહાનગરપાલિકા-૨૦૦૮.

☛ જુદી જુદી વેબસાઈટ પરથી ડાઉન લોડ કરવામાં આવેલ વિવિધ આર્ટીકલ્સ અને ફોટોગ્રાફ

☛ સુરત મહાનગરપાલિકાના વિવિધ ખાતાકીય અધિકારીઓના અભિપ્રાયો - સુચનો.

## =: અગત્યનાં ટેલીફોન નંબરો :=

(૧) સુરત મહાનગરપાલિકાની મુખ્ય કચેરી - ૨૪૨૩૭૫૧ થી ૫૬

(૨) ઈ.એમ.આર.આઈ. (EMRI) એમ્બ્યુલન્સ - ૧૦૮

(૩) આગ અકસ્માત - ૧૦૧

(૪) ફાયર કન્ટ્રોલ રૂમ - ૨૪૧૪૧૩૯, ૨૪૧૪૧૯૫ થી ૯૬

(૫) એમ્બ્યુલન્સ - શબવાહિની - ૧૦૨

(૬) પોલીસ - ૧૦૦

(૭) નવી સિવિલ હોસ્પિટલ - ૨૨૪૪૪૫૬ થી ૫૯

(૮) સ્મીમેર હોસ્પિટલ - ૨૩૬૮૦૪૦ થી ૪૩, ૩૯૧૮૯૦૩ થી ૦૯

(૯) સુરત રકતદાન કેન્દ્ર - ૨૫૯૭૭૫૪, ૨૫૯૪૫૯૪

(૧૦) ગુજરાત ગેસ - ૯૯૨૪૦ ૦૪૦૦૦, ૯૯૨૪૦ ૦૩૦૦૦

(૧૧) ટોરેન્ટ પાવર - એસ.ઈ.સી.લી. - ૧૫૫૩૩૩, ૨૪૨૮૨૮૧ થી ૮૩

(૧૨) ડી.જી.વી.સી.એલ (જીઈબી) - ૯૮૭૯૨ ૦૧૨૫૭, ૨૮૦૪૪૯૧